

## પ્રકરણાદિ વિચાર ગર્ભિત

# સ્તવન સંગ્રહ ભાગ-૧

પ્રેરક
પૂ. મુ. શ્રી કૃપાબોધિ વિ. મ.સા.

અનુવાદક
સા. શ્રી ગુપ્તિત્રયાશ્રીજી મ.સા.

# नवतत्त्व की होडी और समुद्र के द्रष्टांत से बोध - समझुती




- ज्ञेय : जीव प्रत्ये दयाभाव करना, रक्षा करना, अजीव प्रत्ये निर्मम भाव रखना ।
- हेय : दुःखदायी पाप-आश्रव- बंध प्रत्ये अरुचि करना ओर उत्तरोत्तर त्याग करना ।
- उपादेय : पुण्य-संवर-निर्जरा ओर मोक्ष प्रति आदर-रुचि ओर उत्साह से पुरुषार्थ करे ।

## પ્રકરણાદિ વિચાર ગર્ભિત

# સ્તવન સંગ્રહ ભાગ-૧

### તાત્વિક, સાત્વિક, માર્મિક સ્તવનોનો રસથાળ

**પ્રેરક**

પ. પૂ. આ. શ્રી સંયમબોધિસૂરીશ્વરજી મ.સા.ના
**શિષ્ય પ. પૂ. મુ. શ્રી કૃપાબોધિવિજયજી મ.સા.**

**અનુવાદક**

પૂ. સા. શ્રી રવિ-રાજ-જ્યોતિરત્નાશ્રીજી મ.સા.ના
**શિષ્યા પૂ. સા. શ્રી ગુપ્તિત્રયાશ્રીજી મ.સા.**

**પ્રકાશક/પ્રાપ્તિસ્થાન**

સ્વ. રાજેશભાઈ સુકૃતનિધિ
C/o જૈનમ્ પરિવાર
૨૨, નાકોડા પાર્ક, સીને પ્રાઇડ ટોકીઝની ગલીમાં
કૃષ્ણનગર - નરોડા રોડ - અમદાવાદ - ૩૮૨૩૪૬
મો. ૮૯૮૦૧-૨૧૭૧૨
મુંબઈ - ધવલભાઈ - ૯૭૬૯૦૮૮૮૫૧

| | | |
|---|---|---|
| પુસ્તકનું નામ | : | પ્રકરણાદિ વિચાર ગર્ભિત<br>સ્તવન સંગ્રહ ભાગ-૧ |
| રચયિતા | : | પ્રાચીન મહાત્માઓ |
| પ્રેરક | : | પૂ. મુ. શ્રી કૃપાબોધિવિજયજી |
| સંપાદિકા | : | પૂ. સા. શ્રી ગુપ્તિત્રયાશ્રીજી મ.સા. |
| મૂલ્ય | : | ૧૩૦/- |
| આવૃત્તિ | : | પ્રથમ |
| નકલ | : | ૧૦૦૦ |

## લાભાર્થી

તત્વપ્રેમી-શ્રુતપ્રેમી

## ઇન્દુમતીબેન રમણીકલાલ શાહ

જૈનનગર, પાલડી

અમદાવાદ

# સમજ – શ્રદ્ધા – સંવેદનાનો ત્રિવેણી સંગમ

તત્વાર્થસૂત્રમાં મોક્ષમાર્ગનું વર્ણન કરતા વાચકવર્ગ શ્રી ઉમાસ્વાતિજી જણાવે છે – **'ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः'** પણ મહદંશે જીવો માટે જ્ઞાન કંટાળાનો વિષય અને ચારિત્ર કઠિનતાનો વિષય બને છે. જ્યારે દર્શન(ભક્તિ) સરળતા અને પ્રસન્નતાનો વિષય બને છે...

તો સામે પક્ષે શાસ્ત્રો લખે છે મોક્ષે પહોંચવા ભક્તિમાર્ગ લાંબો માર્ગ છે જ્યારે સમ્યગ્ ચારિત્રએ ટુંકોમાર્ગ છે...

આમ, ભક્તિમાર્ગ કે દર્શન ઉપાસના એ સરળ પણ લાંબો માર્ગ છે... જ્યારે જ્ઞાનમાર્ગ કે ક્રિયામાર્ગ એ કઠિન પણ ટુંકો માર્ગ છે... એટલે જે આરાધનામાં/સાધામાં રસાળતા જળવાય ત્યાં ટુંકાણ ન જળવાય... અને ટુંકાણ જાળવવા જતા (ઇન્સન્ટ રીઝલ્ટ મેળવવા જતા) આરાધનામાં રસાળતા – સરળતા ન જળવાય. બહુધા જીવોની ઇચ્છા સરળ-રસાળની સાથે ટુંકો માર્ગ જ પસંદ કરવાની હોય છે.

પ્રસ્તુત પુસ્તકમાં આવો જ એક સરળ-રસાળ પણ ઇન્સન્ટ રીઝલ્ટ આપનારો ટુંકો રસ્તો દેખાડવામાં આવ્યો છે. માધ્મય લીધું છે ભક્તિનું, પ્રભુની સ્તવનાનું... પણ તેમાં વર્ણવ્યો છે જ્ઞાનમાર્ગ, ચારિત્રમાર્ગ, ધ્યાનમાર્ગ...

❄ હા, પ્રસ્તુત પુસ્તકમાં

૧. જીવવિજ્ઞાનનું વર્ણન કરનારું, સંવત ૧૭૧૨ માં એટલે લગભગ ૩૬૭ વર્ષ પૂર્વે **પૂ. વૃદ્ધિવિજયજીએ** રચેલું ૮૪ગાથાનું **જીવવિચારનું** સ્તવન...

૨. જિનશાસનના સમગ્ર તત્વજ્ઞાનને સમાવનારું, તત્વવિજ્ઞાનની પ્રસિદ્ધિને પામનારું, સંવત ૧૭૬૬ એટલે ૩૧૩ વર્ષ પૂર્વે **પૂ. ભાગ્યવિજયજીએ** રચેલ, ૧૬૭ ગાથાનું **નવતત્વનું** સ્તવન...

૩. બધા પદાર્થોનો સંગ્રહ કરનારા પરમાત્મા મહાવીર દેવની સ્તુતિથી ગર્ભિત **દંડક** સૂત્ર ઉપરનું ૧૦૨ ગાથાનું પૂ. પદ્મવિજયજીનું સ્તવન...

૪. દંડક સૂત્ર અંતર્ગત **ગતિ-આગતિના** પદાર્થોને દેખાડતું ૩૩ ગાથાનું નાનું પણ અતિ મહત્વનું સંવત ૧૭૨૯નું **પૂ. ધર્મચંદ્રજીનું** પ્રાચીન સ્તવન...

૫. **સીમંધરસ્વામીની** ભક્તિને દેખાડનારું, જંબુદ્વીપનું વર્ણન કરનારું (**લઘુસંગ્રહણીના** પદાર્થોને વર્ણવતું) ૨૩ ગાથાનું – સંવત ૧૮૨૧નું એઠલે લગભગ ૨૫૮ વર્ષ પ્રાચીન **પૂ. સ્વરૂપચંદજીનું** સ્તવન...

૬. સંવત ૧૮૧૪ નું **પૂ. પદ્મવિજયજીનું** પ્રભુ ઋષભની પાટે થનારા અનેક રાજાઓના સિદ્ધિગતિ ગમનને તથા અનુત્તર વિમાનમાં થતા ગમનને દેખાડનારું **સિદ્ધદંડિકાનું** ૩૮ ગાથાનું રોચક સ્તવન... તથા,

૭. **પૂ. ભાવવિજયજીએ** સંવત ૧૬૯૬માં રચેલ, એટલે કે લગભગ ૪૦૦ વર્ષ પ્રાચીન ૪ ધ્યાનનું વર્ણન કરનારું એટલે કે અદ્ભૂત સાયકોલોજીના વર્ણનાત્મક ૧૮૪ ગાથાની **સજ્ઝાય** અત્રે પ્રથમ ભાગમાં રજૂ કરાય છે...

- ૨ વર્ષ પૂર્વે શ્રુતપ્રેમી શ્રાવકવર્ય બાબુભાઇ સરેમલજીએ જીર્ણશીર્ણ થયેલ પ્રકરણાદિ વિચાર ગર્ભિત સ્તવન સંગ્રહ પુસ્તક આપી પુનઃ પ્રકાશન કરવાનું સૂચન કર્યું. પરમ ઉપકારી, પ્રભુવીર છદ્મસ્થ સર્વસ્વ તપ કારક (૪૧૬૬ ઉપવાસ) ગુરુદેવ શ્રી પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયસંયમબોધિસૂરીશ્વરજી મ.સા.** સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ પૂ. સંઘસ્થવિર બાપજી મ.સા. ના સમુદાયના યુવાચાર્ય પ. પૂ. આ. શ્રી નરરત્નસૂ. મ.સા.ના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજી શ્રી **રવિ-રાજ-જ્યોતિરત્નાશ્રીજીના** શિષ્યા સ્વાધ્યાય પ્રેમી **પૂ. સા. શ્રી ગુપ્તિત્રયાશ્રીજી મ. (પૂ. બા.મ.સા.)** ને આ કાર્ય સોંપ્યું. પૂ. સાધ્વીજી ભગવંત દ્વારા સૌ પ્રથમ પ્રાચીન લિપિમાં ગુંથાયેલા આ સ્તવનોને આધુનિક લિપિમાં ઢાળવામાં આવ્યા. પૂ. સાધ્વીજી ભગવંતે જ તેનો યથાક્ષયોપશમ ભાવાનુવાદ કર્યો... ત્યારબાદ પ્રાચીન પ્રકાશન હોવાથી ભાષાકીય ઘણી અશુદ્ધિઓ હતી. સંશોધન નિપુણમતિ **પ. પૂ. આ. શ્રી મુનીચંદ્રસૂરીશ્વરજી મ.સા.**ના સૂચન અને સહાયથી

કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર – કોબા તરફથી અમુક સ્તવનોની હસ્તપ્રતો પ્રાપ્ત થઇ... જીવવિચાર તથા સિદ્ધદંડિકા સ્તવનની અશુદ્ધિઓ હસ્તપ્રત દ્વારા શુદ્ધ કરવાનું કાર્ય **પૂ. સાધ્વીજીશ્રી નમ્રાશયાશ્રીજી મ. (પૂ. બેન મ.સા.)** ખૂબ ઉલ્લાસપૂર્વક પૂર્ણ કર્યું... જોડણી કોશ દ્વારા પણ બાકીના સ્તવનોની ભાષાકીય શુદ્ધિ કરી છતાં હસ્તપ્રતના અભાવે સંપૂર્ણ શુદ્ધિ થઇ ન શકી... ઘણા સ્થાનોના ભાવાનુવાદમાં દેશી શબ્દો ઉકેલવા અઘરા પડ્યા – ઘણી મહેનત તથા ઊંડી વિચારણા પછી અમુક સ્થળે સંગત અર્થ ખુલી ગયા પણ ક્યાંક સંગત અર્થ ન ખૂલતા મૂળ શબ્દ જ જેમનો તેમ રાખેલ છે તે વાચકવર્ગ ધ્યાનમાં લે...

- **પૂ. સા. શ્રી લાભશ્રીજી મ.સા.** ની પ્રેરણાથી **જૈનધર્મ પ્રસારક સભા (ભાવનગર)** તરફથી ભાવાનુવાદ વગરની માત્ર સ્તવનની બુક ઘણા વર્ષો પૂર્વે પ્રકાશિત થયેલ તેની ખૂબ-ખૂબ અનુમોદના...
- હાલ માત્ર ૮ સ્તવન અર્થ સહિત પ્રકાશિત થાય છે. હજી કર્મગ્રંથ-ગુણસ્થાનક વગેરે ઘણા સ્તવનોનું પ્રકાશન બીજા ભાગમાં કરવાની ભાવના છે...
- પ્રાંતે **પૂ. સા. શ્રી ગુપ્તિત્રયાશ્રીજી મ.સા.** તથા **પૂ. સા. શ્રી નમ્રાશયાશ્રીજી મ.સા.** ને પણ ખૂબ ધન્યવાદ સહ. આવા શ્રુતસંશોધન – સંવર્ધનના કાર્યમાં રમમાણ રહી સુંદર પ્રકાશનો શ્રીસંઘના ચરણોમાં અર્પણ કરે તેવી શુભાભિલાષા...
- ઉદારદિલ દાતાઓની ઉદારતાને પણ ધન્યવાદ...
- પંડિતવર્ય **પ્રિયંકભાઇની** મહેતનથી પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન (પ્રેસ વર્ક) તૈયાર થયું છે તેમને પણ ધન્યવાદ...
- સૌ કોઇ ભક્તિના પાટે ઉભેલી જ્ઞાન-ચારિત્રની ઉંડાઇવાળા સ્તવનોની ટ્રેનમાં બેસી પરમપદે જલ્દી પહોંચે તે જ મંગલ કામના...

**✍ લિ. કૃપાબોધિ વિ.**

**અ.સુ. ૫**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. શ્રી જીવવિચાર સ્તવન | 1 |
| ૨. શ્રી નવતત્ત્વનું સ્તવન | 23 |
| ૩. શ્રી વીર જિન સ્તુતિ ગર્ભિત ચોવીશ દંડકનું સ્તવન | 64 |
| ૪. ચોવીશ દંડકનું સ્તવન (ગતિ આગતિનું સ્વરૂપ.) | 93 |
| ૫. જંબુદ્વીપ વર્ણન ગર્ભિત શ્રી સીમંધર જિન સ્તવન | 102 |
| ૬. સિદ્ધદંડિકા સ્તવન | 107 |
| ૭. શ્રી ચાર ધ્યાનના સ્વરૂપની સજ્ઝાય | 117 |
| ૮. પરિશિષ્ટ-૪ | 159 |
| ૯. પરિશિષ્ટ-૫ | 161 |
| ૧૦. પરિશિષ્ટ - ૧, ૨, ૩ | |

# શ્રી જીવવિચાર સ્તવન

(રાગ - એકવીસાની દેશી)

## ઢાળ - ૧

**શ્રી સરસ્વતિજી, વરસતિ વચનવિલાસ રે,**
**થુણશું ત્રિભુવનજી, તારણ શ્રી જિનપાસ રે;**
**સુણો સમરથજી, સુંદર શ્રી જિન દેવ રે,**
**મુજ દીજે જી, ભવ ભવ તુમ પાય સેવ રે. ।।૧।।**

શ્રી સરસ્વતીજીના વચનના વૈભવની કૃપાથી ત્રણ ભુવનના તારણહાર એવા શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરની અમે સ્તવના કરશું. હે સર્વ સમર્થ, સુંદર એવા પ્રભુ ! આપ સાંભળો, મને ભવોભવ તમારા ચરણકમલની સેવા ને આપો. ૧

### ત્રુટક

**તુમ સેવ પાએ સહિય ભમિયો, તું ન ગમિયો જિન વરુ,**
**છકાય માંહે જીવ સહિયો, છેદન ભેદન આકરું;**
**ઉત્કૃષ્ટ આયુ અવગાહના જે, એણે જીવે જોગવી,**
**લાખ ચોરાશી જીવાજોની, તેહ પણ મેં ભોગવી. ।।૨।।**

તમારા ચરણોની સેવા પ્રાપ્ત થયે છતે હે પ્રભુ ! તું મને ગમ્યો નહિ તેથી છકાયમાં ભમતા આ જીવે આકરા છેદનભેદનને સહન કર્યા. વળી આ જીવે ઉત્કૃષ્ટ આયુષ્ય અને ઉત્કૃષ્ટ શરીરની ઊંચાઇ પ્રાપ્ત કરતા, આ જીવે લાખ ચોર્યાસી જીવાયોનીને પણ ભોગવી. ૨

## ઢાળ

**મણિસ્ફાટિકજી, હીંગલો રયણ પ્રવાલ રે,**
**પારો અબરખજી, ગેરુખડિ હરીયાલ રે;**
**ઉસ સુરમોજી, માટી પાષાણ સાત ધાત રે,**
**લુણાદિકજી, પૃથ્વી બહુ ભેદ જાત રે. ॥૩॥**

મણિ, સ્ફટિક, હિંગલો, રત્નો, પરવાળા, પારો, અબરખ, ગેરુ, ખડી, હરીતાલ, (ખારો) ઉસ, સુરમો, માટી, પત્થર, સાત પ્રકારની ધાતુઓ, મીઠું વગેરે પૃથ્વીકાયના ઘણા ભેદ છે. ૩

## ત્રુટક

**અનેક ભેદ વળી પાણી ભણિએ, કૂંપ સરોવર ધૂંઅરુ,**
**ઓસા હિમ ઘણોદધિ કરા કહિએ, સમુદ્ર અનેક પાણી ખરુ;**
**અંગાલ જાલ મુમ્મુર વીજલી, ઉલકાપાત અગ્નિકણા,**
**સિદ્ધાંત માંહે છે વિશેષે, ભેદ અનેક અગ્નિ તણા ॥૪॥**

કૂવા, સરોવર, ધૂઅરું, ઝાકળ, હિમ, ઘનોદધિ, કરા, અનેક સમુદ્રોના ખારા પાણી વગેરે અપકાયના ભેદો છે, તથા અંગારા, જાલ, મુમ્મુર, વીજળી, ઉલ્કાપાત અગ્નિના કણીયા વગેરે શાસ્ત્રમાં અનેક પ્રકારના અગ્નિકાયના ભેદો બતાવ્યા છે. ૪

## ઢાળ

**એક વાયરોજી, હલુઓ હલુઓ વાય રે,**
**ગુંજારવજી, કરતો ચિહુ દિસે ધાય રે;**
**પાડે ઓકલી જી, વલી વંતોલિઓ એક રે,**
**ધનુ વાતે જી, વાયુ ભેદ અનેક રે. ॥૫॥**

એક વાયુ એવો છે જે હળવો હળવો વાય છે. એક વાયુ એવો છે કે જે ગુંજારવ કરતો ચારે દિશામાં ફરે છે. વળી પોતાના લીસોટા પાડતો એક વંટોળીયો છે. તથા ઘનવાત (તનવાત) વગેરે વાયુકાયના અનેક ભેદો છે. ૫

**ત્રુટક**

**ઈમ દોય ભેદ વનસ્પતિ કેરા, સાધારણ પ્રત્યેક તરુ,**
**કંદ કોમલ ફલ અંકુરા, ફૂલ સેવાલ સેખરુ;**
**અનેક ભેદ સાધારણ સુણિએ, લક્ષણ તસ શાસ્ત્રે સહી,**
**એહથી જે હોય વિપરીત, પ્રત્યેક વનસ્પતિ કહી. ॥૬॥**

વનસ્પતિકાયના બે ભેદ છે સાધારણ અને પ્રત્યેક. વૃક્ષના કંદ, કોમલ, ફળ, અંકુરા, ફૂલ, સેવાલ વગેરે સાધારણના ભેદ છે. સાધારણનું લક્ષણ શાસ્ત્રમાં જે કહેલું છે તેનાથી વિપરીત લક્ષણ જેનું હોય તેને પ્રત્યેક વનસ્પતિ કહેવાય. ૬

**ઢાળ**

**પૃથ્વી પાણી જી, તેઉ વાઉ કાય રે,**
**વણસઈ પાંચમી જી, થાવર કાય કહેવાય રે;**
**વિકલેંદ્રી જી, નારકી તિર્યંચ માનવી,**
**વલી દેવતા જી, છઠ્ઠી ત્રસ કાય પાલવી. ॥૭॥**

પૃથ્વી, અપ, તેઉ, વાયુ, અને વનસ્પતિકાય આ પાંચેય થાવરકાય કહેવાય. વિકલેન્દ્રિય, નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એ બધા છઠ્ઠા ત્રસકાયમાં ગણાય. ૭

**ત્રુટક**

**[૧]પાલવી પૃથ્વીકાય આયુ, વરસ સહસ બાવીસ એ,**
**સાત સહસ વરસ[૨] પાણી ભણિએ, અગ્નિ ત્રિણ દિન દીસએ;**
**વરસ સહસ ત્રણ વાયુ સુણિએ, વણસઈ દસ સહસ જાણિએ,**
**નિરય દેવ વિણ જઘન્ય આયુ, અંતર મુહૂર્ત પ્રમાણએ. ॥૮॥**

પૃથ્વીકાયનું આયુ ૨૨ હજાર વર્ષ, અપ્કાયનું આયુ. ૭ વર્ષ, તેઉકાયનું ત્રણ અહો રાત્ર, વાયુકાયનું ૩ હજાર વર્ષ, વનસ્પતિકાયનું ૧૦ હજાર વર્ષનું આયુ જાણવું. દેવ અને નરક

૧. પહેલી. ૨. અપકાય.

વિના જઘન્ય આયુ. અંતર મુહૂર્ત પ્રમાણ છે. ૮

### ઢાળ

**અંગુલતણો જી, ભાગ અસંખ્યાતમો ભણું,**
**સ્વાભાવિક જી, જઘન્ય હુએ સહુને તનુ;**
**ચાર થાવર જી, ગુરુ લઘુ સમ તનુ જોય રે,**
**વનસ્પતિ જી, સહસ જોયણ જાજા હોય રે. ॥૯॥**

બધાનું જઘન્ય શરીર અંગૂલનાં અસંખ્ય ભાગ પ્રમાણ છે. ચાર સ્થાવર (પૃથ્વી, અપ, તેઉ, વાઉ) નું ઉત્કૃષ્ટ શરીર પણ જઘન્યની જેમ અંગૂલના અસંખ્યાતમાં ભાગ જેટલુ છે. વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ અવગાહના ૧૦ હજાર યોજન મોટા હોય છે. ૯

### ત્રુટક

**ઈમ હોય સંમૂર્છિમ મનુષ્ય, સાધારણ સુક્ષ્મ જેહ નિગોદએ,**
**તસ આયુ અંતર મુહૂર્ત હોયે, ચઉદ રાજ અભેદ એ;**
**પાંચ થાવર કહીએ એકેંદ્રી, શાસ્ત્રે ભેદ તસ છે ઘણા,**
**ઈમ કહે કવિયણ સુણો ભવિયણ નામ માત્ર જ એ ભણ્યા. ॥૧૦॥**

આમ સંમૂર્ચ્છિમ મનુષ્ય અને સાધારણ સૂક્ષ્મ નિગોદનું આયુ. અંતર્મુહૂર્ત છે. જે ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. પાંચ સ્થાવર એકેન્દ્રીયના ભેદો છે. શાસ્ત્રમાં તેના ઘણાં ભેદો બતાવ્યા છે. કવિયણ કહે છે, હે ! ભવ્ય જીવો મેં તો માત્ર તેના નામ જ કહ્યા છે. ૧૦

### દુહા

**ભવ સત્તર ઝાઝા કર્યા, સાસોસાસ મઝાર;**
**એકેંદ્રી ભવ ભોગવી, વળતો વિગલ વિચાર. ॥૧૧॥**

એક શ્વાસોશ્વાસમાં ૧૭ થી વધારે ભવ કર્યા. આમ, એકેન્દ્રિય ભવને ભોગવી વિકલેન્દ્રિયનો વિચાર હવે કરું છું. ૧૧

## ઢાળ-૨

### રાગ-ધોરણી

### નયરિ અયોધ્યા જયવંતિ - એ રાગ

**સંખ સીપ [3]કોડા કરમીયા રે, મેહર થાપના સાર;**
**જલોઈ પૂરા ને અલસિયાં રે, એ બે ઇંદ્રિ વીચારો રે,**
**ધન જિનવયણડા. ઉતારે ભવ પારી રે...**
**તે જગમાં બડા... ॥૧૨॥**

શંખ, છીપ, કોડા, કરમિયા, મેહર, થાપના, જળો, પોરા, અળસિયા એ બેઇંદ્રિય છે. જિનનાં વચને ધન્ય છે, કે જે ભવપાર કરાવે છે માટે તે જ જગતમાં સૌથી મહાન છે. ૧૨

**કાનખજુરા માંકણ જુઆ રે, ગદ્દહિયા ઘીમેલ;**
**કીડી ગીંગોડા કાતરા રે, ગોકીડા મંકોડા ચૂડેલ રે. ધન... ॥૧૩॥**

**સાવા જુવા ધાનકીડલા રે, ઈલી અને ઇંદ્રગોપ;**
**ઉદ્દેહી ને વલી કુંથુઆ રે, મ કરો તે ઇંદ્રીનો લોપ રે. ધન... ॥૧૪॥**

કાનખજુરા, માંકડ, જુ, ગદ્દહિયા, ઘીમેલ, કીડી, ગીંગોડા, કાતરા, ગોકીડા, મંકોડી, ચૂડેલ, સાવા, જુવા જેવા ધાનના (અનાજના) કીડા, ઇયળ, અને ઇંદ્રગોપ, ઉધેહિ, કુંથુઆ વગેરે તેઇંદ્રિયના જીવોને મારો નહીં. ૧૩-૧૪

**વીંછી કંસારી ખડમાંકડી રે, ભમરા ભમરી ને તીડ;**
**માંખી મસા ડાંસ પતંગીયા રે, ટાલો ચૌરિંદ્રીની પીડ રે. ધન... ॥૧૫॥**

વીંછી, કંસારી, ખડમાંકડી, ભમરા, ભમરી, તીડ, માંખી, મચ્છર, ડાંસ, પતંગીયા જેવા ચઉરિન્દ્રિયના જીવોને પીડા આપવાનું ટાળવું જોઇએ. ૧૫

**બેંઈદ્રી વરસ જ બારનું રે, હવે તે ઇંદ્રી પ્રકાસ;**
**દિવસ ઓગણપચાસનું રે, ચૌરિંદ્રી ષટ્ માસ રે. ધન... ॥૧૬॥**

---

૩. સરમીયા.

બાર (૧૨) વરસ બેઇંદ્રિયના જીવોનું આયુ હોય છે. તેઇંદ્રિયનું આયુ. ઓગણપચાસ (૪૯) દિવસનું, ચઉરિન્દ્રિયનું છ (૬) માસનું આયુ. હોય છે. ૧૬

**સંખ પ્રમુખ જે બે ઇંદ્રી રે, તસ તનુ જોયણ બાર;**
**કાનખજુરો ગાઉ ત્રણનો રે, ભમર હોય ગાઉ ચાર રે.**
**ધન... ॥૧૭॥**

શંખ વગેરે જે બેઇંદ્રિય જીવો છે તેનું શરીર બાર (૧૨) જોજન, કાનખજૂરા (તેઇન્દ્રિય) વગેરેનું ત્રણ (૩) ગાઉ, ભમરા (ચઉરિન્દ્રીય) વગેરેનું ચાર (૪) ગાઉનું શરીર હોય છે. ૧૭

**બેંઇદ્રી તેંઇદ્રી ચૌરેંદ્રી રે, એ વિગલેંદ્રી નામ;**
**કહે કવિયણ તુમે સાંભળો રે, હવે પંચેંદ્રી અભિરામ રે.**

**ધન... ॥૧૮॥**

બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિદ્રિંય બધા વિકલેન્દ્રિય કહેવાય છે. આ પ્રકારે કહીને કવિયણ પંચેન્દ્રિયની વાત જણાવે છે. ૧૮

***દુહા***

**નહિ વિવેક વિગલપણે, નહિ તસ તત્ત્વવિચાર;**
**ભવ ભવાંતર ભોગવી, ઉપનો નરક મઝાર. ॥૧૯॥**

વિકલેન્દ્રિયના જીવોમાં વિવેક તેમજ તત્ત્વવિચાર નહિં હોવાથી ભવોભવમાં રખડી નરકમાં ઉત્પન્ન થાય છે. ૧૯

***ઢાળ-૩***

***રાગ-ગોડી (જમ્બૂદ્વીપ મઝાર-એ દેશી)***

**રત્નપ્રભા પહેલી જેહ રે, સાગર એકનું,**
**એકત્રીશ હાથ છ અંગુલાએ;**
**સક્રપ્રભા બીજી હોય રે, ત્રણ સાગર તિહાં,**
**હાથ બાસઠ બાર અંગુલાએ ॥૨૦॥**

પહેલી નરક રત્નપ્રભામાં એક (૧) સાગરોપમનું આયુ. અને એકત્રીશ (૩૧) હાથ અને (૬) અંગૂલની ઊંચાઇ હોય છે.

બીજી નરક શક્ર(શર્કરા)પ્રભામાં ૩ સાગરોપમનું આયુ. અને બાસઠ હાથ (૬૨) બાર (૧૨) અંગૂલની ઊંચાઇ હોય છે. ૨૦

**વાલુપ્રભા પૃથવી ત્રીજી રે, સાત સાગર આયુ,**
**એકત્રીશ ધનુષ એક હાથનું એ;**
**પંકપ્રભા ચોથી નામ રે, દસ સાગર સહી,**
**બાસઠ સાઢા ધનુષ તનુ એ ॥૨૧॥**

ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વી(નરક)માં સાત (૭) સાગરોપમનું આયુ. તેમજ એકત્રીસ (૩૧) ધનુષ અને એક હાથની ઊંચાઇ હોય છે.

પંકપ્રભા નામની ચોથી નરકનું દસ (૧૦) સાગરોપમ આયુ. તથા સાડી બાસઠ (૬૨.૫) ધનુષની ઊંચાઇ હોય છે. ૨૧

**પંચમી ધુમપ્રભાયે રે, સત્તર સાગર સુણો,**
**ધનુષ સવાસો જાણીએ એ;**
**તમપ્રભા છટ્ઠી જાણો રે, બાવીસ સાગર,**
**ધનુષ અઢીસેં જાણીએ એ. ॥૨૨॥**

પાંચમી ધુમપ્રભા નરકમાં સત્તર(૧૭) સાગરોપમ આયુ. અને સવાસો (૧૨૫) ધનુષની ઊંચાઇ જાણવી.

તમપ્રભા છટ્ઠી નરકમાં બાવીસ(૨૨) સાગરોપમ આયુ. અને ઊંચાઇ અઢીસો (૨૫૦) ધનુષ જાણવી. ૨૨

**તમતમા સાતમી નામ રે, તેત્રીશ સાગર,**
**ધનુષ પાંચસે દેહ રચે એ;**
**પાંચ કોડી અડસઠ લાખ રે, સહસ નવાણું એ,**
**રોગે નારકી નિત્ય પચે એ ॥૨૩॥**

તમતમા સાતમી નરકનું આયુ. તેત્રીશ (૩૩) સાગરોપમ અને પાંચસો ધનુષની (૫૦૦) શરીરની ઊંચાઇ હોય છે.

પાંચ ક્રોડ, અડસઠ લાખ, નવ્વાણુ હજાર (૫,૬૮,૯૯,૦૦૦) રોગો પ્રત્યેક નારકીના જીવો હંમેશા ભોગવે છે. ૨૩

**પરમાધામી પચાવે રે, વલી દશ વેદના,**
**કીધાં કર્મ તે ભોગવે એ;**
**રાજ રાજ પ્રત્યે પુહવી રે, ઈમ સાત રાજની,**
**સાતમી પૃથિવી યોગવી એ ॥૨૪॥**

વળી દશ પ્રકારની વેદનાઓ પરમાધામી દેવો આપે છે તેને નારકીના જીવો પોતાના કરેલા કર્મથી ભોગવે છે.

એક-એક રાજમાં એક-એક પૃથ્વી (નરક) એમ સાતમાં રાજલોકમાં સાતમી નરક સુધી જીવો દુઃખ ભોગવે છે. ૨૪

***દુહા***

**સાત પ્રકારે નારકી, બોલ્યો તાસ વિચાર;**
**જલચર થલચર ખેચરુ, તિર્યંચ ત્રણ પ્રકાર. ॥૨૫॥**

સાત પ્રકારના નારકીના જીવોની વાત જણાવી. હવે જલચર, થલચર, ખેચર તિર્યંચના ત્રણ પ્રકારો વિશે જાણો. ૨૫

***ઢાળ-૪***

***રાગ-કેદારો (ત્રિંપદીની દેશી)***

**ઉરપરિ[૪] [૫]ભુજપરિ [૬]ગર્ભજ થાય,**
**ગર્ભ સંમૂર્છિમ મત્સ્ય કહેવાય;**
**વરસ પૂરવ કોડી આય, હો ભવિકા !**
**વરસ પૂરવ કોડી આય... ॥૨૬॥**

ગર્ભજ ઉરપરિસર્પ અને ભૂજપરિસર્પનું તથા સમૂર્ચ્છિમ અને

૪. ઉરપુરી. ૫. ભુજપુરી. ૬. શરણજ.

ગર્ભજ મત્સ્ય (જલચર)નું પૂર્વક્રોડ વરસનું (૧ ક્રોડ પૂર્વનું) આયુ. હોય છે. હે ભવ્ય જીવો ! તમે આ સાંભળો. ૨૬

**સહસ જોયણ તસ કાયા દીસેં, ભુજપરિ કોસ પૃથક્ત્વ કહીસે;**
**જિનવચને ચિત્ત હીસેં, હો ભવિકા ! જિનવચને ચિત્ત હીંસે... ।।૨૭।।**

ગર્ભજ ઉરપરિસર્પ તેમજ ગર્ભજ અને સંમૂર્છિમમત્સ્યની કાયા સહસજોજનની હોય છે. ભુજપરિસર્પની કાયા કોસ (ગાઉ) પૃથક (૨ થી ૯ ગાઉ) હોય છે. હે ભવિક જીવ ! આ જિનવચનમાં તમે શ્રદ્ધા રાખો. ૨૭

**ત્રેપન સહસ સમૂર્છિમ વ્યાલ, ભુજપરિસર્પ સહસ બાયાલ;**
**યોજન પૃથક્ત્વ તનુ ભાલ, હો ભવિકા ! યોજન... ।।૨૮।।**

હે ભવિકો ! સંમૂર્છિમ ઉરપરિસર્પનું આયુ. ૫૩ હજાર વર્ષ હોય છે, અને સંમૂર્છિમ ભૂજપરિસર્પનું આયુ. બેંતાલીસ હજાર વર્ષનું છે. આ બન્નેની અવગાહના (કાયા) અનુક્રમે યોજન પૃથક (૨ થી ૯ યોજન) અને ધનુષ પૃથક (૨ થી ૯ ધનુષ) છે. ૨૮

**ગર્ભજ તિર્યંચ ચતુપદની જાત, ત્રણ પલ્યોપમ આયુ વિખ્યાત;**
**કાયા છ કોસ સુણો ભ્રાત, હો ભવિકા ! કાયા... ।।૨૯।।**

હે ભવિકો ! ગર્ભજ ચતુષ્પદ તિર્યંચનું આયુ. ત્રણ પલ્યોપમનું પ્રસિદ્ધ છે. અને તેમની અવગાહના છ (૬) કોસ (ગાઉ)ની છે. ૨૯

**ચતુપદ સમૂર્છિમ કહીંયેં જાસ, આયુ સહસ ચોરાસી વાસ;**
**કોસ પૃથક્ત્વ તનુ તાસ, હો ભવિકા ! કોસ... ।।૩૦।।**

હે ભવિકો ! સંમૂર્ચ્છિમ ચતુષ્પદનું આયુ. ચોર્યાશી હજાર વર્ષનું છે. અને તેમની અવગાહના ગાઉ પૃથક (૨ થી ૯ ગાઉ) છે. ૩૦

**પંખી ગર્ભજ આયુનો ભાગ, પલ્યોપમ અસંખ્યાતમો ભાગ;**
**ધનુષ પૃથક્ત્વ તનુ લાગ, હો ભવિકા ! ધનુષ... ।।૩૧।।**

હે ભવિકો ! ગર્ભજ પંખી (ખેચર) નું આયુ. પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે અને અવગાહના ધનુષ પૃથક (૨ થી ૯ ધનુ) છે. ૩૧

**સમૂર્છિમ પંખી બહોંતેર સહસ, એ પહેલે આરે કહેસ;**
**ચઉપદ વિવરી લહેસ, હો ભવિકા ! ચઉપદ... ।।૩૨।।**

હે ભવિકો ! સંમૂર્છિમ પંખી (ખેચર)નું આયુ. બહોંતેર હજાર વર્ષનું પહેલા આરામાં કહ્યું છે. હવે ચતુષ્પદના જીવોને વિસ્તારથી કહીશ. ૩૨

**જેણે આરે જે માનવ આયુ ધાર, તેહ તણા ભાગ કીજેં ઉદાર;**
**ભાગ ચોથેં અશ્વ સાર, હો ભવિકા ! ભાગ... ।।૩૩।।**

હે ભવિકો ! જે આરામાં મનુષ્યનું જે આયુ. હોય તેના ભાગ કરવામાં આવે તો ઘોડાનું ચોથા ભાગ પ્રમાણનું આયુ. હોય. ૩૩

**અજ આયુ ભાગ આઠમે વખાણ, ગાયને ભેંસને ઊંટ ખરાદિક જાંણુ;**
**પાંચમે ભાગ પ્રમાણુ, હો ભવિકા ! પાંચમે... ।।૩૪।।**

હે ભવિકો ! બકરા (અજ)નું (મનુષ્યના) આઠમા ભાગ પ્રમાણ તથા ગાય, ભેંસ, ઊંટ, ગધેડા વગેરેનું પાંચ ભાગ પ્રમાણ આયું. હોય છે. ૩૪

**શ્વાનાદિક ભાગ દશમેં કહીયેં, હસ્તિ આયુ માનવ પરેં લહીયેં;**
**જિન આણા સિર વહીયેં, હો ભવિકા ! જિન... ।।૩૫।।**

કૂતરાનું દશમાં ભાગનું આયુ. અને હાથીનું મનુષ્ય જેટલું આયુ. હોય છે. હે ભવ્ય જીવો ! પ્રભુની આજ્ઞાને માથે રાખો. ૩૫

**દુહા**

**પશુઅપણેં પરવશ [૭]પડ્યો, પામ્યો દુઃખ અપાર;**
**કર્મ કેતાં તિહા નિર્જરી, ધરીયો મનુજ અવતાર. ।।૩૬।।**

૭. પામ્યો.

પશુના અવતારમાં (જન્મમાં) પરવશપણે થઇ અપાર દુઃખોને સહન કરી કેટલાય કર્મોની ત્યાં નિર્જરા કરી મનુષ્યના અવતારને હું પામ્યો. ૩૬

## ઢાળ-૫

### (રાગ-કેદારો)

**જંબૂદ્વીપના ભરતમાં રે, કપૂર હોય અતિ ઉજલો રે, એ દેશી...**

**ચાર કોડાકોડી સાગરુ રે, સુસમસુસમા નામ,**
**ત્રણ પલ્યોપમ આઉખું રે, ત્રણ ગાઉ અભિરામ રે;**
**પ્રાણી ! માનવ ભવ અવતાર, ભરીએ સુકૃત ભંડાર રે,**
**પ્રાણી ! માનવ ભવ અવતાર. ॥૩૭॥**

સુસમ સુસમા નામનો પહેલો આરો ચાર કોડાકોડી સાગરોપમનો હોય છે. તે આરાના મનુષ્યનું આયુષ્ય ત્રણ પલ્યોપમનું તથા કાયા ત્રણ ગાઉ જેટલી હોય છે. હે પ્રાણી ! મનુષ્યભવના અવતારમાં સુકૃત જેટલું થાય તેટલું કરી લે. ૩૭

**સાગર કોડાકોડી ત્રણનો રે, સુસમ બીજો જેહ;**
**દોયપલ્યોપમ આયખું રે, જુગલ ગાઉ દો દેહ રે. પ્રાણી... ॥૩૮॥**

બીજો સુસમ આરો છે. તે ત્રણ કોડાકોડી સાગરોપમનો હોય છે. તેમાં જન્મ લેતા જીવો યુગલ (જોડકા) હોય છે, તે બન્નેનું આયુષ્ય બે પલ્યોપમનું અને કાયા બે ગાઉ જેટલી હોય છે. ૩૮

**ત્રીજો સુસમ દુસમા રે, સાગર કોડાકોડી દોય;**
**એક પલ્યોપમ યુગલનનો રે, કોસ કાયા એક હોય રે. પ્રાણી... ॥૩૯॥**

ત્રીજો સુસમ દુસમ આરો બે કોડાકોડી સાગરોપમનો હોય છે. યુગલિકનું આયુષ્ય એક પલ્યોપમનું અને એક કોસ(ગાઉ)ની કાયાનું પ્રમાણ હોય છે. ૩૯

**પહેલે તૂંઅર બીજે બોર સમો રે, ત્રીજે આમલું ધાર;**
**અટ્ઠમ છટ્ઠ એકાંતરે રે, સુરતરુ પૂરે આહાર રે. પ્રાણી... ॥૪૦॥**

પહેલા આરામા જીવો દર ત્રણ દિવસે કલ્પવૃક્ષ પાસેથી તુવેર જેટલો, બીજા આરામાં ત્યાંના જીવો બોર જેટલો આહાર દર બે દિવસે અને ત્રીજા આરાના જીવો દર એક દિવસ પછી (એકાંતરે) આમળા જેટલો આહાર (ખોરાક) કલ્પવૃક્ષ પાસેથી લઇ કરે છે. ૪૦

**દુસમ સુસમ કોડાકોડીનો રે, સહસ બેંતાલીશ ઉન;**
**પૂરવ કોડી વર્ષ [૮]માનવી રે, પાંચશે ધનુષ [૯]સંપૂર્ણ રે. પ્રાણી... ॥૪૧॥**

દુસમ સુસમ નામનો ચોથો આરો કોડાકોડી સાગરોપમમાં બેંતાલીસ હજાર ઓછો હોય છે. તેમાં પુર્વ ક્રોડ વરસ (૭૦૫૬૦ અબજ ૧ કરોડ) માનવીનું આયુ. અને પૂરા પાંચસો ધનુષની કાયા (અવગાહના) હોય છે. ૪૧

**વરસ સહસ એકવીશનો રે, દુષમા કલિયુગ નાથ;**
**એક્સો વીશ વરસનું આઉખું રે, માનવ કાયા સાત હાથ રે. પ્રાણી... ॥૪૨॥**

દુષમા નામનો કલિયુગનો પાંચમો આરો એકવીશ હજાર (૨૧૦૦૦) વર્ષનો હોય છે. એકસો વીશ વરસનું આયુષ્ય અને માનવીની સાત હાથની કાયા હોય છે. ૪૨

**છઠ્ઠો સહસ એકવીશનો રે, દુષમા દુષમા અપાર;**
**વીશ વરસ દોય હાથનું રે, મચ્છાહારી નરનાર રે. પ્રાણી... ॥૪૩॥**

દુષમ દુષમ નામનો છઠો આરો એકવીશ હજાર (૨૧૦૦૦) વર્ષનો હોય છે. વીશ વર્ષનું આયુષ્ય અને બે હાથની કાયા હોય છે. તથા નરનારી માંસાહારી (માછલાના ખોરાકવાળા) હોય. ૪૩

**છયે આરે અવસર્પિણી રે, ઉત્સર્પિણી વિપરીત જાણ;**
**કાલચક્ર એક દોય મીલી રે, બાર આરે પ્રમાણ રે. પ્રાણી... ॥૪૪॥**

---
૮. માનથી. ૯. સંપૂર્ણ.

છ આરા અવસર્પિણીના હોય છે. તેનાથી વિપરીત ઉત્સર્પિણીના છ આરા હોય છે. ઉત્સર્પિણી અને અવસર્પિણીના છ-છ આરા થઇને બાર આરાનું કાલચક્ર હોય છે. ૪૪

**પાંચ ભરત પાંચ ઐરવતે રે, તિહાં સદા સરીખો કાળ;**
**પાંચ વિદેહે પરંપરા રે, ચોથો આરો વિશાલ રે. પ્રાણી... ॥૪૫॥**

પાંચ ભરત અને પાંચ ઐરાવતમાં આ પ્રમાણે હંમેશા એક સરખા કાળ હોય છે. પાંચે મહાવિદેહમાં કાયમ ચોથો આરો હોય છે. ૪૫

### *ઢાળ-૬ - દુહા*

**દશ દૃષ્ટાંતે દોહિલો, માનવ[10] તણો અવતાર;**
**શુભ ભાવે સુકૃત પણે, ઉપનો દેવ મોઝાર. ॥૪૬॥**

દશ દૃષ્ટાંતથી દોહીલા એવા માનવભવનાં અવતારમાં શુભ ભાવથી સુકૃત કરીને જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ૪૬

### *ઢાળ-૬*

### *રાગ-આશાવરી (નંદનકુ ત્રિશલા ઝુલાવે - એ દેશી)*

**દશ પ્રકારે ભવનપતિ કહીએ, વ્યંતર આઠ પ્રકારો રે;**
**જ્યોતિષી પાંચ પ્રકારે સુણજો, દોય વૈમાનિક સારો રે. દશ... ॥૪૭॥**

દશ પ્રકારે ભવનપતિના, આઠ પ્રકારના વ્યંતરના, પાંચ પ્રકારના જ્યોતિષીના અને બે પ્રકારના વૈમાનિક દેવોને વિષે હવે કહું છું તે સાંભળજો. ૪૭

**અસુર કુમાર સાધિક એક સાગર, સાત હાથ તસ કાય રે;**
**દેશે ઉણા દોય પલ્યોપમ, નવ નિકાય કહેવાય રે. દશ... ॥૪૮॥**

અસુરકુમાર દેવોની ઉત્કૃષ્ટસ્થિતિ (આયુષ્ય) એક સાગરોપમથી વધુ છે, અને તેની સાત હાથની કાયા છે. બાકીના નવ નિકાયના

---
૧૦. માનવનો.

દેવોની સ્થિતિ બે પલ્યોપમથી થોડી ઓછી સ્થિતિ છે. ૪૮

**લાખ સહસ વર્ષ એક પલ્યોપમ, ચંદ્ર સૂરજ વિચાર રે;**
**વ્યંતર આયુ એક પલ્યોપમ, તનુસમ અસુરકુમાર રે. દશ... ॥૪૯॥**

ચંદ્રની ઉત્કૃષ્ટ સ્થિતિ એક લાખ વર્ષથી અધિક એક પલ્યોપમ અને સૂર્યની ઉત્કૃષ્ટ સ્થિતિ એક હજાર વર્ષથી અધિક એક પલ્યોપમ છે. વ્યંતરદેવોનું આયુ. એક પલ્યોપમ છે. તથા તેઓની ઊંચાઇ (કાયા) અસુરકુમારની જેમ સાત હાથની છે. ૪૯

**નારકી ભવનપતિ ને વ્યંતર, દશ સહસ વરસ જઘન્ય રે;**
**જ્યોતિષ પલ્યોપમ અડ ભાગે, પલ્યોપમ વિમાન રે. દશ... ॥૫૦॥**

નારકી, ભવનપતિ અને વ્યંતરદેવોનું જઘન્ય આયુ. દશ હજાર વર્ષ હોય છે. જ્યોતિષ દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના ૮માં ભાગ (૧/૮) જેટલી છે. તેમજ વૈમાનિક દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમ જેટલી છે. ૫૦

**યુગલ સુધર્મ ઇશાનેન્દ્ર, ઈહાથી હોયે એક રાજ રે;**
**સાગર બે બીજે ઝાઝેરાં, સાત હાથ વિરાજે રે. દશ... ॥૫૧॥**

અહીંથી (સમભૂતલાથી) સૌધર્મ અને ઇશાનેન્દ્ર બન્ને એક રાજલોકની ઊંચાઇ પર હોય છે. તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે બે સાગરોપમ અને બે સાગરોપમથી વધારે હોય છે. તથા સાત હાથની કાયા હોય છે. ૫૧

**સનતકુમાર યુગલ માહેંદ્ર, દોય રાજ હવે જાણો રે;**
**ત્રીજે સાત ચોથે સાત ઝાઝા, છ હાથ કાયા પ્રમાણો રે. દશ... ॥૫૨॥**

સનતકુમાર અને માહેંદ્ર દેવલોક સમભૂતલાથી બે રાજલોક ઊંચે છે. ત્રીજા દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમ અને ચોથા દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમથી વધુ હોય છે. તેમજ તેઓની કાયા છ હાથ પ્રમાણની હોય છે. ૫૨

**પાંચમે બ્રહ્મ આયુ દશ સાગર, લાંતક છટ્ઠે ચઉદ રે;**
**પાંચ હાથ તસ કાયા કહીએ, ત્રણ રાજ અભેદ રે. દશ... ॥૫૩॥**

પાંચમાં બ્રહ્મદેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમ અને છટ્ઠા લાંતકદેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ ચઉદ સાગરોપમ છે બન્ને દેવલોકના દેવોની ઊંચાઇ પાંચ હાથની છે. આ બન્ને દેવલોક (સમભૂતલાથી) ત્રીજા રાજલોકમાં આવેલા છે. ૫૩

**શુક્ર સાતમે સત્તર સાગરનું, [૧૧]અડ સહસારે અઢાર રે;**
**ચાર હાથ તનુ સુંદર[૧૨] સોહે, રાજ હોય ઈહાં ચાર રે. દેશ... ॥૫૪॥**

શુક્ર દેવલોક જે સાતમો છે તે સત્તર સાગરોપમની સ્થિતિવાળો અને આઠમા સહસ્રાર દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર સાગરોપમની છે. તેઓની સુંદર કાયા ચાર હાથની હોય છે. આ બન્ને દેવલોક ચોથા રાજમાં આવેલા છે. ૫૪

**નવમે આનત ઓગણીશ સાગર, પ્રાણત દશમે વીશ રે;**
**એકાદશમે આરણ એકવીશ, બારમે અચ્યુત બાવીશ રે. દશ... ॥૫૫॥**

નવમા આનંત દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણીશ સાગરોપમની છે. પ્રાણત દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ સાગરોપમની છે. અગ્યારમાં આરણ દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ એકવીશ સાગરોપમની છે. બારમા અચ્યુત દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીશ સાગરોપમની છે. ૫૫

**એ ચારે ત્રણ હાથની કાયા, પાંચ રાજ ઈહાં સોહે રે;**
**નવ ગ્રૈવેયક એહ ઉપર ઓપે, દીઠે ભવી મન મોહે રે. દશ... ॥૫૬॥**

નવ, દશ, અગ્યાર, બારમા દેવલોકના દેવોની કાયા ત્રણ હાથની છે. પાંચમા રાજમાં આ ચારે દેવલોકો શોભે છે. પાંચમા રાજલોકની ઉપર નવ ગ્રૈવેયક જોઇ ભવ્યજીવોનું મન આનંદ પામે છે. ૫૬

---

૧૧. વલી. ૧૨. સુર દેહ સોહે.

### દુહા

**બાર સ્વર્ગ સોહે સદા, તિહાં રાજનિત પ્રધાન;**
**બીજો ભેદ વિમાનનો, નવ ગ્રૈવેયક નિધાન ।।૫૭।।**

બાર દેવલોક ત્યાં શોભે છે જેમાં રાજનિતી (રાજા-પ્રજાનો વ્યવહાર) મુખ્ય છે. દેવલોકનો બીજો ભેદ નવ ગ્રૈવેયકનો કળશ સમાન છે. ૫૭

### ઢાળ-૭

*રાગ-ગોડી (માઈ ધન સુપન તુ ધન જીવો તારી આસ-એ દેશી)*

**સુદર્શન પહિલે, સાગર તિંહા ત્રેવીશ;**
**સુપ્રતિબદ્ધે ચઉવીશ, મનોરમે પચવીશ ।।૫૮।।**

સુદર્શન નામનાં પહેલાં ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રેવીશ સાગરોપમની છે. સુપ્રતિબ્ધ ગ્રૈવેયકની ચઉવીશ, ત્રીજા મનોરમ ગ્રૈવેયકની પચવીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ૫૮

**[13]સર્વતોભદ્રે છવીશ, સુવિશાલે સત્તાવીશ;**
**સુમનસેં અડવીસ, હવે ત્રિકે ત્રીજે જગીશ ।।૫૯।।**

ચોથા સર્વતોભદ્ર નામના ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ છવીસ સાગરોપમ, સત્તાવીશ સાગરોપમ પાંચમા સુવિશાલ ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. છઠ્ઠા સુમનસ ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ અઠ્ઠાવીસ સાગરોપમની છે. હવે નવગ્રૈવેયકની ત્રીજી ત્રીક જણાવું છું. ૫૯

**ઓગણત્રીસ સુમણસે, પ્રિયંકર આઠમેં ત્રીશ;**
**આદિત્યેં એકત્રીસ, દોય હાથ તનુ દીશ ।।૬૦।।**

સાતમા ગ્રૈવેયક સુમણસની ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણત્રીસ સાગરોપમ છે. આઠમા પ્રિયંકર ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ

૧૩. સર્વભદ્રે.

સાગરોપમની છે. નવમાં આદિત્ય ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ એકત્રીશ સાગરોપમની છે. આ બધા ગ્રૈવેયકો બે હાથની કાયાવાળા છે. ૬૦

**હવે નવમે ગ્રૈવેયકે, છચે રાજ પ્રધાન;**
**સાતમું સિદ્ધ છેહડે, હવે અનુત્તર વિમાન ।।૬૧।।**

આ નવે ગ્રૈવેયક છઠ્ઠા રાજલોકમાં આવેલા છે. સાતમાં રાજમાં છેડા પર સિદ્ધશિલા રહેલી છે. હવે અનુત્તર વિમાન વિષે જણાવું છું. ૬૧

**વિજય વિજયંત, જયંત અપરાજીત;**
**સર્વાર્થસિદ્ધે નહીં, તિહાં [14]રાજનીતિ ।।૬૨।।**

વિજય, વિજયંત, જયંત અને અપરાજિત એ ચાર તથા પાંચમું સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાન (દેવલોક) છે. આ નવગ્રૈવેયક તથા પાંચે અનુત્તર દેવલોકમાં રાજનીતિ (રાજા-પ્રજાનો વ્યવહાર) હોતો નથી. ૬૨

**સાગર આયુ તેંત્રીશ, કાયા કર એક વારુ;**
**એકા અવતારી, સુખ અનંત તસ વારુ ।।૬૩।।**

પાંચે અનુત્તરની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે અને વળી એક હાથની કાયા હોય છે.

પાંચે અનુત્તરના દેવો એકાવતારી હોય છે. તેઓ અનંત સુખના સ્વામી હોય છે. ૬૩

**તિહાંથી બાર જોજન, સિદ્ધશિલા મહંત;**
**જોજનને અંતે, સિદ્ધ હુવા અનંત ।।૬૪।।**

પાંચ અનુત્તરથી બાર યોજન ઉપર સિદ્ધશિલા આવેલી છે. ત્યાં યોજનના અંતે અનેક જીવો સિદ્ધ થયેલા છે. ૬૪

**આયુ અવગાહના, કહી સામાન્ય પ્રકાર;**
**જઘન્ય સંક્ષેપે, બોલ્યો તાસ વિચાર ।।૬૫।।**

---
૧૪. રાજની નીતિ.

આમ જઘન્ય તથા સંક્ષેપથી આયુષ્ય અને અવગાહના સામાન્યથી કહી છે.

### દુહા

**ભવસ્થિતિ એણી પરે ભોગવી, તુજ વિણ ત્રિભુવન દેવ;**
**કુણ સ્થાનક કાયસ્થિતે, રહ્યો કહું સુણો દેવ ।।૬૬।।**

હે ત્રણભુવનના દેવ ! આ પ્રમાણે મેં ભવસ્થિતિ (આયુષ્ય) તારા વગર ભોગવી છે. કયા સ્થાનકે, કઈ કાયસ્થિતિએ હું કેવી રીતે રહ્યો તે હવે કહુ છું સાંભળો. ૬૬

### ઢાળ-૮

### રાગ-ધનાશ્રી (ભરતનૃપ ભાવસુએ - એ દેશી)

**સાત હેઠલ સાત ઉપરે એ, ચઉદ રાજલોક ભાવ;**
**ભવિક જન ભાવિયે એ ।।**
**પુરુષાકાર લોક પૂરિયો એ,**
**ષટ્ પદારથ ભાવ, ભવિક... ।।૬૭।।**

સાત રાજ નીચે અને સાત રાજ ઉપર એમ ચઉદ રાજલોક જે પુરુષાકારે રહેલો છે તે છ પદાર્થથી ભરેલો છે તેને હે ભવિકજન ! તમે વિચારો. ૬૭

**નિરય ભવનપતિ દેવતાએ, અધોલોકે નિસંક; ભવિક...**
**વ્યંતર નર તિરિ ગિરિ વરુએ, દ્વીપ સમુદ્ર અસંખ્ય. ભવિક... ।।૬૮।।**

**અગ્નિ વિગલેંદ્રિ જ્યોતિષીએ, એ સવિ તિર્છે લોક; ભવિક...**
**સ્વર્ગ ગ્રૈવેક પાંચ અનુત્તરુ એ, સર્વસિદ્ધ ઉર્ધ્વલોય. ભવિક... ।।૬૯।।**

નરક, અને ભવનપતિ દેવતાઓ અધોલોકમાં વસે છે. વ્યંતર, મનુષ્ય, તિર્યંચ, ગિરિવર, દ્વીપ, અસંખ્ય સમુદ્ર, અગ્નિ, વિકલેન્દ્રિય, જ્યોતિષી એ બધા તિર્છાલોકમાં નિઃશંકપણે આવેલા છે. સ્વર્ગ, ગ્રૈવેયક, પાંચ અનુત્તર, સર્વ સિદ્ધો બધા ઉર્ધ્વલોકમાં આવેલા છે. ૬૮-૬૯

**અસંખ્યાત [૧૫]અવસર્પિણી એ, સર્વ એગિંદી સ્થિતિ કાય; ભવિક...**
**કાલ અનંતો અનંતકાયમેં એ, ઉપજે ને વલી જાય, ભવિક... ॥૭૦॥**

સર્વ એકેન્દ્રિયની કાયસ્થિતિ અસંખ્યાત અવસર્પિણી છે. અનંતકાયમાં જીવ અનંતો કાલ સુધી જન્મ અને મરણ પામે. ૭૦

**વિગલ સંખા (આયુ) વરસ સહસની એ,**
**નર તિરિ ભવ સાત આઠ; ભવિક...**
**નારકી દેવ ચવી ન ઉપજે એ,**
**જઘન્ય આયુ પરિપાઠ, ભવિક... ॥૭૧॥**

વિકલેન્દ્રિયની સ્વકાયસ્થિતિ સંખ્યાત વર્ષની છે. મનુષ્ય અને તિર્યંચ સળંગ સાતથી આઠ ભવ કરી શકે છે. નારકી અને દેવ ચ્યવી ફરીથી તેમાં ઉપજતા નથી, આવો જઘન્યથી સ્થિતિનો પાઠ છે. ૭૧

**સાત સાત લાખ ચાર થાવરુ એ,**
**વનસ્પતિ દશ લાખ; ભવિક...**
**અનંતકાય ચઉદ લાખ સુણો એ,**
**વિગલેંદ્રી દો-દો લાખ. ભવકિ... ॥૭૨॥**

સાત સાત લાખ ચાર સ્થાવરોની, વનસ્પતિની દશ લાખ, અનંતકાયની ચઉદ લાખ તેમજ બે લાખ વિકલેન્દ્રિયની યોનિ છે. ૭૨

**નારકી તિર્યંચ દેવતા એ, ચઉ ચઉ લાખ હોઈ તેહ; ભવિક...**
**ચઉદ લાખ વળી માનવી એ, સંખ્યા જીવાયોનિ એહ. ભવિક... ॥૭૩॥**

નારકી, તિર્યંચ, દેવતા એ ત્રણની ચાર ચાર લાખ અને ચઉદ લાખ (પંચેન્દ્રિય) મનુષ્યની જીવયોનિ હોય છે. ૭૩

**ઈંદ્રિ પાંચ ત્રણ બલ કહ્યા એ, શ્વાસોશ્વાસ વલી આય; ભવિક...**
**એ દશ પ્રાણ હોએ સંનિયા એ, નવ અસંનિયા થાય. ભવિક... ॥૭૪॥**

---

૧૫. ઉત્સર્પિણી.

પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ દશ પ્રાણ હોય છે. જે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે તેને દસ પ્રાણ હોય છે અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને નવ પ્રાણ હોય છે. ૭૪

**છ સાત આઠ વિગલ તણે એ, એકેંદ્રિ પ્રાણ ચાર; ભવિક...**
**નર તિર્યંચ ત્રણ વેદ સુણો એ, દેવતા દોય વેદ સાર. ભવિક... ॥૭૫॥**

છ પ્રાણ (વિગલે.) બેઇન્દ્રિય, સાત પ્રાણ તેઇન્દ્રિય અને (આઠ) પ્રાણ ચઉરિન્દ્રિયને હોય છે. તેમજ એકેન્દ્રિયને ચાર પ્રાણ હોય છે. નર (મનુષ્ય), તિર્યંચને ત્રણ વેદ હોય છે અને દેવતાને બે વેદ હોય છે. ૭૫

**થાવર વિગલેંદ્રિ નારકી એ, એક નપુસંક વેદ; ભવિક...**
**પજ મણુ અધિક બાદર અગ્નિ એ, વિમાણી ભુવણેંદ. ભવિક... ॥૭૬॥**

**નિરય વ્યંતર જ્યોતિ ચૌરેદ્રિ એ, તિર્યંચ બી તિ ઇંદ્રિક; ભવિક...**
**પૃથ્વી પાણી વાઉ વણસઇએ, એક એક જીવથી અધિક. ભવિક... ॥૭૭॥**

સ્થાવર (થાવર), વિગલેંદ્રિય અને નારકીને એક નપુંસક વેદ જ હોય છે. પર્યાપ્ત મનુષ્ય કરતા જીવ વધારે સમય બાદર અગ્નિ, વૈમાનિક, ભુવનપતિ, નરક, વ્યંતર, જ્યોતિષી, ચઉરિન્દ્રિય, તિર્યંચ, બેઇંદ્રિય, તેઇન્દ્રિય, પૃથ્વી, અપ, વાઉકાય, વનસ્પતિકાયમાં ક્રમશઃ જીવો અધિક હોય છે. ૭૬-૭૭

**ચઉગતિ ભમી ભમી ઉપનો એ, સંપ્રતિ પ્રભુ પદ લીધ; ભવિક...**
**શાસ્ત્ર થકી જે વિરુદ્ધ હોય એ, પંડિત કરજો શુદ્ધ. ભવિક... ॥૭૮॥**

આવી રીતે ચારે ગતિમાં ભમી ભમીને અત્યારે પ્રભુ તારા ચરણો પકડ્યા છે. શાસ્ત્રથી જે કાંઇ વિરુદ્ધ લખ્યુ હોય તો હે બુદ્ધિશાળી મારા પાપો માફ કરજો. ૭૮

**હાર હઇયે રયણ નો એ, ધરજો ચતુર સુજાણ; ભવિક..**
**ભણે ગુણે જે સાંભલે એ, તસ ઘર કોડિ કલ્યાણ. ભવિક... ॥૭૯॥**

હે ચતુર પુરુષ ! જીવવિચાર સ્તવન રૂપી રત્નના હારને હૈયે ધરજો વળી આ ઢાળને જે બોલશે, ભણશે, સાંભળશે તેના ઘરે કોડી કલ્યાણ થાશે. ૭૯

## ઢાળ-૯

### રાગ-ધનાશ્રી (કડખાની દેશી)

**ચઉદ એ રાજમાં જીવ કંઈ યુગ ભમ્યો,**
**સૂક્ષ્મ બાદર અનંતી વારો;**
**કર્મની કોડી ભર અકામનિર્જરા કરી,**
**પામીયા પાસ ત્રિભુવન તારો... ।।૮૦।।**

ચઉદે રાજલોકમાં જીવ કેટલાય યુગો સુધી ભમ્યો. સૂક્ષ્મ અને બાદરમાં અનંતીવાર ગયો. ક્રોડો જેટલા કર્મની અકામ નિર્જરા કરતા હે પાર્શ્વ પ્રભુ ! તારી પાસે આવ્યો છું મને તારો. ૮૦

**ભેટિરે ભેટિરે પ્રભુ પાસ ચિંતામણિ,**
**એહજ મુગતિનો માર્ગ સાચો;**
**કુગુરુ કુદેવ કુધર્મ તે પરિહરો,**
**મોહ મિથ્યામતિ કેમ રાચો, ભેટ્યો... ।।૮૧।।**

પોતાની જાતને હિતશિક્ષા આપતા કવિ કહે છે, હે જીવ ! પ્રભુ પાર્શ્વ ચિંતામણીને ભેટ, કારણ કે તેજ મુક્તિનો સાચો માર્ગ છે. વળી કુદેવ-કુગુરુ-કુધર્મને ત્યજી - મોહ મિથ્યામતિમાં ક્યારેય મગ્ન ન બનો... ૮૧

**નયર ગુણ દિવિ ગુણવેલી વાધે સદા**
**પુષ્કરાવર્ત મેઘ પાસ દેવો;**
**શ્રી સંઘ મંડપ તલે વેલી તે વિસ્તરી,**
**ઉપજે આણંદ સુકૃત મેવો. ભેટ્યો... ।।૮૨।।**

ગુણવેલડીને વધારવા પુષ્કરાવર્ત મેઘસમાન પાર્શ્વદેવની કૃપાથી

અને સુકૃત આનંદ મેઘો ઉત્પન્ન થાય છે. શ્રીસંઘ માંડલા હેઠળ ફેલાય છે.

**સંવત શશિ સાયર ચંદ્ર લોચન સ્તવ્યો,**
**આસો સુદી દશમી રવિવાર રાજે;**
**કરી શિરતાજ ગુરુરાજ આણંદજી,**
**તસ પાટે સુરિ વિજયરાજ છાજે, ભેટ્યો. ।।૮૩।।**

**ધન્ય ધન્ય હર્ષગુરુ વિબુધ ચૂડામણિ,**
**જાસ દીક્ષિત જગે કીર્તિ સારી;**
**રત્નવિજય બુધ સત્યવિજય તણો,**
**વૃદ્ધિવિજય ભણે આણંદકારી. ભેટ્યો... ।।૮૪।।**

સંવત ૧૭૧૨ આસો સુદ-૧૦ રવિવારના આનંદસૂરિના શિષ્ય વિજયરાજસૂરિના સામ્રાજ્યે પંડિત શિરોમણિ હર્ષવિજયના શિષ્ય, દીક્ષિત થતા જેમની વિશ્વમાં કિર્તી ખૂબ સારી છે તેવા પંડિત રત્નવિજયજીની તથા તેમના શિષ્ય પંડિત સત્યવિજયના શિષ્ય વૃદ્ધિવિજયજી એ આ સ્તવનની ખુબ આનંદથી રચના કરી છે. ૮૩-૮૪

***॥ ઈતિ શ્રી જીવવિચાર સ્તવન ॥***

# શ્રી નવતત્ત્વનું સ્તવન

**દુહા**

**શ્રી અરિહંતના પાય યુગલ, પ્રણમી પરમાણંદ;**
**નવતત્ત્વ વિવરણ કહું, જે ભાખ્યા વીર જિણંદ. ॥૧॥**

શ્રી અરિહંત પ્રભુના બંન્ને પગને નમીને પરમ આનંદ પામી, વીર પ્રભુએ જ કહ્યા છે તે નવતત્ત્વના વિસ્તારને કહુ છું....૧

**નવનિધાન ચક્રવર્તિના, જિમ ધન પાર ન કોય;**
**તેમ નવ તત્ત્વ વિચારનો, પાર ન પામે કોય. ॥૨॥**

ચક્રવર્તીના નવનિધાનના ધનનો જેમ પાર નથી હોતો, તેવી રીતે નવતત્ત્વના સ્વરૂપનો (વિસ્તારનો) કોઈ પાર પામી શકાતો નથી..૨.

**નવ નંદે નવ ડુંગરી, કનક તણી જલનિધ;**
**તેમ નવતત્ત્વ વિચારણા, રાખો હઈડા સંનિધ. ॥૩॥**

જાણે સોનાનો સમુદ્ર ન હોય તેમ નવે નંદ રાજાઓ પાસે પ્રાયઃ કરીને નવ નવ સોનાની ડુંગરીઓ હતી, તેમ નવતત્ત્વની વિચારણાને હ્રદયમાં નિધાનની જેમ સ્થિર રાખો...૩

**ગ્રીવા નવ ગ્રૈવેક છે, લોક નાલ બ્રહ્માંડ;**
**મુખ મંડલ કંઠે ધરે, તત્ત્વ નવ નિજ પિંડ. ॥૪॥**

બ્રહ્માંડની (લોકનાળની) ગ્રીવા (ડોક) સમાન નવ ગ્રૈવેયક છે. મુખમંડલને કંઠ (ગળા) પર ધરે છે અને નવતત્ત્વ એ પોતાનું શરીર છે...૪

**નવ વાડ રક્ષા કરો, બ્રહ્મચર્ય નિજ બ્રહ્મ;**
**તિમ નવ તત્ત્વજ રાખજો, વિનય મૂલ જિન ધર્મ. ॥૫॥**

પોતાના આત્મસ્વરૂપરૂપી બ્રહ્મચર્યની નવવાડની રક્ષા કરો તેવી રીતે, વિનય જેનું મૂળ છે એવા જિનધર્મના નવતત્ત્વને હૃદયમાં સ્થિર રાખજો...૫

## ચોપાઈ

**શ્રી પાસ જિનેશ્વર પ્રણમી પાય, સદ્‌ગુરુ દાનતણે સુપસાય;**
**નવતત્ત્વનો કહું વિચાર, સાંભલજો ચિત્ત દઈ નરનાર ।।૧।।**

શ્રી પાર્શ્વ જિનેશ્વરને પ્રણમીને, દાનવિજય એવા સદ્‌ગુરુની કૃપાથી હું નવત્ત્વનો સાર કહુ છું તે હે, નર નાર ! મન દઈને સાંભળજો.....૧

**જીવ[૧], અજીવ[૨], પુન્ય[૩] પાપજ[૪], જોય, આશ્રવ[૫], સંવર[૬], નિર્જરા[૭] હોય;**
**બંધ[૮], મોક્ષ[૯], નવ તત્ત્વ એ સાર, હવે કહું એહનો વિસ્તાર. ।।૨।।**

જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ દરેક નવતત્ત્વને હું વિસ્તારથી હવે કહીશ....૨.

**જીવતત્ત્વ ચેતન લક્ષણ જાણ, ચઉદ ભેદ એહના પરમાણ;**
**અજીવ અચેતન લક્ષણ જોય, ચૌદ ભેદ, એહના પણ હોય ।।૩।।**

જીવતત્ત્વનું લક્ષણ ચેતના છે. તેના ૧૪ (ચઉદ) ભેદ છે. અજીવતત્ત્વનું લક્ષણ અચેતના (ચેતના વગરનું) છે. તેના પણ ચૌદ ભેદ હોય છે......૩

**પુણ્ય કર્મ શુભ કર્મનો સંચ, બેંતાલીસ ભેદે તેહનો સંચ;**
**પાપ કર્મ અશુભ કર્મનો ઉદે, બાશી ભેદે જિનવર વદે ।।૪।।**

પુણ્ય કર્મ શુભ કર્મથી થાય છે. બેંતાલીશ ભેદથી તે એકઠા થાય છે (બંધાય). પાપકર્મ અશુભ કર્મના ઉદયથી થાય છે તેના પ્રભુએ બ્યાશી ભેદ કહ્યા છે......૪

**આશ્રવ (તત્ત્વ) કર્મ આવવાનો ઠામ, બેંતાલીશ ભેદે તે તામ;**
**સંવર તત્ત્વ આશ્રવ રુંધવો, સત્તાવન ભેદે સંસ્તવ્યો. ।।૫।।**

આશ્રવતત્ત્વ એ કર્મને આવવાની જગ્યા છે, તેના બેંતાલીશ ભેદ છે. સંવર તત્ત્વ એ કર્મને રોકવાની જગ્યા છે, તેને સત્તાવન ભેદથી વર્ણવ્યો છે....૫

**નિર્જરા તત્ત્વ ખપાવે તામ, બાર ભેદે તે અભિરામ;**
**બંધ તત્વના ચાર પ્રકાર, દેવ નર તિરી નરક વિચાર. ।।૬।।**

નિર્જરા તત્ત્વ એટલે કર્મ ખપાવવા. તેને બાર ભેદથી સમજાવ્યો છે. બંધ તત્ત્વથી કર્મનો બંધ થાય છે. દેવ, નરક, તિર્યંચ, મનુષ્ય એ ચાર ગતિ સ્વરૂપે બંધતત્ત્વના ૪ ભેદ થાય છે. ૬

**મોક્ષ તત્ત્વ કર્મ ક્ષય કરી જાય, નવ ભેદે તેહીજ કહેવાય;**
**બસે છોંતેર ભેદે વખાણ, શ્રાવક તે જે એહના જાણ. ।।૭।।**

જીવનો મોક્ષ કર્મ ક્ષય થવાથી થાય છે. તેને નવ ભેદથી સમજાવ્યા છે, આમ નવે તત્ત્વના કુલ બસો છોંતેર ભેદ થાય છે. તેને જે જાણે છે તેને જ શ્રાવક કહેવાય છે. ૭

## જીવત્તત્વ

**ચેતન લક્ષણ એક પ્રકાર, ત્રસથાવર દોય વિધ સાર;**
**ત્રણ વિધ પુરુષ સ્ત્રી નપુંસકે, સુરનર તિરિ નારકી ચૌ થાનકે. ।।૮।।**

એક પ્રકારે જીવ ચેતના લક્ષણથી છે. ત્રસ અને સ્થાવરના ભેદથી જીવ એ બે પ્રકારે છે. પુરુષ, સ્ત્રી અને નપુંસકના ભેદથી જીવ ત્રણ પ્રકારે છે દેવ મનુષ્ય તિર્યંચ, નારકી એના ભેદથી જીવ ચાર પ્રકારે છે....૮

**પાંચ પ્રકારે જીવજ કહું, એકેંદ્રિ બેઈંદ્રિય લહું;**
**તેઈંદ્રિય ચૌરેંદ્રિય સાર, પાંચે ઈંદ્રિયના બહુ પ્રકાર. ।।૯।।**

એકેન્દ્રિય, બેઈંદ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય, પંચેન્દ્રિય એમ ભેદથી જીવ પાંચ પ્રકારે છે...૯

**ષડ્ વિધ પૃથ્વી તેઉ અપકાય, વાયુ વનસ્પતિ છઠી ત્રસકાય;**
**પાંચસે ત્રેસઠ ભેદે જીવ, જિનવરજી ભાખે સદીવ. ।।૧૦।।**

પૃથ્વી, તેઉ, અપ, વાયુ, વનસ્પતિ અને છટ્ઠો ત્રસકાય એમ ભેદથી જીવ છ પ્રકારે છે. આમ, પરમાત્માએ જીવના કુલ ૫૬૩ ભેદ કાયમ બતાવ્યા છે. ૧૦

**બે ભેદે એકેંદ્રિય જોય, સુક્ષ્મ બાદર એ બે હોય;**
**સંજ્ઞી અસંજ્ઞી પંચેદ્રિ કહ્યા, ગુરુ વચને આગમથી લહ્યા ।।૧૧।।**

**બેઈંદ્રિય, તેઈંદ્રિય સાર, ચૌરેંદ્રિ એ સાતપ્રકાર;**
**એ સાતે પર્યાપ્તા કહ્યા, સાતે ઈમ અપર્યાપ્તા લહ્યા. ।।૧૨।।**

એકેન્દ્રિયના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ હોય છે. અને પંચેન્દ્રિયના સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે ભેદ ગુરુવચનથી મેં આગમથી જાણ્યા છે. સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય એમ ૭ પ્રકારે કહ્યા. આ સાતે જીવ પર્યાપ્ત અને અપર્યાપ્તા જાણવા..... ૧૧-૧૨.

**પર્યાપ્તા તે કહીએ જેહ, પર્યાપ્તિ પૂરી કરે એહ;**
**અપર્યાપ્તા પૂરી નવી કરે, ચોથી પર્યાપ્તિ કીધા વિણ મરે ।।૧૩।।**

જે જીવ પર્યાપ્તિ પૂર્ણ કરે તે પર્યાપ્તા કહેવાય અને પર્યાપ્ત પૂરી ન કરે તે જીવો અપર્યાપ્તા કહેવાય. ચોથી પર્યાપ્તિ પૂરી કર્યા વિના જ મૃત્યુ પામતા જીવ અપર્યાપ્ત કહેવાય. ૧૩.

**એ છે જીવના ચૌદ પ્રકાર, ધારે સમેદિઠ્ઠિ નરનાર;**
**જીવ જાણ્યા વિના સમકીત નહિ, એહવી વાત જિનવરે કહી. ।।૧૪।।**

આમ જીવના ચૌદ પ્રકાર જે નરનારી જાણે છે તે સમકિતી કહેવાય. પણ જે જીવ નથી જાણતો તે સમ્યગ્દષ્ટિ જીવ ન કહેવાય. એવું જિવનરે કહ્યું છે....૧૪

**હવે કહું પર્યાપ્તિનાં નામ, જેણે દ્વારે આવે જ્ઞાન;**
**સંસારી જીવને પર્યાપ્તિ કહી, સિદ્ધ જીવને પર્યાપ્તિ નહિ. ।।૧૫।।**

સંસારી જીવને પર્યાપ્તિ હોય અને સિદ્ધના જીવને કોઈ પર્યાપ્તિ હોતી નથી. હવે એ પર્યાપ્તિના નામ જણાવુ છુ જે દ્વારથી તેનું જ્ઞાન (સમજણ) મળશે....૧૫

**આહાર પર્યાપ્તિ પહેલી જાણ, શરીર પર્યાપ્તિ બીજી વખાણ;**
**ઈંદ્રિય પર્યાપ્તિ ત્રીજી કહી, શ્વાસોશ્વાસ એ ચોથી લહી. ।।૧૬।।**

પહેલી પર્યાપ્તિ – આહાર, શરીર પર્યાપ્તિ બીજી, ઈંદ્રિય પર્યાપ્તિ ત્રીજી અને ચોથી પર્યાપ્તિ શ્વાસોશ્વાસ જાણવી.....૧૬

**ભાષા પર્યાપ્તિ પાંચમી સહી, મનઃ પર્યાપ્તિ છઠી લહી;**
**એકેંદ્રિયને પર્યાપ્તિ ચાર, આહાર શરીર ઈંદ્રિય ઉદાર. ।।૧૭।।**

**શ્વાસોશ્વાસ એ ચારે જાણ, વિગલેંદ્રિયને પાંચ પ્રમાણ;**
**પાંચમી ભાષા તે વધી સાર, સંજ્ઞીને મનનો વિસ્તાર. ।।૧૮।।**

ભાષાપર્યાપ્તિ પાંચમી, છઠ્ઠી મનઃપર્યાપ્તિ છે. એકેન્દ્રિય જીવને આહાર, શરીર, ઈંદ્રિય, અને શ્વાસોશ્વાસ એ ચાર પર્યાપ્તિ હોય છે. વિકલેન્દ્રિયને ભાષા પર્યાપ્તિ સહિત પાંચ પર્યાપ્તિ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવને મનઃપર્યાપ્તિ સાથે ૬ પર્યાપ્તિ હોય છે. ૧૭-૧૮

**એકેંદ્રિયને ચાર જ પ્રાણ, સ્પર્શેંદ્રિયને કાયબલ જાણ;**
**શ્વાસોશ્વાસ ને આઉખો, પ્રાણ ચાર એમજ ઓળખો. ।।૧૯।।**

એકેન્દ્રિયને સ્પર્શનેન્દ્રિય, શરીરબળ (કાયબળ) શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ ચાર પ્રાણ જાણવા. ૧૯

**પ્રાણ ષટ્ બેઈંદ્રિયને હોય,**
**સ્પર્શ રસને કાયબળ હોય;**
**વચન બળ શ્વાસોશ્વાસ આયુ જાણ,**
**ભાખ્યો સિદ્ધાંતે એજ પ્રમાણ ।।૨૦।।**

સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, શરીરબળ, વચનબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય એમ બેઇન્દ્રિયને છ પ્રાણ હોય છે. આ પ્રમાણે સિદ્ધાંતમાં (આગમમાં) ભાખ્યું છે. ૨૦

**તેઈંદ્રિયને સાત જ પ્રાણ, સ્પર્શ રસ ઘ્રાંણેંદ્રિય જાણ;**
**કાયા વચન બળ શ્વોસશ્વાસ, સાતમો આયુ કહ્યો વિખ્યાત ॥૨૧॥**

સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય તથા ઘ્રાણેન્દ્રિય, કાયા તથા વચનબળ, શ્વાસોશ્વાસ અને સાતમો આયુષ્ય એમ સાત પ્રાણ તેઈન્દ્રિયને જાણવા. ૨૧

**પ્રાણ આઉ ચૌરેંદ્રિયને હોય, સ્પર્શરસ ઘ્રાણેંદ્રિ ચક્ષુ જોય;**
**તનુબલ વાગ્‌બલ જાણો એહ, શ્વાસોશ્વાસને આયુ તેહ. ॥૨૨॥**

ચઉરિન્દ્રિયને આયુષ્ય, સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, કાય (શરીર)બળ, વચનબળ અને શ્વાસોશ્વાસ એમ આઠ પ્રાણ હોય છે. ૨૨

**પંચેન્દ્રિયને પાંચે પ્રાણ,[1] મનબલ વચન કાયબલ જાણ;**
**શ્વાસોશ્વાસ અને આઉખો, સંજ્ઞી અસંજ્ઞી નવ દશ ઓળખો. ॥૨૩॥**

પંચેન્દ્રિયને પાંચે (પ્રાણ) ઇન્દ્રિય, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ, આઉખુ (આયુ) હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિયને મનબળ વિના નવ પ્રાણ અને સંજ્ઞીપંચેન્દ્રિયને મનબળ સાથે દસ પ્રાણ હોય છે. ૨૩

**જીવ તે જે પ્રાણજ ધરે, પ્રાણ વિના તે નિશ્ચે મરે;**
**જે નર જીવના પ્રાણજ હરે, તિણે હિંસા નરકે સંચરે. ॥૨૪॥**

આ દસ પ્રાણ જે ધારણ કરે તે જીવ છે. પ્રાણ વગર જીવ ચોક્કસ મરી જાય છે. જે જીવ બીજા જીવના પ્રાણની હિંસા કરે છે તે નરકમાં જાય છે. ૨૪

---
૧. ઇન્દ્રિય

**ધર્મ, અધર્મ અને આકાશાસ્તિકાય, ત્રણ ત્રણ ભેદ એહના પરકાશ;**
**ખંધ, દેશ અને પ્રદેશ દશમો કાલ કહ્યો સવિશેષ. ।।૨૫।।**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશના સ્કંધ, દેશ અને પ્રદેશ એમ ત્રણ ત્રણ ભેદ છે અને કાળ એ દસમો ભેદ છે. ૨૫

**ચલણ સહાય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તે સ્થિર સહાય;**
**અવકાશ લક્ષણ આકાશ કહ્યો, ગુરુ પસાય આગમથી લહ્યો. ।।૨૬।।**

ધર્માસ્તિકાય એ ચાલવામાં સહાય કરે છે. અધર્માસ્તિકાય સ્થિર રહેવામાં સહાય કરે છે. આકાશાસ્તિકાયનું લક્ષણ (ઓળખ) અવકાશ એટલે જગ્યા આપવી તે છે. આવું આગમમાંથી ગુરુ પાસેથી જાણવા મળ્યું છે. ૨૬

**કાળ તે જે સમયાદિક જાણ,**
**હવે કહું તેહનું પ્રમાણ;**
**અસંખ્યાત સમયે આવલિકા જોય,**
**કોડી એક સતસઠ લખ હોય. ।।૨૭।।**

**સિત્તોતેર સહસને બસે સોલ જોય, એટલી આવલિકાએ મુહૂર્તે હોય;**
**ત્રીશ મુહૂર્તે દિન રાત્રી જાય, ત્રીશે દિવસે માસ જ થાય. ।।૨૮।।**

કાળ પ્રમાણ કહું છું અસંખ્યાત સમય થાય ત્યારે એક આવલિકા થાય. એક કરોડ સડસઠ લાખ, સિત્યોતેર હજાર બસોને સોલ (૧,૬૭,૭૭,૨૧૬) આવલિકા થાય ત્યારે એક મુહૂર્ત થાય. ત્રીસ (૩૦) મુહૂર્તે એક દિવસ અને રાત્રિ થાય. ૩૦ દિવસે એક માસ (મહિનો) થાય..૨૭, ૨૮

**બારે માસે વર્ષ જ ગણો, પાંચે વર્ષે જુગ ઈમ સુણો;**
**વિશ જુગ તે સોનું નામ, કાલ અસંખ્ય એણી પરે જાણ. ।।૨૯।।**

બાર માસે એક વર્ષ થાય, પાંચ વર્ષે જુગ (યુગ) થાય. વીશ

(૨૦) યુગ થાય ત્યારે સો (૧૦૦) એટલે (સૈકો) કહેવાય. આવી રીતે અસંખ્ય કાલ થાય તે જાણવું. ૨૯

**પુદ્‌ગલના તો ચાર પ્રકાર, ખંધ, દેશ, પ્રદેશ એ સાર;**
**ચોથો ભેદ તે પરમાણુઓ, ખંધ, દેશ પ્રદેશથી જુઓ[૨]. ।।૩૦।।**

પુદ્‌ગલના સ્કંધ દેશ, પ્રદેશ અને પરમાણુઓ એ ચાર ભેદ છે. પરમાણુ એ સ્કંધ, દેશ, પ્રદેશથી જુદો છે. ૩૦

**એ ચઉદ ભેદ અજીવના જાણ, સમદિટ્ઠિ તે કરે પ્રમાણ;**
**હવે નવ વિધ પુન્યના સાર, ઉપાર્જવાનો કહુ વિચાર. ।।૩૧।।**

સમ્યક્‌દૃષ્ટિ જીવ અજીવના આ ચઉદ ભેદને પ્રમાણભૂત જાણે છે. હવે ૯ પ્રકારના પુન્યને ઉપાર્જવાના ઉપાયને કહું છું. ૩૧

## *પુણ્યતત્ત્વ*

**દાન માંહે ઉત્તમ અન્નદાન, બીજો પુન્ય પાણી પ્રધાન;**
**થાનક પુન્ય તે ત્રીજો સહિ, શય્યા પાટ તે ચોથું ગ્રહી. ।।૩૨।।**

પાત્રને અન્નદાન એ દાનમાં ઉત્તમ દાન છે. બીજુ પાણીનું દાન એ પુણ્યબંધનું બીજું કારણ છે. વસ્તીનું દાન ત્રીજું છે. શયનદાન એ પુણ્યબંધનું ચોથું કારણ છે. ૩૨

**વસ્ત્ર દાન દીજે શીતકાલ,**
**પુન્યે ફલે મનોરથ માલ;**
**મન પુન્ય, વચ પુન્ય, કાય પુન્ય જાણ,**
**નવમો નમસ્કાર પુણ્ય વખાણ. ।।૩૩।।**

શિયાળામાં પાત્રને વસ્ત્રનું દાન એ પુન્યબંધનું પાંચમું કારણ છે. મન, વચન, કાયાનો શુભ વ્યાપાર એ પુણ્યબંધનું છટ્ઠું, સાતમું અને આઠમું કારણ છે. દેવ-ગુરુને નમસ્કાર એ પુન્યબંધનું નવમું કારણ છે અને પુણ્યથી મનોરથો પૂરા થાય છે. ૩૩

૨. જુદો

**એ નવ પુણ્ય ઉપજવાના ઠામ, તેહનાં કહ્યાં જૂજવાં[3] નામ;**
**પુણ્ય ભોગવવાનો કહું પ્રકાર, બેંતાલીશ ભેદે તે સાર. ॥૩૪॥**

આ જે જુદા જુદા નામે નવ પુન્યબંધના કારણો છે તેમ પુન્યને ભોગવવાના બેંતાલીશ પ્રકાર છે. ૩૪

**સાતા વેદની સુખ જેહથી થાય, ઉંચ ગોત્ર ધૂર આસન લહેવાય;**
**મનુષ્ય ગતિ મનુષ્યાનુપૂરવી, ગતે જાતો નવિ ભૂલો ભમી. ॥૩૫॥**

જેનાથી સુખ પ્રાપ્ત થાય તે શાતાવેદનીય છે. જેનાથી અગ્રણી સ્થાન પ્રાપ્ત થાય તે ઉચ્ચગોત્ર છે. મનુષ્યાનુપૂર્વીના કારણે મનુષ્યગતિમાં જનારો જીવ ભૂલો ભમતો નથી. ૩૫

**દેવગતિ દેવાનુપૂર્વી જાણ, પંચેંદ્રિયની જાતિ પ્રમાણ;**
**ઔદારિક શરીર મનુષ્ય તિર્યંચ, વૈક્રિય દેવતા નારકી સંચ. ॥૩૬॥**

દેવગતિ, દેવાનુપૂર્વી અને પંચેન્દ્રિયજાતિ મનુષ્ય અને તિર્યંચને હોય છે તે ઔદારિક શરીર. દેવતા અને નારકીને હોય તે વૈક્રિય શરીર. આ બધા પુણ્યને ભોગવવાના સ્થાન છે. ૩૬

**આહારક ચઉદપૂર્વીને હોય, તેજ આહાર પચાવે સોય;**
**કાર્મણ તે કોદળારૂપ, ઔદારિક અંગોપાંગ સુરુપ. ॥૩૭॥**

ચૌદપૂર્વધરોને આહારક શરીર હોય છે. તૈજસ શરીર આહારને પચાવવાનું કામ કરે છે. કાર્મણ શરીર એ કોદળારૂપ છે. ઔદારિક અંગોપાંગ સુરૂપ (સારા) હોય છે. ૩૭

**વૈક્રિય અંગોપાંગ થુણું, આહાર અંગોપાંગજ ભણું;**
**વજ્ર ઋષભ નારાચ સંઘયણ, જિનજીનાં એ સાચાં વયણ. ॥૩૮॥**

પ્રભુએ સાચુ કહ્યુ છે કે વૈક્રિય અંગોપાંગ, આહારક અંગોપાંગ અને વજ્રઋષભનારચ સંઘયણ એ પુન્ય ભોગવવાના કારણ છે. ૩૮

---

૩. જુદાં-જુદાં.

**વજ્ર કહેતાં ખીલી જાણ, ઋષભ તેહ પાટોજ વખાણ;**
**નારાચ બેહુ પાસે મર્કટબંધ, પ્રથમ સંઘયણ એણી પરે સંઘ. ।।૩૯।।**

વજ્રઋષભનારાચ સંઘયણમાં વજ્ર એટલે ખીલી, ઋષભ એટલે પાટો અને નારાચ એટલે બે બાજુ મર્કટબંધ. પ્રથમ સંઘયણવાળાને આ વજ્રઋષભનારાચ સંઘયણ હોય છે. ૩૯

**વામ ઢિંચણથી જમણો ખભો,**
**દાહિણ ઢિંચણથી ડાબો ખભો;**
**મસ્તક અંગથી પલાઠી અંત,**
**જમણા ઢિંચણથી ડાબો ઢિંચણ જંત. ।।૪૦।।**

**સમ ચૌરસ કહિએ સંસ્થાન, ચિહું ભાગે એ સરિખો માન;**

વામ (ડાબા) ઢીંચણથી જમણો ખભો, જમણા (દાહિણ) ઢીંચણથી ડાબો ખભો, મસ્તકથી (માથાથી)પલાઠી, જમણા ઢીંચણથી ડાબો ઢીંચણ આમ ચાર ભાગેથી જેનું માપ સરખુ હોય તે પ્રથમ સમચોરસ સંસ્થાન કહેવાય. ૪૦

**શુભ વર્ણ રાતો પીળાદિક કહ્યો, શુભ રસ તે મધુરાદિક લહ્યો. ।।૪૧।।**

**શુભ ગંધ કપુર ચંપાદિક જેહ, શુભ ફરસ શુંવાલો તેહ;**
**અગુરુ લઘુ ભારે હલવું સહિ, પરાઘાત તે અન્ય સહે નહિ. ।।૪૨।।**

લાલ અને પીળો આદિ શુભ વર્ણ છે. મધુરાદિ શુભ રસ છે. કપૂર, ચંપાદિક જેવી શુભ ગંધ અને સુંવાળો શુભ સ્પર્શ છે. અગુરુલઘુ એટલે નહીં ભારે-નહીં હલકુ અને પરાઘાત એટલે અન્યને અભિભૂત કરનારું તેજ. ૪૧-૪૨

**શ્વાસોશ્વાસ સુખે લેવાય, ચોવીશમો તે એ કહેવાય;**
**આતપ તે સૂર્યની પરે, ઉદ્યોત તે અજવાળું કરે. ।।૪૩।।**

સારી રીતે સુખેથી શ્વાસોશ્વાસ લેવાય તે ચોવીસમો પુણ્યનો ભેદ છે. આતપ નામની પ્રકૃતિથી સૂર્ય જેવું અને ઉદ્યોત નામની

પુણ્યપ્રકૃતિથી ચંદ્રના તેજ જેવું શરીરનું પુણ્ય મળે છે. ૪૩

**નિર્માણ કર્મ તે સૂત્રધાર, અંગોપાંગ રુડો આકાર;**
**રૂડી ગતિ હંસ સરીખી જાણ, ત્રસ શક્તિ ચાલવાની આણ ॥૪૪॥**

**બાદર આવે દૃષ્ટિગોચરે,**
**પર્યાપ્તો પર્યાપ્તિ પૂરી કરે;**
**પ્રત્યેક શરીરે એક જ જીવ જોય,**
**સ્થિર નામે અંગોપાંગ નિશ્ચલ હોય. ॥૪૫॥**

શરીરની રચનામાં મુખ્ય છે તે નિર્માણ કર્મ, જેનાથી શરીરનો આકાર સારો બને તે અંગોપાંગ કર્મ, હંસ જેવી ચાલ તે શુભ વિહાયો ગતિ ચાલવાની (હલનચલનની) શક્તિ મળે તે. ત્રસ, બાદર એટલે અન્ય જીવો જોઈ શકે તેવું પુણ્ય, સ્વયોગ્ય પર્યાપ્ત પૂરી કરે તે પર્યાપ્તા. શરીરમાં એક જ જીવ હોય તે, પ્રત્યેક શરીરના અંગો સ્થિર રહે તે સ્થિર નામકર્મ પુણ્યના ભેદ છે. ૪૪-૪૫

**શુભ નામ ઉપરી રૂડો ભણું, સુભગ તે લોકને સોહામણું;**
**સુસ્વર બોલે મીઠે સ્વરે, આદેય વચન જે પ્રમાણ જ કરે. ॥૪૬॥**

જેનાથી નાભિની ઉપરના શુભ અવયવોની પ્રાપ્તિ થાય તે શુભનામ કર્મ લોકોમાં માન સન્માન મળે તે સૌભાગ્ય. જેનાથી કોયલ જેવા મધુર અવાજની પ્રાપ્તિને સુસ્વર અને જેનાથી લોકમાં પોતાનું વચન પ્રમાણભૂત થાય તે આદેય કર્મ પુણ્ય સ્વરૂપ છે. ૪૬

**જસ કર્મ જેહનો જસ બોલાય, સુરનર તિરિ આયું બંધાય;**
**તીર્થંકર નામ કર્મ જે જાણે, એ ભેદ બેંતાળીશ પુન્ય પ્રમાણ. ॥૪૭॥**

જગતમાં યશ (જસ) ફેલાય તે યશકર્મ. સુર, નર, તિર્યંચનું આયુષ્ય બંધાય અને તીર્થંકર નામકર્મ એમ ૪૨ પુણ્યના પ્રકાર છે. ૪૭

## પાપતત્ત્વ

### દુહા

**ચોથું તત્ત્વ હવે સાંભળો, પાપ તણો ઉદય એહ;**
**બ્યાશી ભેદ જિનવરે કહ્યા, મતિશું ધારો તેહ. ।।૪૮।।**

ચોથું પાપતત્ત્વ સાંભળો. જે પાપના ઉદય સ્વરૂપ છે, એવું તેના પરમાત્માએ બ્યાશી ભેદ કહ્યા છે. તેને બુદ્ધિથી સમજો અને વિચારો.

**મતિ શ્રુત અવધિ મનઃપર્યવ કેવળ જ્ઞાન એ પંચ;**
**આવરણ ઢાંકતાં હોય તે, પાપ તણા ફલ સંચ. ।।૪૯।।**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન એ પાંચે જ્ઞાનનું આવરણ તે પાપનું ફળ છે. ૪૯

### ચોપાઈ

**દાનાંતરાયે દાન ન દેવાય, લાભાંતરાયે લાભ નવી થાય;**
**ભોગાંતરાય છતે ભોગ વિયોગ, ઉપભોગંતરાયે નવી મળે જોગ. ।।૫૦।।**

જે દાન આપી ન શકે તેને **દાનાંતરાય,** જે લાભ મેળવી ન શકે તેને **લાંભાંતરાય,** ભોગવવા જેવી વસ્તુ હોતે છતે ભોગવી ન શકે તે **ભોગાંતરાય,** અને જે વસ્તુ ફરી ફરી વાપરી શકાય તેવી વસ્તુ વાપરી શકાય તેવા સંયોગોની પ્રાપ્તિ ના થાય તે તે **ઉપભોગાંતરાય કર્મ** છે, આ બધા પાપ કર્મ છે. ૫૦

**હવે કહું તે વીર્ય અંતરાય,**
**બળ પરાક્રમ નવી ફોરવાય;**
**ચક્ષુ દર્શનાવરણે નેત્ર નવી હોય,**
**અચક્ષુ દર્શનાવરણે ઈંદ્રી બલ નવી જોય. ૫૧।।**

જીવ શક્તિ-બળ ફોરવી શકતા નથી તે વીર્યાંતરાયકર્મ.

ચક્ષુ દર્શનાવરણથી ચક્ષુ(આંખ) નથી મળતી, અચક્ષુ

દર્શનાવરણથી બાકીની ચારેય ઈંદ્રિયોની સક્ષમતા મળતી નથી. ૫૧

**અવધિ દર્શનાવરણે અવધિ નવી ઉપજે,**
**કેવળ દર્શનાવરણે કેવળ ન સંપજે;**
**સુખે જાગે તે નિદ્રા જોય,**
**કષ્ટે જાગે તે નિદ્રાનિદ્રા હોય. ।।૫૨।।**

અવધિદર્શનાવરણના ઉદયે અવધિજ્ઞાન થતું નથી. કેવળ દર્શનાવરણ કેવળજ્ઞાનને થવા દેતુ નથી. સુખેથી જાગે તે નિદ્રા, પરાણે જાગે તે નિદ્રા નિદ્રા હોય છે. ૫૨

**બેઠા નિદ્રા આવે જેહ, પ્રચલા નિદ્રા કહીએ તેહ;**
**વાટે ચાલતાં ઊંઘતો જાય, પ્રચલા પ્રચલા તે કહેવાય. ।।૫૩।।**

**નિદ્રા માંહે કરે સર્વ કામ, થીણદ્ધિ[4] નિદ્રા તેહનું નામ;**
**નીચ ગોત્ર તે નીચી જાત, અસાતાવેદની પામે ઘાત. ।।૫૪।।**

બેઠા બેઠા ઊંઘે તે પ્રચલા કહેવાય. ચાલતા ચાલતા ઊંઘે તે પ્રચલા પ્રચલા, વળી ઊંઘમાં બધા કામ કરે તે થિણદ્ધિ કહેવાય.

નીચગોત્ર બાંધવાથી નીચ (હલકી) જાતમાં જન્મ મળે, તથા અશાતાવેદનીયથી શાતા મળતી નથી. ૫૩-૫૪

**મિથ્યાત્વ જે માને કુદેવ, કુધર્મ કુગુરુની કરે સેવ;**
**હાલ્યા ચાલ્યાની શક્તિ ન હોય, થાવરપણું તે કહીએ સોય. ।।૫૫।।**

જે લોકો કુદેવ, કુધર્મ, કે કુગુરુને માને અને તેની સેવા કરે, તે મિથ્યાત્વ કહેવાય. જેનામાં હાલવા ચાલવાની શક્તિ ન મળે તેને સ્થાવર કહેવાય છે. ૫૫

**દૃષ્ટિ ગોચરે ન આવે જીવ, તેહ કહીએ સૂક્ષ્મ સદીવ;**
**પર્યાપ્તિ પૂરી નવી હોય, અપર્યાપ્તો તે કહીએ સોય. ।।૫૬।।**

નરી આંખે દેખી ન શકાય એવા જીવો સૂક્ષ્મ કહેવાય છે.

૪. સ્ત્યાનર્દ્ધિ.

જે જીવોની પર્યાપ્તિ પૂરી થઈ ન હોય, અધૂરી રહી ગઈ હોય તે અપર્યાપ્તા જીવ કહેવાય. ૫૬

**એક શરીરે જીવ અનંત, સાધારણ તે કહીએ જંત;**
**દાંત હાડ અંગ હાલે ઘણો, પાપ ઉદય તે અથિર જ પણો. ।।૫૭।।**

એક જ શરીરમાં અનંતા જીવો રહ્યા હોય તે સાધારણ નામકર્મ કહેવાય.

દાંત પડી જવા, શરીરના હાડકા હલી જવા કે શરીરનું કોઈ પણ અંગ ઢીલુ પડી જાય તે અસ્થિર નામ કર્મરૂપી પાપોદય છે. ૫૭

**નાભિ ઉપર પાડુઓ આકર, અશુભપણું તે પાપ પ્રકાર;**
**ભુંડા બોલે લોક સહુ કોય, દુર્ભાગ્યપણું તે પાપ પ્રકાર. ।।૫૮।।**

અશુભ પાપકર્મના ઉદય વખતે નાભિની ઉપરના અંગોમાં ખરાબી આવે છે. દુર્ભાગ્ય નામકર્મના ઉદય વખતે બધા લોકો તમારે માટે ભુંડુ જ બોલે છે. ૫૮

**સ્વર બોલે જે અસૂયાતણો, પાપ ઉદય તે દુઃસ્વરપણો;**
**વચન ન માને જેહનો કોય, અનાદેય વચન પ્રમાણ ન હોય. ।।૫૯।।**

દુઃસ્વરપણું એ પાપનો પ્રકાર છે. તેના ઉદયમાં ભાષામાં ઈર્ષ્યા, સ્વાર્થ જણાય.

જે બોલે, કહે તેને બીજાઓ માને નહીં, સાંભળે નહીં, તેઓના બોલવાની કોઈને કિંમત ન હોય, અસર ન થાય એટલે તેને અનાદેય કર્મનો ઉદય કહેવાય. (બોલેલા વચનને કોઈ માને નહીં ત્યારે બહુ દુઃખ થાય માટે) તે પાપ પ્રકૃતિનો પ્રકાર છે. ૫૯

**રુડું કરતાં જસ ન બોલાય, અપજસપણું તેહિજ કહેવાય;**
**નરકગતિ નારકી આનુપૂર્વી, નરક આયુ એ પાપ અનુભવી. ।।૬૦।।**

સારુ કરે છતાં પણ જસ ન મળે તે અપયશ નામની પાપની પ્રકૃતિ છે. નરકગતિ, નરકાનુપૂર્વી, અને નરક આયુ. આ ત્રણ પણ પાપના પ્રકારો છે. ૬૦

**ક્રોધ, માન, માયા, લોભ જ જાણ, સંજવલનો એ પક્ષ પ્રમાણ;**
**ક્રોધ, માન, માયા, લોભ વિચાર, પ્રત્યાખ્યાની માસ જ ચાર. ।।૬૧।।**

સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભનો કાળ ૧૫ દિવસનો પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભનો કાળ ચાર મહિનાનો છે. ૬૧

**ક્રોધ, માન, માયા, ને લોભ, વરસ એક લગે એહનો થોભ;**
**અપ્રત્યાખ્યાની એ કહેવાય, પાપ ઉદય ત્યારે નવી જાય. ।।૬૨।।**

અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભની સ્થિતિ 1 વર્ષની હોય છે. અને તે પાપ કર્મનો ઉદય હોય છે. ૬૨

**ક્રોધ, માન, માયાને લોભ, જીવીતવ્ય લગે એહી જ થોભ;**
**અનંતાનુબંધી એહિ જ ચાર, પાપા ઉદયે રોલે સંસાર. ।।૬૩।।**

જીવે ત્યાં સુધી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભના ઉદય રહે છે. આ ચારે કષાયરૂપી પાપના ઉદયમાં જીવ સંસારમાં રખડે છે. ૬૩

**હાસ્ય રતિ અરતિ ભય શોક, છટ્ઠો તે દુગંછા થોક;**
**પુરુષ સ્ત્રી નપુસંક વેદગતિ, તિર્યંચ એકસઠમો ભેદ. ।।૬૪।।**

હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, અને છટ્ઠું દુગંછાનો સમૂહ, [હાસ્યષટ્ક] પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુસંકવેદ [વેદત્રિક] અને એકસઠમો ભેદ તિર્યંચ ગતિ આ બધા પાપના પ્રકારો [પ્રકૃતિ] છે. ૬૪

**તિર્યંચની આનુપૂર્વી જાણ, એકેન્દ્રિય તે પાપ પ્રમાણ;**
**બેઈંદ્રિય તેઈંદ્રિય સહિ, ચૌરેંદ્રિય તે પાપપ્રકૃતિ કહી. ।।૬૫।।**

તિર્યંચની આનુપૂર્વી, એકેન્દ્રિય, બેઈન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય આ બધી પાપપ્રકૃતિ કહી છે. ૬૫

**કુત્સિત ગતિ રાસભની જાણ, ઉપઘાત પડજીભી નાણ;**
**વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, વિચાર, એ પામે તે અશુભ અસાર. ।।૭૬।।**

ગધેડા જેવી ખરાબ ગતિ તે અશુભ વિહાયોગતિ કહેવાય, ઉપઘાત (પોતાનાથી પોતાનો પરાભવ) પડજીભી જાણવી. અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પાપ પ્રકૃતિના પ્રકારો છે. ૬૬.

**પાટો બેહુ દિશે મર્કટબંધ,**
**રિષભ નારાચ સંઘયણ સંઘ;**
**બિહુ દિશિ મર્કટબંધ ખીલી નહિ,**
**નારાચ સંઘયણ એ વાત જ કહી. ।।૭૭।।**

બે બાજુ મર્કટબંધ અને તેની ઉપર હાડકાનો પાટો તે ઋષભ નારાચ સંઘયણ, ખીલી વગેરે નહી માત્ર બે બાજુ મર્કટબંધ તે નારાચ સંઘયણ કહેવાય. ૬૭

**એક દિશિ મર્કટ બંધજ હોય, અર્ધ નારાચ સંઘયણ એ જોય;**
**કીલિકા ખીલીવાલી જોય, છેવટે સંધિ લગાડી હોય. ।।૭૮।।**

એક બાજુ મર્કટ બંધ હોય, તે અર્ધ નારાચ સંઘયણ કહેવાય. કીલીકા સંઘયણમાં બે હાડકા ખીલીથી જોડાય છે. છેલ્લા છેવટ્ઠા સંઘયણમાં માત્ર બે હાડકા એકબીજાથી જોડાયેલા હોય છે. ૬૮

**નાભિ ઉપર રૂડો લહ્યો, નિગોહ[5] સંઠાણ ઈણી પરે લહ્યો;**
**નાભિ નીચે તે રુડો જાણ ઊંચે ભુંડો તે સાદિ સંઠાણ ।।૭૯।।**

નાભીની ઉપરના અવયવો સારા હોય તે ન્યગ્રોધ સંસ્થાન કહેવાય. નાભીની નીચેના અવયવો સારા અને ઉપરના ખરાબ હોય તે સાદિ સંસ્થાન કહેવાય. ૬૯

---

૫. ન્યગ્રોધ.

**વામન સંઠાણ એણી પરે જોય, મસ્તક ગ્રીવા હાથ પગ હોય;**
**કુજ્જ પુંઠ ઉદર અસાર, એકાશીમો પાપ વિચાર. ॥૭૦॥**

જેમા માથુ, હાથ, પગ, અને ડોક વગેરે અવયવો લક્ષણયુક્તના હોય તે વામન સંસ્થાન કહેવાય જેમાં પૂંઠ, પેટ છાતી વગેરે અવયવો લક્ષણ રહિત હોય તે કુબ્જ સંસ્થાન કહેવાય. આ એક્યાસીમો પાપનો પ્રકાર છે ૭૦

**સઘળાં અંગોપાંગ કુરુપ, હુંડકનો એ કહ્યો સ્વરૂપ;**
**બાસી ભેદ તે પાપના જોય, સમદિટ્ઠિ તે છાંડે સોય. ॥૭૧॥**

બધા અંગોપાંગ ખરાબ હોય તે હુંડક સંસ્થાન કહેવાય. આ બ્યાશીમો પાપનો ભેદ છે. પાપના આ બ્યાશી ભેદ સમ્યક્દ્દષ્ટિ જીવો છોડે છે. ૭૧

## આશ્રવ તત્ત્વ

### દુહા –

**શ્રી જિનવરજી એ ભાષિયા(ભાખિયા), પ્રશ્નવ્યાકરણ મોઝાર;**
**પાપ આવે જેણે થાનકે, તેહના પંચ પ્રકાર. ॥૭૨॥**

**ભેદ બેંતાલીશ કહ્યા, સૂત્રમાંહિ વિસ્તાર;**
**સમકિત ધારી તે સહિ, જાણે એહ વિચાર. ॥૭૩॥**

શ્રી જિનવર પ્રભુએ પ્રશ્નવ્યાકરણ ગ્રંથમાં પાપ આવવાના પાંચ સ્થાન કહ્યા છે. સૂત્રમાં તેના બેંતાલીશ ભેદને વિસ્તારથી જણાવ્યા છે, તેને સારી રીતે જાણે તે સમ્યક્દ્દષ્ટિ છે. શકે છે. ૭૨-૭૩

### ચોપાઈ

**ઈંદ્રિય પાંચ તે જિનવરે કહી, પાપ આવે તિણે કરી સહી;**
**ક્રોધ, માન, માયા, લોભ એ ચાર, પ્રાણાતિપાત જીવનો સંહાર. ॥૭૪॥**

ભગવાને પાંચ(૫) ઈંદ્રિય દ્વારા પાપ આત્મામાં આવે છે તેવું

કહ્યુ છે. (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભએ ચાર અને (૧૦) પ્રાણાતિપાત જેનાથી જીવનો સંહાર (નાશ) થાય છે. ૭૪

**મૃષાવાદ જૂઠો ઉચ્ચ રે, અદત્તાદાન તે ચોરી કરે;**
**મૈથુન જે પરસ્ત્રીની સેવ, પરિગ્રહ ઉપર મન નિત્યમેવ. ॥૭૫॥**

(૧૧) જૂઠ્ઠુ બોલવાથી મૃષાવાદનું પાપ, (૧૨) અદત્તાદાન એટલે ચોરીનું પાપ, (૧૩) પરસ્ત્રી (પુરુષ) સાથે સંબંધથી મૈથુન (બ્રહ્મચર્ય)નું પાપ, (૧૪) મનની મૂર્ચ્છા એ પરિગ્રહ આમ (પાંચ અવ્રત)થી પાપનું આવવુ તે પણ આશ્રવ છે. ૭૫

**મન, વચન, કાયાના જોગ, વિપરીતપણે વર્તાવે લોગ;**
**કાયા અ જયણાયે વાવ રે તેહ, કાયિક ક્રિયા કહીએ તેહ. ॥૭૬॥**

(૧૫) મન, (૧૬) વચન, (૧૭) કાયાના યોગની વિપરીત પ્રવૃત્તિ તે પાપને આવવાના સ્થાન છે.

૨૫ ક્રિયા દ્વારા પાપ આવી શકે છે. જે હવે જાણીએ.

(૧) કાયાથી જ્યણા ન પાળવી એ કાયિકીક્રિયા કહેવાય છે, ૭૬

**હલ, ઉખલ, ઘરટી, કોદાલ, અધિકરણ ક્રિયા એહિજ ચાલ;**
**જીવ અજીવ ઉપર કરે રીસ, પાઓસિયા ક્રિયા તે નિશદિશ. ॥૭૭॥**

(૨) અધિકરણ એટલે નવા શસ્ત્રો બનાવવા કે જૂના શસ્ત્રોને એકબીજા સાથે જોડવા. જેમ કે હળ, ઉખલ, ઘંટી, કોદાળી વગેરે અધિકરણિકી ક્રિયા જણાય છે.

(૩) પ્રાઓસિય ક્રિયા એટલે પ્રાદ્વેષિકી ક્રિયામાં જીવ કે અજીવ ઉપર વારંવાર દ્વેષ કરવો. તેનાથી આત્મામાં પાપનો પ્રવેશ થાય છે. ૭૭

**પરિતાપની ક્રિયા તે ધરે, પર આપણને[6] પીડા કરે;**
**પ્રાણાતિપાતકી જીવનો નાશ, આરંભીયા કરસણ[7] પ્રકાશ. ॥૭૮॥**

---

૬. પર આત્માને. ૭. ખેતી.

(૪) પરિતાપનિકી ક્રિયા દ્વારા પોતાને કે બીજાને પીડા આપવી અને (૫) પ્રાણાતિપાતિકી ક્રિયા દ્વારા પોતાની કે બીજાની હિંસા કરી આત્માને દુઃખ આપવું.

(૬) આરંભિકી ક્રિયા એટલે ખેતી વગેરે કરવી તે. ૭૮

**અનેક પદાર્થ ઉપર મમતા સહી, પરિગ્રહીયા ક્રિયા તે કહી;**
**માયાવત્તિયા ક્રિયા જાણ, પરની વંછના કરે અજાણ. ॥૭૯॥**

(૭) જેમાં ધન ધાન્ય આદિનો સંગ્રહ કરી અનેક પદાર્થો પર મમત્વ કરવું તે. પારિગ્રહિકી ક્રિયા. (૮) માયા કરી અંદરનો ભાવ છૂપાવી બહાર જુદો ભાવ બતાવવો કે જૂઠી સાક્ષી-લખાણ માયાવત્તિયા ક્રિયા. ૭૯

**મિથ્યા દર્શન વત્તિયા હેવ,**
**કુગુરુ કુદેવની કરે સેવ;**
**અપચ્ચક્ખાણ પચ્ચક્ખાણ નવી ધરે,**
**સ્ત્રી પ્રશંસા દૃષ્ટિકી કરે. ॥૮૦॥**

(૯) મિથ્યાદર્શનવત્તિયા ક્રિયાના કારણે કુદેવ-કુગુરુની સેવા કરે. (૧૦) અપ્રત્યાખ્યાનીય ક્રિયામાં પચ્ચક્ખાણ કે નિયમ કરવામાં માને નહીં. (૧૧) સ્ત્રી વગેરે જીવો કે આભૂષણ વગેરે અજીવોને પ્રશંસા કે રાગથી જોવા તે દૃષ્ટિકી ક્રિયા આશ્રવના સ્થાન છે.૮૦

**પુષ્ટકી ક્રિયા એમ ઉચરે, ભલો ભુંડો દેખી રાગ દ્વેષજ કરે;**
**પાડુચિયા ક્રિયા તે કહેવાય, કીણહીકની વસ્તુ દેખી ન જાય. ॥૮૧॥**

(૧૨) પુષ્ટકી ક્રિયા એમ જણાવે છે કે જીવ અજીવ પ્રત્યે રાગથી સ્પર્શ કરવો અને (૧૩) પુડુચિયા ક્રિયાથી જીવ બીજાની સારી ખરાબ વસ્તુ જોઈ ન શકે, સહન કરી ન શકે અને રાગ-દ્વેષ કરે તે આશ્રવનું સ્થાન છે. ૮૧

**સામંતોવણીયા ક્રિયા પાતકી,**
**ઠામ ઉઘાડાં રાખ્યા થકી;**
**નેસથીઆ અન્ય પાસે શસ્ત્ર ઘડાય,**
**સાહથ્થિયા પોતે શસ્ત્ર કરાય. ॥૮૨॥**

(૧૪) સામંતોપનિપાતિકી ક્રિયા એટલે ઘી-તેલ વગેરેના ભાજન (વાસણ) ખુલ્લા રાખે. (૧૫) નેસથીયા ક્રિયા દ્વારા બીજા પાસે શસ્ત્ર વગેરે ઘડાવે (૧૬) સ્વહસ્તિકી ક્રિયા એટલે પોતે જાતે શસ્ત્ર બનાવવા. ૮૨

**જીવ અજીવ વિણસે અણાય, આણવણિયા ક્રિયા કહેવાય;**
**વિયારણીયા ક્રિયા તે જાણ, જીવ અજીવ વિદારે આણ. ॥૮૩॥**

(૧૭) જીવ-અજીવનો નાશ થાય તેવી આજ્ઞા તે આજ્ઞાપનિકી ક્રિયા, અને (૧૮) વિયારણીયા ક્રિયા દ્વારા જીવ અજીવની સાથે ઠગાઈ કરવી કે ફાડી-તોડી નાખવા તે. ૮૩

**જમતાં ભાણાંમાં માખી મરે, અણાભોગ ક્રિયા તે ધરે;**
**જીણ કીધે લોકમાં ભુંડો થાય, અણવકંખ ક્રિયા કહેવાય. ॥૮૪॥**

(૧૯) જમતા ભાણામાં અજાણતા માખી-મચ્છર પડે અને મરી જાય તે (કે ઉપયોગ વગર કોઈપણ વસ્તુ લેવી મૂકવી તે) અણાભોગ ક્રિયા થાય. (૨૦) પોતાના હિતને ધ્યાનમાં રાખ્યા વગર લોક-પરલોકમાં એવું ખરાબ આચરણ કરે જેનાથી ખરાબ થાય, તે અણવકંખ ક્રિયા આશ્રવનું સ્થાન છે. ૮૪

**અન્ય પાસે જે પાપ કરાય, અણાપયોગ ક્રિયા લગાય;**
**ઘણા જણનો મન એકીજ થાય, સામુદાયિકી ક્રિયા કહેવાય. ॥૮૫॥**

(૨૧) બીજા પાસે જે પાપ કરાવાય તે અણાપયોગ (અન્યપ્રયોગ-પરપ્રત્યયિકી) ક્રિયા અને (૨૨) અનેક લોકો ભેગા થઇને જે પ્રવૃત્તિ કરે તે અથવા અનેક લોકોનું મન સરખી

વિચારધારાથી વર્તે તે સામુદાયિક ક્રિયા થાય. ૮૫

**મિત્રાદિ અર્થ જે કરે કર્મ, પિજ્જવતિયા[૮] એહનો મર્મ;**
**અણબોલે ક્રિયા બંધાય, દોષવત્તિયા[૯] તે કહેવાય. ॥૮૬॥**

(૨૩) મિત્ર વગેરે માટે જે કરાય તે (પોતે પ્રેમ કરવો કે બીજાને પ્રેમ ઉપજે તેવી ક્રિયા કરવી તે) પિજ્જવત્તિયા ક્રિયા અને (૨૪) અબોલા વગેરે લેવાથી (પોતે દ્વેષ કરવો કે બીજાને દ્વેષ થાય તેવી) થતી ક્રિયા દોષવત્તિયા કહેવાય. ૮૬

**ઈર્યાપથિકી ક્રિયા વિચરંતા જોય, પચવિશમી ક્રિયા લાગે સોય;**
**ભેદ બેંતાલીસ આશ્રવના કહ્યા, ગુરુ વચને આગમથી લહ્યા. ॥૮૭॥**

માત્ર યોગરૂપ હેતુવાળી ક્રિયા (મિથ્યાત્વ, અવિરતિ, કષાય વગરની) ૧૧, ૧૨, ૧૩, ગુણસ્થાનકે હોય તે ઈર્યાપથિકી ક્રિયા કહેવાય. જે પચ્ચીસમી ક્રિયા થઈ. (૨૫)

આમ ગુરુવચનથી આશ્રવના 42 ભેદ જે આગમમાં જણાવેલા છે તે જણાવ્યા છે. ૮૭

## સંવરતત્ત્વ

### દુહા –

**ભેદ વીશ સંવરના કહ્યા, ઠાણાંગ સૂત્ર મોઝાર;**
**ભેદ સત્તાવન પણ કહ્યા, ગ્રંથાતરથી વિચાર ॥૮૮॥**

**ભેદ સત્તાવન હવે કહું, સંવરના જગ સાર;**
**મન શુદ્ધે પાળે પ્રેમશુ, તે ઉતરે ભવ પાર. ॥૮૯॥**

ઠાણાંગસૂત્રમાં સંવરતત્ત્વના વીશ ભેદ જણાવ્યા છે. અન્ય ગ્રંથો પ્રમાણે સંવરના સત્તાવન ભેદ પણ કહ્યા છે. સંવરના સત્તાવન ભેદને હવે કહીશ. તે શુદ્ધ ભાવે સંયમ પાળે છે તે ભવ પાર ઉતરે છે. ૮૮-૮૯

૮. પ્રેમ પ્રત્યયકી. ૯. દ્વેષપ્રત્યયકી.

## ચોપાઈ

**ધુંસર પ્રમાણે જુએ જેહ, ઈર્યાસમિતિ કહીએ તેહ;**
**સાવદ્ય ટાલી નિરવદ્ય ઉચરે, ભાષા સમિતિ ઈણી પરેધરે. ॥૯૦॥**

(૧) ધુસર પ્રમાણે (એટલે સાડા ત્રણ હાથ પ્રમાણે) નીચે જમીન પર ઉપયોગપૂર્વક જોતા જોતા ચાલવું એને ઈર્યાસમિતિ પૂર્વક ચાલવું તેમ કહેવાય.

(૨) જેમાં હિંસાદિ પાપો લાગે તેવા વચન, આદેશના વચનો અસત્ય વચન, ચોક્કસ જકારપૂર્વકના વચનો એટલે સાવદ્ય વચન. આવા વચનો બોલવાનું છોડી નિરવદ્ય વચન (મુહપત્તિના ઉપયોગપૂર્વક બોલવું, પ્રાયઃ, વર્તમાન જોગ, ક્ષેત્ર સ્પર્શના વગેરે શબ્દનો ઉપયોગ કરવો) ભાષાસમિતિ ધારવી. ૯૦

**દોષ રહિત જે લીયે આહાર, એષણા સમિતિ કહીયે સાર;**
**લેતાં મૂકતાં જયણા કરે, આદાન નિખેવણા ચિત જ ધરે. ॥૯૧॥**

(૩) શાસ્ત્રમાં કહ્યા મુજબ ૪૨ દોષથી રહિત આહાર ગ્રહણ કરવો તે એષણાસમિતિ છે.

(૪) (વસ્ત્ર-પાત્રા વગેરે) કોઈ વસ્તુ લેતા મૂકતા જોવું જયણા કરવી તે આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતનું પાલન છે. ૯૧

**જીવ જતન કરી પરઠવે, પારિઠાવણિયા સમિતિ ઈમ સ્તવે;**
**મન સાથે નવી કરે પાપ, મનગુપ્તિ તે ઈણી પરે થાય. ॥૯૨॥**

(૫) (મળ-મૂત્ર, કફ, થુંક, અશુદ્ધ આહાર, નિરુપયોગી વસ્ત્ર વગેરે) જીવરહિત જગ્યાએ અથવા જીવની યતનાપૂર્વક પરઠવવું તે પારિષ્ઠાપનિકા સમિતિ કહેવાય.

(૬) મનથી ખરાબ-અશુભ વિચારોરૂપી પાપ ન કરે અને મનને શુભ પ્રવૃત્તિમાં રાખે તે મનગુપ્તિ કહેવાય. ૯૨

**સાવદ્ય વચન તે બોલે નહિ, વચન ગુપ્તિ તે કહીએ સહિ;**
**સંવરી રાખે આપણી કાય, કાયગુપ્તિ તે કહેવાય. ॥૯૩॥**

(૭) સાવદ્ય વચન બોલવું નહી (અને નિરવદ્ય વચનમાં મુહપત્તિના ઉપયોગ પૂર્વક પ્રવૃત્તિ કરવી તે વચનગુપ્તિનું પાલન છે.

(૮) કાયાને ખોટા કામમાં પ્રર્વતાવતી અટકાવી. એટલે સાવદ્યથી અટકાવવી અને નિરવદ્યમાં પ્રવર્તાવવી તે કાયગુપ્તિનું પાલન છે. ૯૩

**આરંભ ન કરે ભૂખ્યો રહે, ક્ષુધા પરિસહ ઈણી પરે સહે;**
**કાચું પાણી ન પીએ લગાર, તૃષા ખમે તૃષા પરિસહ સાર. ॥૯૪॥**

**શીત પરિસહ શીતજ ખમે, અગ્નિ ન વાંછે કાયા દમે;**
**ઉષ્ણ પરિષહ લાગે તાપ, સ્નાન ન વાંછે કહિએ આપ. ॥૯૫॥**

(કર્મની નિર્જરા માટે સંયમમાર્ગનો ત્યાગ કર્યા વિના સમતાપૂર્વક સહન કરવું તે પરિસહ કહેવાય છે. પરિસહો બાવીશ છે.)

(૧) ભૂખને સહન કરે પણ મનમાં આર્તધ્યાન ન કરે કે આરંભ ન કરે તે ક્ષુધા પરિસહ છે.

(૨) ગમે તેટલી તરસ લાગી હોય તો પણ કાચુ પાણી કે મિશ્ર પાણીનો ઉપયોગ કર્યા વગર તરસને સહન કરે તે તૃષા પરિસહ.

(૩) ઠંડી સહન કરે પણ અગ્નિ કે અકલ્પ્ય વસ્ત્રાદિની ઈચ્છા ન કરે અને કાયાનું દમન કરે તે શીત પરિસહ.

(૪) ગમે તેટલી અસહ્ય ગરમી તડકો લાગે છતાં (ચાલવામાં છત્રી,) શરીર પર સ્નાન (કે થોડા પાણીના ટીપાથી ગરમી દૂર) કરવાની ઈચ્છા ન કરે તે ઉષ્ણ પરિસહ છે. ૯૫

**ડાંસ માંખ પરિસહ સહી, ડાંસ માંખ ઉડાડે નહિ;**
**વસ્ત્ર છતે વસ્ત્ર વાંછે નહિ, અચેલ પરિસહ કહીએ સહી. ॥૯૬॥**

(૫) (મચ્છર, જું, માંકડ,) માંખી, ડાંસ વગેરે ડંખ મારે તો પણ (તેના પર ગુસ્સો નહીં, મારે નહી કે ત્યાંથી) દૂર કરવાની ઈચ્છા પણ ન કરે કે ઉડાડે નહીં, તે દંશપરિસહ. (૬) વસ્ત્ર ન મળે કે જીર્ણ મળે તો પણ મેળવવાની ઇચ્છા ન કરે (બહુ મૂલ્યવાન વસ્ત્રની ઈચ્છા ન કરે અને જીર્ણ(સાદા) વસ્ત્ર ધારણ કરે) તે અચેલ પરિસહ કહેવાય. ૯૬

**અરતિ પરિસહ મન ઉદ્વેગ, સ્ત્રી દેખી આણે સંવેગ;**
**ચર્યા પરિસહ વિહારજ કરે, સંકટ સહે મન ધીરજ ધરે. ॥૯૭॥**

(૭) ગમે તેટલી પ્રતિકૂળતાદિ આવે ત્યારે (કંટાળો ન કરે. સંયમ છોડવાની ઈચ્છા પણ ન કરે અને) શુભ ભાવના ભાવે તે અરતિ પરિસહ છે.

(૮) (સ્ત્રીના અંગોપાંગ જોવા નહીં. કારણ કે સંયમમાર્ગમાં સ્ત્રી વિઘ્નકર્તા છે તેથી તેના પ્રત્યે રાગદૃષ્ટિ ન રાખવી કે તેને આધીન થવુ નહીં) સ્ત્રી દેખી સંવેગભાવના ઘુંટે તે સ્ત્રી પરિસહ છે.

(૯) ચર્યા પરિસહમાં (એક સ્થાને સદાય માટે ન રહેવું) ગામોગામ વિહાર કરવા. વિહારમાં કંટાળવું નહી અને નવકલ્પી વિહાર કરવો. આમ ત્રણે ય પરિસહમાં ગમેતેવા સંકટના સમયમાં મનથી ધીરજ ધરે. ૯૭

**સજ્જાય ભોમી ડોલે નહિ, નિસિહિયા પરિસહ એહજ સહિ;**
**રુડો ભુંડો સ્થાનક નવી કહે, શય્યા પિરસહ નિશદીન સહે. ॥૯૮॥**

(૧૦) ઊંચી-નીચી શય્યા (સંથારાની જગ્યા) આવે તો તે પ્રતિકૂળતા સામે ઉદ્વેગ ન કરે કે અનુકૂળ જગ્યા મળવાથી હર્ષ ન કરે.

(૧૧) સ્ત્રી, નપુસંક, પશુ આદિ સ્થાનોમાં ન રહેવું, સ્મશાન કે ખાલી ઘરમાં રહેવું તે નિસિહિયા પરિસહ છે. ૯૮

**કડવાં વચન અહિયાસે જેહ, આક્રોશ પરિસહ કહીએ તેહ;**
**મારતાં ક્ષમા સર્વદા કરે, ક્રોધ (વધ?) પરિસહ ઈણીપરે સહે. ।।૯૯।।**

(૧૨) કોઈ કડવા વચનો બોલે (કે તિરસ્કાર કરે તો તેના ઉપર દ્વેષ ન કરવો પણ ઉપકારી માનવો) તો પણ તેને સહન કરે તે આક્રોશ પરિસહ છે.

(૧૩) કોઈ મારે કે હણે તો તે મારનાર પર ક્રોધ ન કરે દ્વેષ ન રાખે. અને તેના માટે કોઈ ખરાબ વિચાર ન કરે. તે વધ પરિસહ છે. ૯૯

**ભિક્ષા માંગતા ન કરે અભિમાન, યાચના પરિસહ ઈણવિધ જાણ;**
**અણલાવે દીનજન ન થાય, અલાભ પરિસહ તે કહેવાય. ।।૧૦૦।।**

(૧૪-૧૫) ભિક્ષા વગેરેની (ગોચરી, પાણી, વસ્ત્રાદિની) યાચના કરવામાં માન વચ્ચે ન લાવે તેમજ (ગોચરી, પાણી, વસ્ત્રાદિની) યાચના કરવા છતાં ન મળે તો લાભાન્તરાયકર્મનો ઉદય સમજી ઉદ્વેગ ન કરવો દીન ન થાય. તે યાચના અને અલાભ પરિસહ સમજવા. ૧૦૦

**રોગ આવ્યો ઔષધ નવી કરે, રોગ પરિસહ એણી પરે ધરે;**
**ડાભ તૃણનો ફરસજ સહે, તૃણફાસ પરિસહ ઈણવિધ કહે. ।।૧૦૧।।**

(૧૬) રોગ આવે (ત્યારેય સ્થવિરકલ્પી મુનિ શાસ્ત્રવિધિ મુજબ નિર્દોષ ઉપચારો કરે અને ન મટે ત્યાં સુધી સમતાપૂર્વક પોતાના કર્મનો ઉદય સમજી ધીરજપૂર્વક સ્વીકારે. જિનકલ્પી મુનિ ઔષધ ન કરે તે રોગ પરિસહ છે.

(૧૭) તૃણનો (ડાભનો) સંથારો હોય તો તેની અણીઓ વાગે કે વસ્ત્રનો સંથારો કકર્શ હોય તો શરીરને ખૂંચે તો પણ ઉદ્વેગ

ન કરતાં સમતાથી સહન કરે તે તૃણ પરિસહ છે. ૧૦૧

**શરીરનો મલ ઉતારે નહિ, મલ પરિસહ એ કહીએ સહી;**
**આદર દેખી ન કરે અભિમાન, સત્કાર પરિસહ એહીજ જાણ. ।।૧૦૨।।**

(૧૮) શરીર પરના મેલને સાફ કરે નહીં કે સાફ કરવાની ઈચ્છા પણ ન કરે, (તેમજ વસ્ત્ર મેલા હોય તો દુર્ગંછા પણ ન કરે.) તે મલ પરસિહ છે.

(૧૯) લોકમાં માન, સન્માન, સત્કાર, પ્રશંસા મળે તો આનંદ ન પામે અને ન મળે તો ઉદ્વેગ ન કરે તે સત્કાર પરિસહ છે. ૧૦૨

**ભણ્યા ગણ્યાનો ગર્વ નવી કરે,**
**પ્રજ્ઞા પરિસહ એણી પરે ધરે;**
**ભણતાં ન આવડે તવ દીન ન થાય,**
**અન્નાણ પરિસહ એ કહેવાય. ।।૧૦૩।।**

(૨૦) બહુ હોંશિયાર કે બુદ્ધિશાળી હોય તો અભિમાન કે ગર્વ ન કરે તે પ્રજ્ઞા પરિસહ. (૨૧) ઓછી બુદ્ધિ હોય કે અજ્ઞાન હોય તો શોક ન કરે કે ઉદ્વેગ – કંટાળો ન લાવે. તે અજ્ઞાન પરિસહ. (બંન્ને વખતે કર્મનો ઉદય સમજી સમતામાં લીન બને.) ૧૦૩

**સમકિતથી નવી ડોલે જેહ, સમકિત પરિસહ કહીએ તેહ;**
**એ બાવીશે પરિસહ કહ્યા, ગુરુ વચને આગમથી લહ્યા. ।।૧૦૪।।**

(૨૨) (ઉપસર્ગ કે કષ્ટ આવે ત્યારે શાસ્ત્રના સૂક્ષ્મ અર્થ ન સમજાય કે પરદર્શનમાં ચમત્કાર દેખી) પ્રભુએ ભાખેલા શાસ્ત્રોથી ચલાયમાન ન થાય. ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ડગે નહી તે સમકિત પરિસહ છે.

આગમમાં બતાવ્યા મુજબના આ બાવીસે પરિસહ ગુરુગમથી

મેં કહ્યા. ૧૦૪

**ખાંતિ ક્ષમા જે ક્રોધ નવી કરે, માર્દવપણું તે અભિમાન ન ધરે;**
**આર્જવપણું કપટ નવી કરે, સરલપણાને ચિત્તજ ધરે. ॥૧૦૫॥**

(૧) ક્રોધ પર કાબૂ રાખી ક્ષમા રાખવી તે ખાંતિ, (૨) નમ્રતા રાખી અભિમાન ન કરવુ તે માર્દવપણું. (૩) કપટ ના કરવું તે સરળતા (આર્જવ). ૧૦૫

**મુક્તિ તે લોભનો પરિહાર, તપ દુભેદે કહ્યો સાર;**
**સંયમ સત્તર ભેદે આણ, સત્ય સાચો બોલે તે જાણ. ॥૧૦૬॥**

(૪) લોભનો પરિહાર કરી નિર્લોભીપણુ અપનાવવુ તે મુક્તિ,

(૫) બે પ્રકારથી ઈચ્છાનો ત્યાગ કરવો તે તપ,

(૬) સંયમ સત્તર ભેદે કહ્યુ છે. (એમાં પાંચ મહાવ્રત, પાંચ ઈન્દ્રિયો પર કાબૂ, ચાર કષાયો પર વિજય અને ત્રણ દંડ પર કાબૂ રાખવો તે.) અને (૭) સાચું બોલવું તે સત્ય... ૧૦૬

**જિન ક્રિયાએ કર્મ લાગે નહિ, શૌચપણું તે કહીએ સહિ;**
**અકિંચનપણે ધન ન રખાય, નવ વાડ સહિત બ્રહ્મચર્ય કહેવાય. ॥૧૦૭॥**

(૮) મન, વચન, કાયાની જે ક્રિયા કરવાથી કર્મનો બંધ થતો નથી તે શૌચ છે.

(૯) કોઈપણ વસ્તુ પર મમત્વ ન રાખવું, વિશેષ કરી ધન પર પણ મૂર્છા ન રાખવી તે અકિંચનતા. (૧૦) બ્રહ્મચર્યની નવવાડનું પાલન અને મૈથુનનો મન-વચન-કાયાથી ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય ધર્મ કહેવાય. ૧૦૭

**દશવિધ યતિ ધર્મ કહ્યો સાર, ચાલીશમો એ સંવર દ્વાર;**
**પ્રથમ અનિત્ય ભાવના કહી, બીજી અશરણ ભાવના લહી. ॥૧૦૮॥**

આમ દશ પ્રકારે યતિધર્મનો સાર કહ્યો તે સંવરનું ચાલીશમું દ્વાર હતું. હવે બાર ભાવનાની પહેલી (૧) અનિત્ય ભાવના અને

(૨) અશરણ ભાવના કહી છે. ૧૦૮

**સંસાર ભાવના ત્રીજી જાણ, ચોથી એકત્વ ભાવના પ્રમાણ;**
**પાંચમી અન્યત્વ ભાવના સુણો, અશુચિ ભાવના છટ્ઠી મુણો ।।૧૦૯।।**

(૩) સંસારભાવના જાણો, (૪) એકત્વ ભાવના જાણો. (૫) અન્યત્વ ભાવના સાંભળો. (૬) અશુચિ ભાવના વિચારવી. ૧૦૯

**આશ્રવ ભાવના કહી સાતમી, સંવર ભાવના લહીએ આઠમી;**
**નવમી નિર્જરા ભાવના માન, દશમી લોક ભાવના જાણ. ૧૧૦।।**

(૭) આશ્રવ ભાવના (૮) સંવર ભાવના (૯) નિર્જરા ભાવના અને (૧૦) લોકભાવના જાણો. ૧૧૦

**બોધિ ભાવના અગ્યારમી કહું, ધર્મ ભાવના બારમી લહું;**
**સામાયિક ચારિત્ર પહેલો કહ્યો, છેદોપસ્થાપનીય બીજો લહ્યો. ।।૧૧૧।।**

(૧૧) બોધિદુર્લભ ભાવના (જેમાં સ્મયક્ત્વરૂપી રત્ન પ્રાપ્ત કરવાની મહેનત કરવી અને રક્ષણ કરવાનો ઉપદેશ છે.) (૧૨) ધર્મભાવના (જેમા આ સંસારમાં ધર્મથી જ સુખ છે તેવુ ચિંતવવુ.)

ચારિત્રના પાંચ ભેદમાં (૧) સામાયિક ચારિત્ર છે. (૨) છેદોપસ્થાપનીય ચારિત્ર છે. ૧૧૧

**પરિહાર વિશુદ્ધિ ત્રીજો જાણ, સૂક્ષ્મ સંપરાય ચોથો વખાણ;**
**યથાખ્યાત ચારિત્ર પાંચમો કહ્યો, સંવર ભેદ સત્તાવન લહ્યો. ।।૧૧૨।।**

(૩) પરિહારવિશુદ્ધિ ચારિત્ર, (૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં માત્ર લોભ કષાયનો ઉદય હોય છે. (૫) યથાખ્યાત ચારિત્ર - તેમાં મોહનીયકર્મનો સહેજપણ ઉદય હોતો નથી માત્ર વીતરાગભાવ હોય છે. આમ સંવરના સત્તાવન ભેદ જાણવા. ૧૧૨

**સત્તાવન ભેદે સંવર દ્વાર, શ્રાવક તે ધારે નિરધાર;**
**છ ભેદે તપ બાહ્યજ કહ્યો, છ ભેદે અભ્યંતર તપ લહ્યો. ।।૧૧૩।।**

શ્રાવકે સંવરના આ સત્તાવન ભેદને હૃદયમાં સ્થાપિત કરવા જોઈએ. છ ભેદ બાહ્ય તપના અને છ અભ્યંતર તપના ભેદ જાણવા. ૧૧૩

## નિર્જરાતત્ત્વ

**બાર ભેદે નિર્જરા સારે, પાલે તે ઉતરે ભવપાર;**
**અણસણ છઠ અઠમાદિ કરે, ઉણોદરી પેટ પૂરો નવી ભરે. ।।૧૧૪।।**

નિર્જરાના બાર ભેદને સમજીને પાળે તે ભવ પાર ઉતરે છે. **(૧) અણસણ :** છઠ અઠ્ઠમ વગેરે, **(૨) ઉણોદરી :** પેટ ભરીને ન વાપરે એટલે થોડા ભૂખ્યા રહી વાપરવું તે. ૧૧૪

**વૃત્તિ સંક્ષેપ કહ્યો એ સાર, સચિત્ત દ્રવ્યનો કરે પરિહાર;**
**રસત્યાગ જે આંબિલ કરે, કાયક્લેશ આતાપના ધરે. ।।૧૧૫।।**

**(૩) વૃત્તિસંક્ષેપ :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ગોચરી વગેરેના અભિગ્રહ ધારણ કરવા, સચિતદ્રવ્યનો ત્યાગ કરવો વગેરે... **(૪) રસત્યાગ :** આયંબિલ તપ કરવાથી થાય છે.

**(૫) કાયક્લેશ :** (શરીરને વિવેકપૂર્ણ કષ્ટ આપવું. લોચ કરવો, વિહાર કરવો,) આતાપના લેવી વગેરે. ૧૧૫

**અંગોપાંગ સંવરીને રહ્યા, સલ્લિણ[10] તપ તે ઈણી પરે કહ્યા;**
**દુષણ લાગ્યે પ્રાયશ્ચિત કરે, જ્ઞાન ગુરુનો વિનયજ કરે. ।।૧૧૬।।**

**(૬) સંલીનતા :** (ઈન્દ્રિયોને અશુભ માર્ગેથી રોકવી, કષાયો મન-વચન-કાયાના અશુભ યોગોને રોકવી) અંગોપાંગ સંકોચીને રાખવા તે આ છ બાહ્યતપ છે.

**(૭) પ્રાયશ્ચિત :** અતિચાર કે દોષો લાગ્યા હોય તો તેની ગુરુને જાણ કરી પ્રાયશ્ચિત કરવું. **(૮) વિનય :** ગુરુ, જ્ઞાન, જ્ઞાની વગેરેનો વિનય, કરવો જોઈએ. તેઓની આશાતના ન કરવી. ૧૧૬

૧૦. સંલીનતા.

**ગુરુને આણી આપે આહાર, વૈયાવચ્ચ તપ કહીએ સાર;**
**મન વચન કાય રાખી ઠાય, પંચ પ્રકારે કરે સજ્જાય. ।।૧૧૭।।**

**(૯) વૈયાવચ્ચ :** ગુરુ, (વડીલ, ગણિ, તપસ્વી, સાધર્મિક, કુલ, ગણ, નૂતન દિક્ષિત, વગેરેની વસ્ત્ર, પાત્ર, વસતિ, ઔષધ વગેરેથી) ની આહાર પાણીથી ભક્તિ કરવી તે વૈયાવચ્ચ તપ છે.

**(૧૦) સ્વાધ્યાય :** મન, વચન, કાયાને સ્થિર કરી પાંચ પ્રકારે સ્વાધ્યાય કરવો. ૧૧૭

**શુક્લ ધ્યાન ધર્મ ધ્યાન જ ધરે, કરમ ખપાવવા કાઉસગ્ગ કરે;**
**બારે પ્રકારે નિર્જરા કહી, પાંચમે અંગે ગુરુમુખથી લહી. ।।૧૧૮।।**

**(૧૧) ધ્યાન :** શુક્લધ્યાન અને ધર્મધ્યાન કરે. **(૧૨) કાઉસગ્ગ :** કર્મ ખપાવવા કાઉસ્સગ્ગ કરે. આમ બાર પ્રકારે નિર્જરા મેં પાંચમા અંગમાંથી ગુરુ મુખે જાણી. ૧૧૮

## બંધતત્ત્વ

**પ્રકૃતિ બંધનો એહિજ પર્યાય, રુડો પાડઓ[11] હોય સ્વભાવ;**
**સ્થિતિ બાંધી હોય કર્મની જેટલી, સહી ભોગવે તે તેટલી. ।।૧૧૯।।**

પ્રકૃતિબંધનો અર્થ કર્મ પ્રકૃતિનો સારો અથવા ખરાબ સ્વભાવ. કર્મની જેટલી સ્થિતિ બાંધો તેટલી ભોગવવી તે સ્થિતિબંધ કહેવાય. ૧૧૯

**અનુભાગ રૂપ રસ કેળવે, પ્રદેશ કર્મનાં દળ મેળવે;**
**એ બંધના ચાર પ્રકાર, ટાળે તે પામેં ભવપાર. ।।૧૨૦।।**

**અનુભાગબંધ** એટલે કર્મમાં પડતો રસ. **પ્રદેશબંધ** એટલે કર્મના દલીકોનો જથ્થો. આમ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એ બંધના ચાર પ્રકાર છે. આ ચારે ને જે દૂર કરે તે મોક્ષને પ્રાપ્ત કરે. ૧૨૦

૧૧. ખરાબ.

**અથવા બંધ તત્ત્વ ગંભીર, સૂક્ષ્મ છે પણ તેહનો સાર;**
**કહિશ્યું કરવા પર ઉપગાર, બંધ તત્ત્વના ચાર પ્રકાર. ।।૧૨૧।।**

બંધ તત્ત્વ ગંભીર અને સૂક્ષ્મ છે છતાં પણ પરના ઉપકાર માટે અમે તેનો સાર કહીશુ. બંધ તત્ત્વના ચાર પ્રકાર છે. ૧૨૧

**એણી પરે મેલો જીવ કર્મ બંધ, જીમ એકઠા કર્મ ફુલને ગંધ;**
**તિલને તેલ જીમ છે એકઠાં, દુધ પાણી જીમ મલ્યા સામટા. ।।૧૨૨।।**

જેવી રીતે ફૂલ અને ગંધ ભેગા છે, જેમ તલ અને તેલ ભેગા છે, જેમ દૂધ અને પાણી ભેગા છે, તેવી રીતે કર્મ અને મલિન જીવ ભેગા છે. (માટે એવો કર્મ બંધ દૂર કરો.) ૧૨૨

**તિણે પરે જીવ મિશ્ર છે કર્મ, લોક દૈવે કહે છે તે કર્મ;**
**કર્મે ભેદ્યો સુખ દુઃખ સહે, વેર ભાવ છે પણ એકઠા રહે. ।।૧૨૩।।**

આમ, જીવ કર્મથી મિશ્રિત છે, વળી લોકો જેને દૈવ કહે છે તે કર્મ છે. કર્મથી ભેદાયેલો (જોડાયેલો) જીવ સુખ દુઃખ સહન કરે છે. જીવ અને કર્મને વેર ભાવ છે પણ સાથે જ રહે છે. ૧૨૩

**કોઈ એક[12] થાયે કર્મ બલવંત, કાંઈએક જીવ કરે તસ અંત;**
**જીવ કર્મનો એહવો ઢાળ, એક એકને ખાલે[13] તત્કાળ. ।।૧૨૪।।**

ક્યારેક કર્મ બળવાન થાય છે તો ક્યારેક જીવ કર્મનો અંત કરે છે. જીવ અને કર્મનો એવો સ્વભાવ છે કે બંન્ને એકબીજાને તત્કાળ દૂર કરે છે. ૧૨૪

**કર્મબંધના ચાર પ્રકાર, પ્રકૃતિ સ્થિતિ રસ પ્રદેશ અપાર;**
**પ્રકૃતિ કહીએ વસ્તુ સ્વભાવ, સ્થિતિ રહેવું આઉખાનો ભાવ. ।।૧૨૫।।**

**કડવો મીઠો રસ અનુભાગ, પ્રદેશ ભેદે દલ સંચે લાગ;**
**મોદકને દૃષ્ટાંતે બંધ, અથવા વૈદ્ય ગુટિકા સંબંધ. ।।૧૨૬।।**

---

૧૨. કોઇ વખત. ૧૩. રોકે.

કર્મ બંધના ચાર પ્રકાર છે. પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ. પ્રકૃતિ એટલે વસ્તુનો સ્વભાવ. સ્થિતિ એટલે કર્મને રહેવાનો સમય. અનુભાગ એટલે કડવો-મીઠો રસ. પ્રદેશ એટલે કર્મ દલિકોનો સમૂહ. ચારે પ્રકારના બંધ લાડવાના દૃષ્ટાંતથી અથવા વૈદ્યની ગૂટિકાના દૃષ્ટાંતથી સમજાવાય છે. ૧૨૫-૧૨૬

**કોઈક વૈદ્યે વાટી ઔષધિ, બાંધી ગુટિકા નવ નવ વિધિ;**
**તેહ તણો બંધ એ ચીહું ભેદ, પહેલો પ્રકૃતિ કહું તે છેદ. ।।૧૨૭।।**

કોઈ વૈદ્યે ઔષધિ વાટીને જુદી જુદી ગૂટીકા બનાવી ઔષધિનો બંધ(બાંધવું) તેમાં ૪ ભેદ છે. તેમાં પહેલો પ્રકૃતિ બંધ કહું છું. ૧૨૭

**કોઈ ગોલી તો હરે તાવ, કોઈક કરે સબલાઈ ભાવ;**
**એક શ્લેષ્મનો હરતી તાપ, એક કોઢનો ટાળે પાપ. ।।૧૨૮।।**

કોઈક ગોળી તાવને દૂર કરે, તો કોઈક શક્તિ બનાવે છે. એક શ્લેષ્મના (કફના) તાપને દૂર કરે, એક કોઢને દૂર કરે છે. ૧૨૮

**એક ગોળી ટાળે કાસને શ્વાસ, એક હરસ જલોદરનો વાસ;**
**એક ગોળીથી સન્નિપાતજ જાય, એક નિવારે પિત્તને વાય. ।।૧૨૯।।**

એક ગોળી ઉધરસ અને શ્વાસને દૂર કરે, એક હરસ તથા જલોદરને દૂર કરે, એક ગોળીથી સંન્નિપાત જાય તથા એક પિત્ત અને વાયુને નિવારે છે. ૧૨૯

**પ્રકૃતિ સ્વભાવે ઈમ ગુણ કરે, બીજી સ્થિતિ આયુ ઈમ ધરે;**
**દિન પક્ષ માસ છ માસ તે રહે, પછે વિણસેગુણ નવી લહે. ।।૧૩૦।।**

ઉપર જણાવ્યા મુજબ પ્રકૃતિ એટલે સ્વભાવ ગુણ કરે છે. **(૨) સ્થિતિબંધ** વસ્તુનુ આયુષ્ય (ટકવાનો સમય). દિવસ, પંદર દિવસ, ત્રીસ દિવસ, છ મહિના વગેરે સમય સુધી ટકે પછી

તેમાંથી તેનો ગુણ (સ્વભાવ) નીકળી જાય. ૧૩૦

**ત્રીજો રસ ગોળીનો જેહ, ખાટી ખારી મધુરી તેહ;**
**પ્રદેશ ચોથો તોલ પ્રમાણ, એમ કહીએ ગોળીનો માન. ॥૧૩૧॥**

(૩) રસબંધ એટલે ગોળીનો ખારો, ખાટો, મીઠો રસ. (૪) પ્રદેશબંધ એટલે તોલપ્રમાણ ગોળીનું વજન. ૧૩૧

**ઈણે દૃષ્ટાંતે જીવનો ધર્મ, પુદ્‌ગલ લેઈ બાંધે કર્મ;**
**જ્ઞાન દર્શન ચારિત્ર આવરે, વારે દુઃખ સુખ અનુસરે. ॥૧૩૨॥**

આ રીતે દૃષ્ટાંતથી કર્મબંધ સમજાવે છે. જીવનો ધર્મ પુદ્‌ગલને લઈ કર્મનો બંધ કરવાનો છે. તે જ્ઞાન, દર્શન, ચારિત્રને ઢાંકે છે અને વારાફરતી સુખ-દુઃખનો અનુભવ કરે છે. ૧૩૨

**પ્રાયે તે પ્રકૃતિ બંધનો કહ્યો,**
**પ્રકૃતિ સ્વકર્મ સ્વભાવ સંગ્રહ્યો;**
**બીજી સ્થિતિ રહેવાનું આય,**
**નાણ દર્શના વરણી વેદની અંતરાય. ॥૧૩૩॥**

**તિસ કોડાકોડી સાગર વિશાલ,**
**તેત્રીશ સાગર આયુનો કાળ;**
**વીશ કોડાકોડી નામ ગોત્રનું આય,**
**સિત્તેર કોડાકોડી મોહની કહેવાય. ॥૧૩૪॥**

પ્રાયઃ (૧) પ્રકૃતિબંધ એટલે પોતાના બંધાયેલા કર્મનો સ્વભાવ. (૨) સ્થિતિબંધ એટલે રહેવાનો સમય. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયનો રહેવાનો સમય ૩૦ કોડાકોડી સાગરોપમ છે. આયુષ્યકર્મની સ્થિતિ ૩૩ સાગરોપમની છે. નામ અને ગોત્રની સ્થિતિ ૨૦ કોડાકોડી અને મોહનીયની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની છે. ૧૩૩-૧૩૪

**જઘન્ય વેદની મુહૂર્ત બાર,**
**નામ ગોત્ર આઉ વિચાર;**
**સ્થિતિ થોડી બીજા કર્મતણી,**
**અંતર મુહૂર્ત આઠ પ્રમાણ લઘુ ગણી. ।।૧૩૫।।**

વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્તની છે. નામ-ગોત્રની ૮ મુહૂર્તની છે. બાકીના કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. ૧૩૫

**ત્રીજું અશુભ કર્મ રસ લિંબ, શુભ કર્મ રસ સાકર ટીંબ;**
**કર્મતણો દળ ચોથો પ્રદેશ, એકઠા રહે હલવા લવલેશ. ।।૧૩૬।।**

ત્રીજા રસબંધમાં અશુભ કર્મનો રસ લીમડાના રસ જેવો છે. તથા શુભ કર્મનો રસ સાકરના રસ જેવો હોય છે. કર્મના દલિકોનો જથ્થો તે પ્રદેશ બંધ.

**સોવન આવલિ સમ શુભ કર્મ, લોહ સમાન લહીએ અશુભ કર્મ;**
**બંધતત્ત્વ એ ચાર પ્રકાર, મત બાંધો કોઈ નરનાર. ।।૧૩૭।।**

સોનાની બેડી સમાન શુભ કર્મ છે અને લોખંડની બેડી સમાન અશુભ કર્મ છે. આ રીતે ચાર પ્રકારના બંધતત્ત્વને નરનારીઓ તમે બાંધો નહીં. ૧૩૭

## મોક્ષતત્ત્વ

**મોક્ષતત્ત્વ નવમો એ દ્વાર, તેહ તણો હવે કહું અધિકાર;**
**સકલ કર્મ તણો ક્ષય કરી, જીવ રહે તિહાં સુખ અનુસરી. ।।૧૩૮।।**

નવમું દ્વાર મોક્ષતત્ત્વ છે. તેને વિસ્તારથી કહું છું. બધા કર્મનો ક્ષય કરી જીવ ત્યાં સુખેથી રહે છે. એવા ૧૩૮

**લોકાગ્રભાગે તે રહે, નાસ્તિક હોય તે નવી સદ્દહે;**
**તેહને મોક્ષ થાપવા ભણી, પહેલો ભેદ કહ્યો ત્રિભુવન ધણી. ।।૧૩૯।।**

ચૌદરાજલોકના અગ્રભાગે મોક્ષના જીવો રહે છે. નાસ્તિકને મોક્ષ માટેની શ્રદ્ધા હોતી નથી. નાસ્તિકને મોક્ષમાં લઈ જવા માટે

ત્રણ ભવનના (જગત) નાથ પહેલો ભેદ કહે છે. ૧૩૯

**મોક્ષ પદારથનો એહ મતો, એક પદ નામ માટે છે છતો;**
**જે જે એક પદ તે છે સહિ, જેમ જગજીવની દયા કહી. ।।૧૪૦।।**

મોક્ષ નામના પદાર્થના અસ્તિત્વનો હેતુ એ છે કે તે એક પદનું(શબ્દ) નામ છે. જે જે એક પદવાળુ હોય છે તેનું અસ્તિત્વ હોય જ છે. જેવી રીતે જગતના જીવોની દયા. ૧૪૦

**બે પદ નામ પદારથ જેહ, કેટલા સત્ય અસત્ય હોય તેહ;**
**શ્રી નંદન જીમ હસ્તી દંત, રાજપુત્રને લક્ષ્મી કંત. ।।૧૪૧।।**

**વૃક્ષ કુસુમ અને મૃગ શિંગ, એ બેહુ શબ્દ છતાં સરગંગ;**
**બે શબ્દ નામ અછતા જેહ, શસસિંગ વંધ્યા પુત્રજ તેહ. ।।૧૪૨।।**

**કુરંગમસિંગને રાસભસીંગ, પાડો ગામ(ભ?)ણો[14] કરહાસીંગ;**
**આકાશ કુસુમ સંજોગી નામ, એહનો કિહાંય ન દીસે ઠામ ।।૧૪૩।।**

બે પદના(શબ્દ) નામવાળા જે જે પદાર્થો છે તેમાં કેટલાકનું અસ્તિત્ત્વ હોય છે તો કેટલાકનું અસ્તિત્ત્વ નથી હોતુ. જેમ શ્રીનંદન, હાથીદાંત, રાજપુત્ર, લક્ષ્મીકાંત, વૃક્ષનાફૂલ, મૃગના(સાબર) શિંગ સ્વર્ગગંગા આ બધા પદો(શબ્દો) બે પદવાળા છે અને તેનું અસ્તિત્વ છે. બીજા કેટલાંક બે પદવાળા છે છતાં તેઓનું અસ્તિત્વ નથી. જેમકે સસલાના શિંગડા, વંધ્યાપુત્ર, હરણના શિંગડા, ગધેડાના શિંગડા, (ગર્ભવતો પાડો) કરભસિંગ, આકાશના પુષ્પો વગેરે જે ક્યાંય જોવા મળતા નથી. ૧૪૧,૧૪૨,૧૪૩

**તેમ એક પદ નામ મોક્ષ નિઃસંદેહ, છે નિશ્ચે મ ધરીશ સંદેહ;**
**વળી માર્ગણા દ્વારે કરી, મોક્ષ પ્રરૂપણા કરું તે ખરી. ।।૧૪૪।।**

તેવી રીતે મોક્ષ એક પદવાળુ છે, નિઃસંદેહ છે માટે મનમાં શંકા રાખીશ નહી. હવે માર્ગણાદ્વાર કહીને હું મોક્ષતત્ત્વની

૧૪. ગાભણો - (ગર્ભવતી પશુની માદા).

વિશેષમાં પ્રરૂપણા કરું છું. ૧૪૪

**બીજો ભેદ મોક્ષનો જેહ, કોણ કોણ જીવ લહે પણ તેહ;**
**માનવપણે પામે મુગતિ, ત્રિહું ગતિનાને નહિ મુગતિ. ।।૧૪૫।।**

હવે મોક્ષનો બીજો ભેદ કહું છુ કે કયા કયા જીવો મોક્ષને પ્રાપ્ત કરે. જવાબ : ચારે ગતિમાંથી માત્ર મનુષ્ય જ મોક્ષને પામે છે. બાકીની ત્રણે ગતિમાંથી મુક્તિ થતી નથી. ૧૪૫

**પંચેંદ્રિય કોઈક સિદ્ધ થાય, બિ-તિ ચૌરેંદ્રિય નવી કહાય;**
**ત્રસકાયથી શિવપુર હોય, પાંચ કાય પણ ન લહે સોય. ।।૧૪૬।।**

ઈન્દ્રિયમાર્ગણામાંથી કોઈક પંચેન્દ્રિય જીવો જ મોક્ષને પ્રાપ્ત કરે છે. પણ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય કે ચઉરિન્દ્રિય જીવો મોક્ષને પ્રાપ્ત કરી શકતા નથી. ત્રસકાયના જ કોઈક જીવોને મોક્ષ મળે છે. બાકીની પાંચ કાયમાંથી કોઈનેય મોક્ષ પ્રાપ્ત થતો નથી. ૧૪૬

**ભવ્ય જીવ તે પામે એહ, અભવ્ય જીવ પામે નવ તેહ;**
**લહે સન્નિયા મોક્ષ જ દ્વાર, અસન્નિયા ન લહે નિરધાર. ।।૧૪૭।।**

ભવ્ય જીવ હોય તે જ મોક્ષ પ્રાપ્ત કરે છે. અભવ્ય જીવો મોક્ષને પ્રાપ્ત કરી શકતા નથી સંજ્ઞી જીવો મોક્ષને પ્રાપ્ત કરે છે. અસંજ્ઞી જીવો મોક્ષને ચોક્કસ પ્રાપ્ત કરી શકતા નથી. ૧૪૭

**પાંચમે ચારિત્રે લહે શિવ સુખ, પહિલે ચિહું નવી પામે સુખ;**
**સમકિતના ભેદ છે જે પંચ, પહિલાં ચિહું ને નહીં શિવ સંચ. ।।૧૪૮।।**

પાંચમા યથાખ્યાત ચારિત્રથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે પણ પહેલા ચાર ચારિત્રથી મોક્ષસુખની પ્રાપ્તિ થતી નથી. સમકિતના પાંચ ભેદ છે તેમાં પહેલા ચાર સમ્યક્ત્વથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ૧૪૮

**ક્ષાયિક સમકિત જીવ જે લહે, મોક્ષ પામે તે જિનવર કહે;**
**અણાહારી મુક્તિ જઈ મળે, આહારી તે સંસારમાં રોલે. ॥૧૪૯॥**

ક્ષાયિક સમકિતી જે જીવ હોય છે તે મોક્ષ પામે છે તેવું પ્રભુ કહે છે. અણાહારી જીવને મુક્તિની પ્રાપ્તિ થાય છે. આહારી જીવ સંસારમાં રઝળે છે. ૧૪૯

**કેવળ દર્શન શિવ સુખ સહિ, ચક્ષુ જ ચક્ષુ અવધિ ત્રીહું નહિ;**
**કેવળ જ્ઞાને મોક્ષ સર્વદા, બીજે ચિહું જ્ઞાને નહિ કદા. ॥૧૫૦॥**

કેવળદર્શનમાં મોક્ષનું સુખ છે. ચક્ષુ-અચક્ષુ અને અવધિદર્શન વાળા જીવોને મોક્ષ નથી. કેવળજ્ઞાન માર્ગણામાં મોક્ષ હંમેશા હોય છે. બાકીના ચારે જ્ઞાનમાં મોક્ષ ક્યારેય મળતો નથી. ૧૫૦

**એણે દશ સ્થાનકે પામે મુગતિ, પ્રથમ દ્વાર જાણે એ સુમતિ;**
**છતો ગ્રહિતો મોક્ષ જ સહિ, આકાશ કુસુમપરે તે નહિ. ॥૧૫૧॥**

આ પ્રમાણે ઉપરોક્ત દશ સ્થાનમાં જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. આ પ્રથમ દ્વારને જે જાણે તે સદ્‌બુદ્ધિવાળા છે. આમ મોક્ષનું વાસ્તવિકપણે અસ્તિત્વ છે તે આકાશપુષ્પ જેવો અસત્ નથી. ૧૫૧

**બીજે ભેદે દ્રવ્ય પ્રમાણ, મોક્ષ વિશે સિદ્ધ કેટલા જાણ;**
**જીવ દ્રવ્ય સિદ્ધના અનંત, એહવી વાત કહી ભગવંત. ॥૧૫૨॥**

બીજો ભેદ દ્રવ્યપ્રમાણ છે. પ્ર : મોક્ષમાં કેટલા સિદ્ધના જીવો હોય ?

જ. મોક્ષમાં સિદ્ધના અનંતા જીવો હોય છે. ૧૫૨

**સિદ્ધક્ષેત્ર તે કેટલો હોય,**
**સિદ્ધ રહ્યા અવગ્રાહી જોય;**
**અસંખ્યાતમે ભાગે લોકને જાણ,**
**સિદ્ધ રહ્યા એક અનંતા માન. ॥૧૫૩॥**

પ્ર. સિદ્ધનો એક અને બધા જીવો કેટલા ક્ષેત્રને અવગાહીને રહ્યા હોય ?

જ. સિદ્ધનો એક અને અનંતા જીવો લોકના અસંખ્યાતમાં ભાગને અવકાશીને રહ્યા હોય છે. ૧૫૩

**સ્પર્શના દ્વાર એ ચોથો કહ્યો, સિદ્ધ કેટલો ક્ષેત્ર ફરસી રહ્યો;**
**ક્ષેત્ર થકી માનો નિરધાર, ઝાઝેરી તે ફર્શના સાર. ।।૧૫૪।।**

ચોથો સ્પર્શનાનો દ્વાર કહ્યો છે. પ્ર. સિદ્ધના જીવો કેટલા ક્ષેત્રને સ્પર્શીને રહ્યા હોય છે ?

જ. ક્ષેત્રદ્વારથી જે કહેવાયુ તેનાથી સ્પર્શના ચોક્કસ કંઈક અધિક છે. ૧૫૪

**સિદ્ધને હુવો કેટલો કાળ,**
**તે ભાખ્યો છે દીન દયાલ;**
**એક સિદ્ધ આશ્રી સાદિ અનંત,**
**સિદ્ધ સર્વ આશ્રી અનાદિ અનંત ।।૧૫૫।।**

પ્ર. સિદ્ધિના જીવોને (સિદ્ધ થયે) કેટલો કાળ થયો હોય છે ?

જ. દિનદયાળુ પરમાત્માએ કહ્યું છે કે એક સિદ્ધના જીવને આશ્રયીને સાદિ અનંત અને સર્વ જીવોને આશ્રયીને અનાદિ અનંત કાળ છે. ૧૫૫

**છટ્ટો કહ્યો અંતર દ્વાર, સિદ્ધિ સિદ્ધમાં અંતર સાર;**
**સિદ્ધ સિદ્ધમાં અંતર નહિ. સિદ્ધ રહ્યા છે માંહોમહિં ।। ૧૫૬।।**

છટ્ઠુ અંતરદ્વાર કહ્યુ છે. પ્ર. એક સિદ્ધના જીવ અને બીજા સિદ્ધના જીવની વચ્ચે કેટલુ અંતર (જગ્યા) હોય છે ? જ. સિદ્ધના જીવોની વચ્ચે બિલકુલ અંતર નથી. સિદ્ધના જીવો એકબીજામાં સમાઈને રહે છે. ૧૫૬

**ભાગદ્વાર સાતમો વખાણ, કેટલામે ભાગે સિદ્ધ રહ્યા જાણ;**
**સંસારી તે સઘળા જીવ, અનંતમે ભાગે સદૈવ. ।।૧૫૭।।**

સાતમા ભાગદ્વારને જણાવું છું. પ્ર. સર્વ જીવના કેટલામાં ભાગે સિદ્ધના જીવો રહેલા હોય છે ? જ. હંમેશા સર્વ સંસારી જીવોના અનંતમાં ભાગે સિદ્ધના જીવો હોય છે. ૧૫૬-૧૫૭

**આઠમા દ્વાર તણો પ્રસ્તાવ, સિદ્ધ રહ્યા છે કેહવે ભાવ;**
**જ્ઞાન દર્શન છે ક્ષાયિક ભાવ, જીવતણો પારિમાણિક ભાવ. ।।૧૫૮।।**

પ્ર. સિદ્ધના જીવો કયા ભાવમાં રહે છે ? તે આઠમા દ્વારમાં જણાવે છે. જ. જ્ઞાન અને દર્શન ક્ષાયિકભાવે હોય છે અને જીવપણું પારિણામિકભાવે હોય છે. ૧૫૮

**જીવ ફીટી અજીવ ન થાય, અજીવ ફીટીને જીવ ન કહાય;**
**ભવ્ય ટળીને અભવ્ય ન હોય, અભવ્યપણું ટલી ભવ્ય ન જોય. ।।૧૫૯।।**

જીવ ક્યારે અજીવ ન થાય, અજીવ ક્યારેય જીવ ન થાય. ભવ્ય ક્યારેય અભવ્ય ન થાય, અભવ્યપણું ટળી ક્યારેય ભવ્યપણું પ્રાપ્ત ન થાય. ૧૫૯

**પારિણામિક ભાવ એ જાણવો, જાણીને સમકિત આણવો;**
**સમકિતી પામે સુખ અનંત, એણીપરે ભાખ્યો શ્રી ભગવંત. ।।૧૬૦।।**

આ પારિણામિકભાવ છે. તેને જાણીને સમકિતને પ્રાપ્ત કરો. સમકિતી અનંત સુખ પ્રાપ્ત કરે છે એવું પ્રભુ કહે છે. ૧૬૦

**અલ્પ-બહુત્વ તે સિદ્ધ તણા,**
**કિયા થોડા ન કિયા ઘણા;**
**નપુસંક સિદ્ધ તે થોડા જાણ,**
**અસંખ્યાત ગુણ સ્ત્રી સિદ્ધ વખાણ. ।।૧૬૧।।**

હવે સિદ્ધનું અલ્પ બહુત્ત્વ કહું છું. જેનાથી ક્યા સિદ્ધ વધુ અને ક્યા સિદ્ધ ઓછા તે જણાશે. નપુસંકસિદ્ધ સૌથી ઓછા

હોય છે. તેનાથી સ્ત્રીસિદ્ધ અસંખ્યાત ગુણ વધારે હોય છે. ૧૬૧

**સ્ત્રી સિદ્ધથી પુરુષ જ કહ્યા, અસંખ્યાત ગુણ અધિકા લહ્યા;**
**એક સમય સિદ્ધ કેટલા થાય, તે પણ વાત કહી જિનરાય. ॥૧૬૨॥**

સ્ત્રીસિદ્ધથી પુરુષસિદ્ધ અસંખ્યાતગુણ વધારે હોય છે. પ્ર. એક સમયમાં કેટલા સિદ્ધ થાય છે ? તે પણ જિનેશ્વર પરમાત્માએ કહ્યું છે. ૧૬૨

**દશ નપુંસક સિદ્ધજ જાણ, વીશ હોય સ્ત્રી સિદ્ધ પ્રમાણ;**
**એકસો આઠ પુરુષજ કહ્યા, જિનવર વચને આગમથી લહ્યા. ॥૧૬૩॥**

જ. એક સમયમાં દશ નપુંસકસિદ્ધ, વીશ સ્ત્રીસિદ્ધ અને એકસોને આઠ પુરુષસિદ્ધ થાય છે. પ્રભુના વચનરૂપી આગમથી આવું મેં જાણ્યુ. ૧૬૩

**બસે છેહોંતેર બોલનો સાર, આગમથી કીધો વિસ્તાર;**
**નવત્ત્વની ચોપાઈ એહ, ભણે ગણે સુખ પામે તેહ. ॥૧૬૪॥**

બસો છોંતેર બોલનો આ સાર છે જેનો મેં આગમથી વિસ્તાર કર્યો છે. આ પ્રમાણે નવત્ત્વની ચોપાઈ જે ભણે અને ગણે તે સુખને પામે છે. ૧૬૪

**શ્રી તપાગચ્છ તણા શણગાર, શ્રી વિજયપ્રભુ સુરિ ગણધાર;**
**તાસ પાટે વિરાજે સાર, શ્રી ઉદયવીજય ઉપાધ્યાય હિતકાર. ॥૧૬૫॥**

**તાસ શાસનમાંહે શોભતા.**
**શ્રી મણીવિજય પંડિત છતા;**
**તાસ શિષ્ય ભાગ્યવિજયજી એ કહ્યા,**
**એહ બોલ સિદ્ધાંત થકી સંગ્રહ્યા. ॥૧૬૬॥**

શ્રી તપાગચ્છના શણગાર આચાર્ય દેવ શ્રી વિજયપ્રભસૂરીશ્વરજીની પાટે હિતકારી એવા ઉપાધ્યાયશ્રી ઉદયવિજયજી શોભે છે. તેમના શાસનમાં શ્રી મણિવિજય પંડિત

શોભે છે. તેમના શિષ્ય શ્રી ભાગ્યવિજયજીએ નવતત્વના આ ૨૭૬ બોલનો આગમમાંથી સંગ્રહ કર્યો છે. ૧૬૫-૧૬૬

**સંવત સત્તર છાસઠો ઉલ્લાસ, નગર પાટણ રહ્યા ચોમાસ;**
**ભાગ્યવિજયજી એ વિનતિ કરી, સંઘ સમક્ષ સૌ ચિત્તમાં ધરી. ।।૧૬૭।।**

સંવત સત્તરશો છાસઠમાં (૧૭૬૬) ઉલ્લાસપૂર્વક પાટણ નગરમાં ભાગ્યવિજયજીએ ચાર્તુમાસ કર્યુ અને તેમણે નવતત્ત્વના બધા પદાર્થો ચિત્તમાં ધરી સંઘસમક્ષ પ્રભુને વિનંતિ કરતી આ રચના કરી...

આ પ્રમાણે નવતત્ત્વનું સ્તવન પૂરુ થયુ.

***ઈતિ શ્રી નવતત્ત્વ સ્તવન પૂરુ.***

# શ્રી વીર જિન સ્તુતિ ગર્ભિત ચોવીશ દંડકનું સ્તવન

**દુહા**

**પ્રણમી સરસ્વતી ભગવતિ, તિમ જિનવર ચોવીશ;**
**ગૌતમ પ્રમુખ સુરિ તથા, ગુરુ ઉત્તમ સુજગીશ. ।।૧।।**

ચોવીશ જિનવર, ગૌતમસ્વામી વગેરે મુખ્ય આચાર્ય ભગવંત, ભગવતી સરસ્વતી દેવી તથા (પોતાના) ગુરુ ઉત્તમવિજયજીને પ્રણામ કરીને હું કહીશ. ૧

**ચોવીશ દંડકને વિષે, દ્વાર અછે ગુણતિસ[1];**
**વિવરી કહેશું તેહને, જિમ ભાંખે જગદીશ. ।।૨।।**

ચોવીશ દંડકના દ્વારોના ગુણોનું વિવેચન જેવી રીતે જિનવર ભગવંતે ભાખ્યુ છે તેવી રીતે કહીશુ. ૨

**[૧]નામ લેશા[૨], ત્રીજું તનું[૩], અવગાહના[૪] સંઘેણ[૫];**
**સંજ્ઞા[૬], આકૃતિ[૭] સાતમું, [2]સંપરાય[૮] સુણો સેણ. ।।૩।।**

**ઈંદ્રિ[૯] સમુદ્‌ઘાત[૧૦] દૃષ્ટિ[૧૧], દર્શન[૧૨] નાણ[૧૩] જોગો[૧૪]પયોગ[૧૫];**
**ઉપપાત[૧૬] ને ચવન[૧૭], સ્થિતિ[૧૮] પજ્જતિ[૧૯] આહારનો[૨૦] ભોગ. ।।૪।।**

**ગતિ-[૨૧]આગતિ, વેદ[૨૨], ભવનનો[૨૩], ચોવીસમો પ્રાણદ્વાર[૨૪];**
**સંપદા[૨૫] ધર્મ[૨૬] જીવાયોનિ[૨૭], કુલ[૨૮] અલ્પબહુત્વ[૨૯] વિચાર. ।।૫।।**

નામ, લેશ્યા, શરીર, અવગાહના (ઊંચાઈ), સંઘયણ, સંજ્ઞા, આકૃતિ, સંપરાય (કષાય), ઈંદ્રિય, સમુદ્‌ઘાત, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, યોગ-ઉપયોગ, ઉપપાત, ચ્યવન, સ્થિતિ, પર્યાપ્તિ, કિમાહાર, ગતિ-આગતિ, વેદ, ભવન, પ્રાણ, સંપદા, ધર્મ, જીવયોનિ, કુળ

૧. ગુણતિસ - ઓગણત્રીસ. ૨. સંપરાય - કષાય.

અલ્પબહુત્વ- આ બધા ૨૯ દ્વાર વિષે વિચારશુ.

## દ્વાર – ૧ લું (નામ)

**ધમા, વંશા, સેલા, અંજન, રિષ્ટા નામ;**
**મઘા, માઘવતિ સાતમી, એ સાતે દુઃખ ખાણ. ॥૬॥**

**અસુર[૧], નાગ[૨], સુવર્ણ[૩], વિદ્યુત[૪] ને અગ્નિકુમાર[૫];**
**દિવ[૬], ઉદધિ[૭], દિશા[૮], વાયુ[૯], સ્તનિત[૧૦] અ દેશ શ્રીકાર ॥૭॥**

**સાત નરક[૧૧]નું એક છે એકાદશ દંડક એમ;**
**થાવર પાંચ[૧૬] તથા ત્રણ[૧૯], વિગલેંદ્રિય ગણીએ તેમ. ॥૮॥**

**પંચેદ્રિ તિર્યંચ[૨૦] મનુજ[૨૧] ને, વ્યંતરને[૨૨] જોતિષ[૨૩];**
**વૈમાનિક ચોવીશ એ, નામ દ્વાર સુણ શિષ્ય. ॥૯॥**

ધમા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી એ સાતે નરકો દુઃખની ખાણ છે. આ સાતે નરકનું એક દંડક થાય.

અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિક્કુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર, આ દશ પ્રકારના ભવપતિઓના દશ દંડક થાય છે. સાત નરકના એક અને દશ ભવનપતિના દશ દંડક થઈને અગ્યાર દંડક થાય.

થાવરના પાંચ દંડક, ત્રણ વિકલેન્દ્રિયના, તિર્યંચ પંચેન્દ્રિયનો એક, મનુષ્યનો એક, વ્યંતરનો એક, જ્યોતિષનો એક, વૈમાનિકનો એક એમ ૨૪ દંડક નામ દ્વારના થયા. તો હે શિષ્ય તું આને સાંભળ....૬,૭,૮,૯

## દ્વાર – ૨ (લેશ્યા)

**નરક, તેઉ, વાઉ વિગલેંદ્રિય, અપજ્જ લેશ્યા[૩] તીન;**
**પંચેંદ્રિય તિર્યંચ મનુષને, ષટ્ લેશ્યા હોય પીન. ॥૧૦॥**

૩. લેશ્યા છ હોય છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ.

**ભવનપતિ દશ વ્યંતર, પૃથ્વી અપ વણ કાય;**
**એ ચઉદ દંડક માંહિ, આગલી ચાર કહાય. ।।૧૧।।**

**જ્યોતિષ સોહમ ઈશાન, એક તેજો હોય;**
**પંચમ દેવ લોક લગે પદ્મ, ઉપરે શુક્લ જોય. ।।૧૨।।**

નરક, તેઉ, વાઉ, વિકલેન્દ્રિય અને અપર્યાપ્તને ત્રણ લેશ્યા હોય છે. ગર્ભજ પંચેન્દ્રિયતિર્યંચ તથા મનુષ્યને છ લેશ્યા હોય છે. ભવનપતિના દશ, વ્યંતર, પૃથ્વી, અપકાય, વનસ્પતિકાય એમ ચૌદ દંડકોમાં પહેલી ચાર લેશ્યા હોય છે.

જ્યોતિષ દેવો, બાર દેવલોકના પહેલા સૌધર્મેન્દ્ર તથા બીજા ઈશાનદેવલોકમાં એકલી તેજો લેશ્યા હોય છે. ત્રીજા, ચોથા, પાંચમા વૈમાનિક દેવલોકમાં પદ્મ લેશ્યા હોય છે. તેનાથી ઉપર એટલે છઠ્ઠા વૈમાનિકથી બારમા વૈમાનિક દેવલોક, નવગ્રૈવેયક, પાંચ અનુત્તર દેવલોકમાં શુક્લ લેશ્યા હોય છે. ૧૦, ૧૧, ૧૨

## *દ્વાર – ૩ (શરીર)*[૪]

**નારકી દેવતા સર્વને, વૈક્રિય તેજસ્ કર્મ;**
**વાયુ તિર્યંચ પંચેદ્રિય, આહારક વિનુ એ મર્મ. ।।૧૩।।**

**વાયુ વિના ચઉ થાવર, વિગલને ત્રણ શરીર;**
**ઔદારિક તેજસ કર્મ, મનુજને પણ કહે વીર. ।।૧૪।।**

બધા નારકી તથા દેવતાને વૈક્રિય, તૈજસ અને કાર્મણ શરીર હોય છે. વાયુ, તિર્યંચપંચેન્દ્રિયને આહારક વિના ચાર શરીર હોય છે.

વાયુકાય સિવાયના ચાર સ્થાવરકાય અને વિકલેન્દ્રિયને ઔદારિક, તૈજસ અને કાર્મણ એમ ત્રણ શરીર હોય છે. મનુષ્યને પાંચ શરીર હોય છે.

---

૪. તનુ પાંચ હોય છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, કાર્મણ.

## ઢાળ - ૪ રાગ- મારુ. (દ્વાર-૪) (અવગાહના)

**નરક ગતે શત પંચ ધનુષ અવગાહના રે;**
**સમુચ્ચે ઉત્કૃષ્ટ ભાખીરે સાખિ[5] પન્નવણા અછે રે. ।।૧।।**

નરકગતિમાં પાંચસો ધનુષની અવગાહના (શરીરની ઊંચાઈ) હોય છે. (પન્નવણા ગ્રંથના આધારે) નરકની આ ઉત્કૃષ્ટ અવગાહના છે. ૧

**પુણા આઠ ધનુષ ષટ્ અંગુલ દેહડિ રે;**
**ધમામેં ઉત્કૃષ્ટ, ત્રણયરે હાથ જઘન્ય શરીર છે રે. ।।૨।।**

પોણા આઠ ધનુષ અને છ અંગુલનું શરીર ઉત્કૃષ્ટ ધમા (પહેલી નરક) નરકમાં હોય છે, અને જઘન્યથી ત્રણ હાથનું શરીર હોય છે. ૨

**સાડાપંદર ધનુષ ને બાર અંગુલ લહો રે;**
**ત્રીજે સવા એકત્રીશ, પંકે રે સાડી બાસઠ ધનુષની રે. ।।૩।।**

બીજી નરક (વંશા)માં સાડાપંદર ધનુષ અને બાર અંગુલની અવગાહના હોય છે. ત્રીજી શૈલા(નરક)ની અવગાહના સવા એકત્રીસ ધનુષની હોય છે. અંજના ગોત્રવાળી - ચોથી નરક પંકમાં સાડી બાસઠ ધનુષની અવગાહના હોય છે. ૩

**સવાસો ધનુષની ધુમ પ્રભે લહો રે;**
**મઘામાં અઢીસત[1], પંચ રે, સત વચ ગુર સાતમી રે. ।।૪।।**

ચોથી ધૂમપ્રભા(રિષ્ટા)માં સવાસો ધનુષની અવગાહના હોય છે. મઘા (છટ્ઠી નરક તમઃપ્રભા)માં અઢીસો ધનુષ અને સાતમી (મહાતમઃપ્રભા-માઘવતી) નરકમાં પાંચસો ધનુષની અવગાહના હોય છે તેવું મેં ગુરુ વચનથી જાણ્યુ છે. ૪

---

૫. સાખિ - સાક્ષી.

**એ ઉત્કૃષ્ટ કહી મ્હેં સાતે નરકની રે;**
**પુરવની ઉત્કૃષ્ટ, ઉત્તરે ઉત્તરની તે જઘન્યથી રે. ॥૫॥**

આમ, આ બધી (સાતે) નરકની ઉત્કૃષ્ટ અવગાહના મેં કહી. પૂર્વની નરકની ઉત્કૃષ્ટ પછીની નરકની જઘન્ય અવગાહના હોય છે. ૫

**ભુવનપતિ વણ જ્યોતિષીને સાત હાથની રે;**
**તિમ સોહમ ઈશાન, ત્રીજે રે તીજે ચોથે ષટ્ તણી રે. ॥૬॥**

ભુવનપતિ, વાણ(વ્યંતર), જ્યોતિષદેવની સાત હાથની અવગાહના હોય છે. તેવી જ રીતે (પહેલા-બીજા) સોહમ-ઈશાન દેવલોકની પણ સાત હાથની કાયા હોય છે. ત્રીજા-ચોથા દેવલોકમાં છ હાથની કાયા હોય છે. ૬

**પાંચમે છઠે પાંચ ચાર સાતમે આઠમે રે;**
**ચાર લગે તિન હાથ, હાથ રે નાથ ભાખે ત્રણ લોકનો રે. ॥૭॥**

પાંચમાં અને છઠ્ઠા દેવલોકમાં પાંચ હાથ, સાતમાં અને આઠમા દેવલોકમાં ચાર હાથની અવગાહના હોય છે. નવમાં દેવલોકથી બારમા દેવલોક (ચાર દેવલોક)ની ત્રણ હાથની અવગાહના ત્રણ લોકના નાથે ભાખી (કહી) છે. ૭

**નવ ગ્રૈવેયક બે કર અનુત્તરે એક છે રે;**
**ભૂજલ અગ્નિને વાય, તેહની રે,**
**અંગુલ અસંખ્ય ભાગ છે રે. ॥૮॥**

નવગ્રૈવેયકની બે હાથ અને પાંચે અનુત્તરની એક હાથની અવગાહના હોય છે.

પૃથ્વીકાય(ભૂ), અપકાય(જલ), અગ્નિકાય, વાયુકાયના સર્વે જીવોની ઉત્પત્તિ સમયે જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી હોય છે. ૮

**લાખ જોજનના ઉત્તરવૈક્રિય દેવતારે,...**
**વનસ્પતિ પ્રત્યેક, ઝાઝ્ી (?) રે,**
**જોયણ સહસ ઉત્કૃષ્ટથી રે. ॥૯॥**

**અંગુલ અસંખ્યમેં ભાગ જઘન્યથી જાણિયે રે;**
**બેઈંદ્રિય જોજન બાર, કોશરે ત્રણ ચઉતિચૌરેંદ્રિયે રે. ॥૧૦॥**

દેવતાના ઉત્તર વૈક્રિય શરીરની ઉંચાઈ (પ્રસંગે બનાવાતું શરીર) લાખ યોજન હોય છે.

બાદર પ્રત્યેક વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦(હજાર) યોજન થી વધુ હોય છે. જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી અવગાહના હોય છે.

બેઈન્દ્રિયની બાર જોજન, તેઈન્દ્રિયની ત્રણ કોશ(ગાઉ), ચઉરિન્દ્રિયની ૪ કોશ (૧ યોજન)ની અવગાહના હોય છે. ૯, ૧૦.

**તિન કોશ મનુજની સહસ જોયણ તણી રે;**
**તિરિ પંચેદ્રિય દેહ, વૈક્રિય રે,**
**લાખ જોયણ નવ શત તથા રે. ॥૧૧॥**

મનુષ્યની ત્રણ ગાઉ, તિર્યંચ પંચેન્દ્રિયની એક હજાર યોજનની અવગાહના હોય છે. તેમજ મનુષ્યની ઉત્તર વૈક્રિયશરીરની અવગાહના લાખ યોજન અને તિર્યંચ પંચેન્દ્રિયની ૯૦૦ યોજન અવગાહના હોય છે. ૧૧

## *દ્વાર - ૫ (સંઘયણ)*

**ષટ્ સંઘયણ મનુજ તિરિ પંચેદ્રિ લહ્યા રે;**
**વિગલેંદ્રિય છેવટ્ઠ, જાણો રે,**
**શેષ અસંઘયણિ અછે રે. ॥૧૨॥**

મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિયને છ સંઘયણ હોય છે, વિકલેન્દ્રિયને છેવટ્ઠુ(છેલ્લુ) સંઘયણ હોય છે. બાકીનાને સંઘયણ હોતા નથી. ૧૨

## દ્વાર – ૬ (સંજ્ઞા)

**આહારાદિક[6] ચઉવીશે દંડકે લહો રે;**

આહારાદિક (સંજ્ઞા) ચોવીશે દંડકોમાં હોય છે.

## દ્વાર – ૭ (આકૃતિ)

**દેવને સમચઉરસ આગે રે,**
**ષટ્ નરતિરિ પંચેદ્રિને રે. ।।૧૩।।**

**નારક થાવર વિગલ સંમૂર્છિમ મનુષ્યને રે;**
**એક હુંડક સંઠાણ, હોય રે,**

દેવોને સમચતુરસ્ર સંસ્થાન હોય છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને છયે સંસ્થાન હોય છે. નારક, સ્થાવર, વિકલેન્દ્રિય, અને સંમૂર્છિમ મનુષ્યને એકલુ (છેલ્લું) હુંડક સંસ્થાન હોય છે. ૧૩

## દ્વાર – ૮ (કષાય)

**ચાર કષાય સવિ દંડકે રે. ।।૧૪।।**

સર્વે દંડકમાં ચારે કષાયો તો હોય છે જ. ૧૪

## ઢાળ – ૨

***(રાગ-પિયુ પિયુ કરતાં નામ જપું દિન રાતીયાં. એ દેશી.)***

## દ્વાર – ૯ (ઈન્દ્રિય)

**દેવ નરક નરતિરિપંચેંદ્રિય પણઈદ્રિ,**
**થાવર બિતિ ચઉરિંદ્રિ ઈગ બિતિ ચઉ વદિ.**

દેવ, નારક, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને પાંચ ઈંદ્રિય હોય છે. સ્થાવર, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયને અનુક્રમે એક, બે, ત્રણ, અને ચાર ઈન્દ્રિય કહી છે.

---

૬. ૪ સંજ્ઞા.

## દ્વાર - ૧૦ (સમુદ્‌ઘાત)[7]

**નારક વાયુને ચાર સમુદ્‌ઘાત આગલા;**
**દેવ તિર્યંચ પંચેન્દ્રિયને પણ આદિલા ।।૧।।**

**થાવર ચઉ વિગલેંદ્રિયને પહેલા તિન કહ્યા,**
**મનુજને સાત સમુદ્‌ઘાત પન્નવણાએ લહ્યા;**

નારકી અને વાઉકાયને પહેલા ચાર (વેદના, કષાય, મરણ, વૈક્રિય) સમુદ્‌ઘાત હોય છે. દેવતા અને તિર્યંચ પંચેન્દ્રિયને પાંચ (પહેલા ચાર + તૈજસ) સમુદ્‌ઘાત હોય છે. ચાર સ્થાવર (પૃથ્વી, અપ, તેઉ, વનસ્પતિ) અને વિકલેન્દ્રિયને પહેલા ત્રણ સમુદ્‌ઘાત કહ્યા છે. અને મનુષ્યને સાતે સમુદ્‌ઘાત પન્નવણામાં બતાવ્યા છે.

## દ્વાર - ૧૧ (દ્રષ્ટિ)[8]

**નારક નર દેવતિરિ પંચેંદ્રિ તિ દ્રષ્ટિ છે,**
**થાવર પંચને એક મિથ્યાત્વ તે ઈષ્ટ છે ।।૨।।**

**વિગલેંદ્રિયને સમકિત મિથ્યા એ દોય છે.**
**એણીપરે દ્વાર એકાદશમું દૃષ્ટિ હોય છે;**

નારકી, દેવ, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિયને ત્રણ દૃષ્ટિ હોય છે. થાવર પાંચને એક મિથ્યાત્વ દૃષ્ટિ હોય છે. વિકલેન્દ્રિયને સમકિત અને મિથ્યા દૃષ્ટિ હોય છે આ પ્રમાણે અગ્યારમું દ્વાર દૃષ્ટિનું છે.

## દ્વાર - ૧૨ (દર્શન)[9]

**દેવ નરક તિરિ પંચેંદ્રિને કેવલ વિના,**
**ચઉરિંદ્રિને ચક્ષુ અચક્ષુ બે દર્શના ।।૩।।**

**એક અચક્ષુ થાવર બિ તિ ઈંદ્રિય તણે,**
**ચક્ષુ અચક્ષુ ઓહિ કેવલ ચઉ મનુજને;**

---

૭. સમુદ્‌ઘાત સાત હોય છે. ૮. દૃષ્ટિ ત્રણ હોય છે, - સમકિત, મિશ્ર, મિથ્યાત્વ. ૯. દર્શન ચાર હોય છે. - ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ.

દેવ, નારક, તિર્યંચ પંચેન્દ્રિયને કેવલદર્શન સિવાયના ત્રણ દર્શન હોય છે. ચઉરિન્દ્રિયને ચક્ષુ દર્શન અને અચક્ષુ એમ બે દર્શન હોય છે. સ્થાવર-પાંચ, બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય એમ એ ત્રણેને અચક્ષુ દર્શન હોય છે. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલદર્શન એમ ચારે દર્શન મનુષ્યને હોઇ શકે છે.

## દ્વાર – ૨૩ (જ્ઞાન)[10]

**ત્રણ જ્ઞાન અજ્ઞાન નરક દેવ તિરિયંચને,**
**થાવરને મતિશ્રુત અજ્ઞાન એ બિહું ભણે. ।।૪।।**

**વિગલેંદ્રિયને જ્ઞાન અજ્ઞાન દુધા[11] ભણું,**
**મનુજને જ્ઞાન પંચ અજ્ઞાન તે ત્રણ ગણું;**

નરક, દેવ અને તિર્યંચને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. સ્થાવરને મતિ અને શ્રુતઅજ્ઞાન એમ બે કહ્યા છે. વિકલેન્દ્રિયને બે જ્ઞાન અને બે અજ્ઞાન જાણવા. મનુષ્યને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન કહ્યા છે.

## દ્વાર – ૨૪ (યોગ)[12]

**ઔદારિક આહારક દુગ વિણુ સુણો,**
**યોગ અગ્યાર નારક દેવ દંડકે ભવિ સુણો. ।।૫।।**

**ઔદારિક દુગ કર્મ ભૂજલ વન્હિ વણ પ્રતે,**
**વૈક્રિય દુગ યુત પંચયોગ વાયુ મતે;**
**ઔદારિક દુગ કર્મ ચોથો વાગ્ યોગ એ,**
**વિગલેંદ્રિય ને ચાર યોગના ભોગ એ. ।।૬।।**

**તિરિ પંચેદ્રિ ને આહાર[13] દૂગ વિણ જાણીએ,**
**પન્નર યોગ મનુષ્યને ભવિ મન આણિએ;**

---

૧૦. જ્ઞાન પાંચ અને અજ્ઞાન ત્રણ હોય છે. ૧૧. દ્વિધા- બંને બે-બે. ૧૨. યોગ પંદર હોય છે. ૧૩. આહારક શરીરના બે યોગ સિવાય તેર યોગ હોય.

ઔદારિક-૨ અને આહારક-૨ એ બે સિવાયના અગ્યાર યોગ નારક અને દેવને હોય છે. પૃથ્વી, અપ, તેઉ અને વનસ્પતિકાયને ઔદારિક-2 અને કાર્મણ એમ 3 યોગ હોય છે. વાયુકાયને ઉપરનાં ત્રણ યોગ ઉપરાંત વૈક્રિય અને વૈક્રિયમિશ્ર એમ પાંચ યોગ હોય છે. ઔદારિક, ઔદા.મિશ્ર, કાર્મણ અને ચોથો અસત્ય અમૃષા વચનયોગ એમ આ ચાર યોગ વિકલેન્દ્રિયને હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયને આહારક બે યોગ સિવાય તેર યોગ હોય. પંદર યોગ મનુષ્યને હોય છે, હે ભવિજીવો ! તેમ મનમાં ધારો...

## દ્વાર - ૧૫ (ઉપયોગ)[14]

**ત્રણ જ્ઞાન અજ્ઞાન દેવ નરક તિરિ,**
**જ્ઞાન અજ્ઞાન દો એક અચક્ષુ બે તિરિંદરિ.[15] ।।૭।।**

**જ્ઞાન અજ્ઞાન દર્શન દોય એ છ ચઉરિંદિને,**
**મઈ[16] સુ અજ્ઞાન અચક્ષુ થાવર એકેંદ્રિને;**
**બાર ઉપયોગ મનુષ્યને લહિએ ઈમ સુણો,**
**નાણ અન્નાણ દર્શન પણ તિ ચઉક્રમ થુણો. ।।૮।।**

ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન દેવ, નારક અને ગર્ભજ તિર્યંચને હોય છે. બે જ્ઞાન, બે અજ્ઞાન અને એક અચક્ષુ દર્શન બેઈન્દ્રિય અને તેઈન્દ્રિયને હોય છે. બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન એમ છ ઉપયોગ ચઉરિન્દ્રિયને હોય છે. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન સ્થાવર એકેન્દ્રિયને હોય છે.

પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન એમ બાર ઉપયોગ મનુષ્યને હોય છે એમ સાંભળો.

---

૧૪. ઉપયોગ બાર છે. ૧૫. તેઈંદ્રિ. ૧૬. મતિ શ્રુત.

## દ્વાર – ૨૬-૨૭ (ઉંપપાત-ચ્યવન)

**નારક દેવ તિર્યંચ પંચેંદ્રિ વિગલ તથા,**
**ઉપપાત ચવન કહું ભવિ ભગવતી કહે યથા;**
**એક બે ત્રણ જઘન્યથી સંખ્ય અસંખ્યાતા,**
**ઉત્કૃષ્ટા ઉપપાત ચવન સમે વિખ્યાતા. ॥૯॥**

**એક સમે અસંખ્યાતા થાવર પ્રાણિયા,**
**ઉપજે ચવે અનંતા સાધારણ જાણિયા;**
**એક આદિ દેઈ જાવ સંખ્ય મનુષ્ય લહો,**
**સંમૂર્છિમ નરમાંહિ અસંખ્યાતા સદ્દહો. ॥૧૦॥**

ભગવતીસૂત્રમાં જે પ્રમાણે ઉપપાત અને ચ્યવન કહ્યા છે તે હવે હું કહું છું. ત્રણ વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, તેર દેવતા, એક-નારકી એમ આ અઢાર દંડકમાં જઘન્યથી એક, બે સંખ્યાતા અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ઉપપાત અને ચ્યવન પામનારા હોય છે. સ્થાવરના ચાર દંડકોમાં ઉપપાત અને ચ્યવન સંખ્યા અસંખ્યાતી હોય છે. સાધારણ વનસ્પતિકાયમાં એક સમયમાં અનંતા ઉપપાત અને ચ્યવન થાય છે. મનુષ્યમાં જઘન્યથી એકથી માંડી ૨૯ આંકડા જેટલી સંખ્યા ઉપપાત ચ્યવનમાં હોય છે અને સંમૂર્ચ્છિમ મનુષ્યમાં અસંખ્યાતા ઉપપાત અને ચ્યવન હોય છે. આ શ્રદ્ધા કરવા યોગ્ય છે. (૧ થી ૧૦ ગાથા.)

## ઢાળ – ૩

## દ્વાર – ૨૮ (આયુષ્ય)

### રાગ :- હવે કુમર ઈસ્યું મન ચિંતવે.

**રત્ન પ્રભાએ જઘન્યથી, દસ સહસ વરસનો આયો રે;**
**સાગર એક ઉત્કૃષ્ટો લહો, બીજે ત્રણ સાગર થાયો રે.**
**જિનવર ભાખે ઈમ વયણડાં. ॥૧॥**

**વાલુપ્રભ નરગે સાતનું, પંકે દશ સત્તરે તે ધુમે રે;**
**ઉદધી બાવિશ તમ નરકમાં, સાગર તેત્રીશ તમતમે રે, જિ....॥૨॥**

**આદિ ઉત્કૃષ્ટિ જે કહિ, ઉત્તર ની તેહ જઘન્ય રે;**
**તેર પ્રતર પહેલી નરકમાં, તસ ઉત્કૃષ્ટ સુણો દેઈ કર્ણ રે. જિ....॥૩॥**

રત્નપ્રભા નરકમાં જઘન્યથી દસ હજાર વર્ષનું આયુષ્ય હોય છે. ઉત્કૃષ્ટથી એક સાગરોપમ આયુષ્ય હોય. જિનવરે આવા વચન કહ્યા છે. બીજી નરકમાં ઉત્કૃષ્ટથી ૩ સાગરોપમ આયુષ્ય ત્રીજી વાલુપ્રભા નરકનું સાત સાગરોપમ ચોથી પંક નરકનું આયુષ્ય દસ સાગરોપમ છે. પાંચમી ધુમ નરકનું સત્તર સાગરોપમ આયુષ્ય છઠ્ઠી તમઃ નરકનું બાવીસ સાગરોપમ આયુષ્ય અને સાતમી તમઃતમઃ નરકનું તેત્રીશ સાગરોપમનું આયુષ્ય છે. આ ઉત્કૃષ્ટ આયુષ્ય કહ્યુ. પહેલી નરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય એ બીજી નરકનું જઘન્ય આયુષ્ય છે. પહેલી નરકમાં તેર પ્રતર છે. તેનુ ઉત્કૃષ્ટ આયુષ્ય ધ્યાન દઈને હવે સાંભળો. (ગાથા-૧-૨-૩)

**નેઉ સહસ તથા નેઉ લક્ષ છે, પુરવ કોડિ ત્રીજે જાણો રે;**
**એક સાગરના દશ ભાગમાં, એક ભાગ ચોથે મન આણો રે....॥૪॥**

**એમ ભાગ એકેક વધારતાં, તેરમે થાય દશ ભાગ રે;**
**સાગર એક પુરું થઈ રહે, હવે જઘન્યની સુણો વાગ રે. જિ....॥૫॥**

રત્નપ્રભા નરકના તેર પ્રતરોમાંના પહેલા પ્રતરનું ઉત્કૃષ્ટથી આયુષ્ય નેવું હજાર વર્ષ, બીજા પ્રતરનું આયુષ્ય નેવું લાખ વર્ષ, ત્રીજા પ્રતરનું આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષ. એક સાગરોપમના દશમાં ભાગનો એક ભાગ એટલે ૧/૧૦ (એક દશાંશ) સાગરોપમ જેટલું આયુષ્ય ચોથા પ્રતરનું, એમ એક એક ભાગ વધારતા (૨/૧૦, ૩/૧૦ સાગરોપમ) તેરમા પ્રતરનું આયુ. ૧૦/૧૦ = ૧ સાગરોપમ થાય. હવે જઘન્ય આયુષ્યની વાત સાંભળો. ૪, ૫.

**દશ સહસ તથા દશ લક્ષ છે, નેવું લાખ ને પૂરવ કોડી રે;**
**હવે આગલીનું ઉત્કૃષ્ટ જે ઉત્તર, જઘન્યે જોડી રે, જિન....।।૬।।**

પ્રહેલા પ્રતરમાં જઘન્યથી દશ હજાર વર્ષ આયુષ્ય, દશ લાખ વર્ષ, બીજા પ્રતરમાં, ત્રીજા પ્રતરમાં આયુષ્ય નેવુ લાખ વર્ષ, ચોથા પ્રતરમાં પૂર્વ કોડી વર્ષનું આયુષ્ય હોય છે. ચોથા પ્રતરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧/૧૦ સા. છે તે પાંચમા પ્રતરનું જઘન્ય આયુષ્ય હોય છે. આ રીતે ઉપરની પ્રતરનું ઉત્કૃષ્ટ આયુષ્ય નીચલી નરકનું જઘન્ય આયુષ્ય હોય છે. ૬

**એકાદશ નવસત પણ તથા, ત્રણ એક અનુપમ ધારો રે;**
**હવે પરત રે ગણવાનો કહું, આમનાય તે એક ઉદારો રે. જિન....।।૭।।**

**જે નરકની સ્થિતિ ઉત્કૃષ્ટ છે, તસ કીજે જઘન્ય તે બાદ રે;**
**પરતર જેટલા તે નરકના, કીજે ભાગ પરતરે સાધી રે. જિન....।।૮।।**

અગ્યાર, નવ, સાત, પાંચ, ત્રણ અને એક એમ અનુક્રમે બીજી નરકથી સાતમી નરકની પ્રતરો છે. હવે પ્રતરની સ્થિતિ કેવી રીતે ગણવી તે કહું છું. જે નરકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તેમાંથી તેજ નરકની જઘન્ય સ્થિતિ બાદ કરી, તે નરકની જેટલી પ્રતરો હોય તેના વડે તેને ભાગવા. ૭, ૮.

**દશ સહસ વરસ તે જઘન્યથી, આયુ ભવનપતિ તણું હોય;**
**ઉત્કૃષ્ટ ચમરનું સાગર તણું, બલિ ઈંદ્રનું  અધીકુ જોય .....।।૯।।**

**સાડા ત્રણ તથા સાડા ચાર છે, તસ દેવી તણું અનુક્રમે રે;**
**હવે નવનિકાય દક્ષિણ તણું, આઉખુ દોઢ પલ્યોપમ રે, જિન...।।૧૦।।**

**પલ્ય દોય દેશોન ઉત્તર તણું, તસ દેવીનું અદ્ધ એકો રે;**
**દેશે ઉણ પલ્યોપમ કહ્યું, ક્રમે ગણીએ ધરી વિવેકો રે, જિ....।।૧૧।।**

જઘન્યથી દશહજાર વર્ષનું આયુ. ભવનપતિના દેવોનું હોય છે. ચમરેન્દ્રનું ઉત્કૃષ્ટ ૧ સાગરોપમનું આયુ., બલીન્દ્રનું સાધિક

એક સાગરોપમ આયુ. હોય છે. દક્ષિણ (ચમરેન્દ્ર) ઉત્તર (બલીન્દ્ર) દિશામાં અસુરકુમારની દેવીઓનું આયુ. અનુક્રમે ઉત્કૃષ્ટથી સાડા ત્રણ પલ્યો. અને સાડા ચાર પલ્યો.નું હોય છે.

હવે નવનિકાયના દક્ષિણ દિશાના શેષ નવ ભવનપતિના દેવોનું આયુ. ઉત્કૃષ્ટથી ૧.૧/૨ (દોઢ) પલ્યોપમનું, ઉત્તર દિશાના શેષ નવ ભવનપતિદેવોનું ઉત્કૃષ્ટ આયુ દેશોન બે પલ્યોપમ હોય છે. તેઓની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ. અનુક્રમે અડધો પલ્યોપમ અને દેશોન એક પલ્યોપમ હોય છે. ૯, ૧૦, ૧૧

**શુદ્ધ, શુદ્ધ, ત્રિજી વાલુકા, ચોથી મણશિલા, નામ રે;**
**શર્કરા, ખર પૂઢવી, જાણીએ, અનુક્રમે સુણો આયુ ઠામ રે, જિ...॥૧૨॥**

**એક, બાર, ચઉદ, સોલ, તેમ વલી, અષ્ટાદશ, ને બાવીસો, રે;**
**સહસ, શબ્દ તે તીહાં જોડીએ, આઉખુ ભાખે જગદીશો રે. જિ....॥૧૩॥**

ભિન્ન-ભિન્ન પ્રકારની પૃથ્વીમાં શ્લક્ષ્ણ પૃથ્વી, શુદ્ધ પૃથ્વી, ત્રીજી વાલુકા (નદીની રેતી), ચોથી મણશિલા (પારો), શર્કરા (કાંકરા), અને ખર પૃથ્વી (શિલા) જાણીએ. હવે તેઓના અનુક્રમે આયુ. ભગવાને એક હજાર વર્ષ, બાર હજાર વર્ષ, ચૌદ હજાર વર્ષ, સોલ હજાર વર્ષ, અઢાર હજાર વર્ષ અને બાવીસ હજાર વર્ષ ભાખ્યા છે. ૧૨, ૧૩.

**સાત સહસ વરસ અપ્કાયનું, વાસર ત્રણ અગ્નિનું આયુ રે;**
**ત્રણ સહસ વરસ વાયુકાયનું, દશ સહસ વરસ વણકાય રે. જિ.....॥૧૪॥**

**બેઈંદ્રિનું બાર વરસ તણું, તેઈંદ્રિનું ઓગણ પચાસ દિન રે;**
**ષટ્ માસનું ચૌરેંદ્રિતણુ, જઘન્ય મુહુર્ત હોય ભિન્ન રે...જિન....॥૧૫॥**

સાત હજાર વરસ અપકાયનું, ત્રણ અહોરાત્ર અગ્નિકાયનું, ત્રણ હજાર વર્ષ વાયુકાયનું, દશ હજાર વર્ષ વનસ્પતિકાયનું બેઈન્દ્રિયનું બાર વર્ષ, તેઈન્દ્રિયનું ઓગણપચાસ દિવસ, છ માસ ચઉરિન્દ્રિયનું

ઉત્કૃષ્ટ આયુ. અને બધાનું જઘન્યથી અંતર્મુહૂર્ત આયુ. હોય છે. ૧૪, ૧૫

**જલચર ગર્ભજ સમુર્છિમ તથા, ગર્ભજ ઉર ભૂજ પરિસપ્પરે;**
**પૂરવ કોડી વરસનું આઉખું, ભિન્ન મુહુર્ત સર્પ્પનું અલ્પ રે....॥૧૬॥**

ગર્ભજ જલચર, ઉરપરિસર્પ, તથા ભુજપરિસર્પ, સંમૂચ્છિર્મ જળચરનું ઉત્કૃષ્ટ આયુ. એક ક્રોડ પૂર્વ વર્ષનું હોય છે. બધાનું જઘન્ય આયુ. અંતર્મુહૂર્ત હોય છે. ૧૬

**થલચર ગર્ભજ ત્રણ પલ્યનું, સંમૂર્છિમ વર્ષ સહસ ચોરાસી રે;**
**ભાગ પલ્યોપમ અસંખ્યાતમો, ગર્ભજ ખેચરનું ખાસી રે, જિન...॥૧૭॥**

**ખેચરનું બહોંતેર સહસનું, ઉરપરિનું ત્રેપન હજાર રે;**
**ભૂજપરિનું બેંતાલીસ સહસનું, એ ત્રણ સંમૂર્છિમ ધાર રે. જિન....॥૧૮॥**

**ગર્ભજનું ત્રણ પલ્યનું, જઘન્યથી ભિન્ન મુહૂર્ત રે;**
**દશ સહસ વરસ વ્યંતર તણું, ઉત્કૃષ્ટ પલ્યનું હુંત રે....જિ....॥૧૯॥**

**અર્ધ પલ્યનું તસ દેવી તણું, લાખ વરસને પલ્ય સસિ કેરું રે;**
**સહસ વરસને પલ્યોપમ તણું, સૂર્યનું ગ્રહ ધારું રે....જિન....॥૨૦॥**

**ચંદ્ર સૂર્ય ને ગ્રહ દેવી તણું, નિજ આયુ અરધ કરી હીયો રે;**
**અર્ધ પલ્ય તથા પા પલ્યનું, નક્ષત્ર તારાનું લહીયો રે. જિન...॥૨૧॥**

**ચોથો આઠમો ભાગ ઝાઝેરડો, પલ્યનો દેવીનો માન રે;**
**બે સાગર સોહમ જાણીએ, બે ઉદધિ જાજેરાં ઈશાન રે. જિન....॥૨૨॥**

**એક પલ્ય તથા અધીકેરડું, જઘન્ય આઉખું સારો રે;**
**સાત સાગર અથ ઝાઝેરડું, ત્રીજે ને ચોથે ઉદારો રે. જિન....॥૨૩॥**

**બે સાગર અધીકેરડું, આયુ જઘન્ય કહ્યું તાસ રે;**
**હવે ઉત્કૃષ્ટ અનુક્રમે કહું, સુણજો તે ધરી ઉલ્લાસ રે, જિન....॥૨૪॥**

**દશ ચઉદ સત્તર અષ્ટાદશ, સાગરનો અનુક્રમે જાણી રે;**
**આગલે એકેક વધારીએ, એકત્રીશ ગ્રૈવેયક લગે આણી રે, ....॥૨૫॥**

**તેત્રીશ સાગર વિજયાદિકે, ચારને એકત્રિશ જઘન્ય રે;**
**આગલને ઉત્કૃષ્ટ જઘન્ય તે, ઉત્તરનું ધારો સજ્જનરે, જિન....॥૨૭॥**

સ્થલચરમાં સામાન્યથી ગર્ભજનું તથા ગર્ભજ ચતુષ્પદનું ઉત્કૃષ્ટ આયુ. ત્રણ પલ્યોપમનું, સંમૂચ્છિર્મ ચતુષ્પદનું ઉત્કૃષ્ટ આયુ. ચોરાસી હજાર વર્ષ, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, ગર્ભજ ખેચરનું ઉત્કૃષ્ટ આયુ. સંમૂચ્છિર્મ ખેચરનું બહોંતેર હજાર વર્ષ, સંમૂચ્છિર્મ ઉરપરિસર્પનું ત્રેપન હજાર વર્ષ, સંમૂચ્છિર્મ ભૂજપરિસર્પનું બેંતાલીસ હજાર વર્ષ આયુ. છે અને બધાનું અંતર્મુહૂર્ત આયુ. જઘન્યથી છે. ગર્ભજ મનુષ્યનું આયુ. ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમ તથા જઘન્યથી અંતર્મુહૂર્ત છે.

વ્યંતરદેવનું જઘન્યથી આયુ. દશ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટથી એક પલ્યોપમનું આયુ. હોય છે. વ્યંતરની દેવીનું ૧/૨ અડધો પલ્યો.નું ઉત્કૃષ્ટ આયુ. હોય છે.

એક પલ્યોપમ અને (૧ પલ્યો. + ૧ લાખ વર્ષ.) ૧ લાખ વર્ષનું ઉત્કૃષ્ટ આયુ. ચંદ્રદેવનું હોય છે. સૂર્ય દેવનું એક પલ્યોપમ અને એક હજાર વર્ષનું (૧ પલ્યો. + ૧ હજાર વર્ષ.) ઉત્કૃષ્ટ આયુ. હોય છે. ગ્રહ દેવનું ઉત્કૃષ્ટ આયુ. એક પલ્યોપમ હોય છે.

ચંદ્ર, સૂર્ય અને ગ્રહની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ. અનુક્રમે ૧/૨ પલ્યો. + ૫૦ હજાર વર્ષ, ૧/૨ પલ્યોપમ + ૫૦૦ વર્ષ, અને ૧/૨ પલ્યો. હોય છે.

નક્ષત્રદેવનું ઉત્કૃષ્ટ આયુ. અડધો (૧/૨) પલ્યોપમ, તારાદેવનું પા (૧/૪) પલ્યોપમ આયુ. હોય છે. નક્ષત્ર દેવીનું ઉત્કૃષ્ટ આયુ. પા થી (સાધિક૧/૪) અધિક પલ્યોપમ અને તારા દેવીનું ઉત્કૃષ્ટ આયુ. સાધિક ૧/૮ પલ્યોપમ હોય છે.

સૌધર્મદેવલોકના દેવનું ઉત્કૃષ્ટ આયુ. બે સાગરોપમ અને

ઈશાન દેવલોકના દેવનું આયુ. સાધિક બે સાગરોપમ છે. બંન્નેનું અનુક્રમે જઘન્યથી આયુ. એક પલ્યોપમ અને એક પલ્યોપમથી અધિક હોય છે.

ત્રીજા સનતકુમાર દેવલોકના દેવનું ઉત્કૃષ્ટ આયુ. સાત સાગરોપમ, ચોથા મહેન્દ્રદેવલોકના દેવનું ઉત્કૃષ્ટ આયુ. સાત સાગરોપમથી અધિક હોય છે. આ બંન્નેનું જઘન્યથી આયુ અનુક્રમે બે સાગરોપમ અને સાધિક બે સાગરોપમ છે.

હવે આગળ ઉપરના એટલે પાંચમા, છટ્ઠા, સાતમાં, આઠમા દેવલોકના દેવોનું ઉત્કૃષ્ટ આયુ. કહુ છું તે ઉલ્લાસપૂર્વક સાંભળજો.

અનુક્રમે દશ, ચઉદ, સત્તર, અઢાર સાગરોપમનું આયુ. તે-તે દેવલોકના દેવોનું છે. જેમ જેમ ઉપરના દેવલોક એટલે નવ ગ્રૈવેયેક સુધી જાવ તેમ તેમ એક એક સાગરોપમ ઉત્કૃષ્ટ આયુ વધે છે. તે આ મુજબ છે. નવમાં દેવલોકમાં ઓગણીસ, દસમાં દેવલોકમાં વીસ, અગ્યારમાં, બારમાં દેવલોકમાં તથા પહેલાં, બીજા, ત્રીજા, ચોથા, પાંચમાં, છટ્ઠા, સાતમાં, આઠમાં અને નવમાં ગ્રૈવેયકમાં અનુક્રમે એકવીસ, બાવીસ, ત્રેવીસ, ચોવીસ, પચ્ચીસ, છવ્વીસ, સત્તાવીસ, અટ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને નવમાં ગ્રૈવેયકમાં એકત્રીસ સાગરોપમનું આયુ. હોય છે.

તેત્રીસ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુ અને એકત્રીસ સાગરોપમનું જઘન્ય આયુ વિજય, વિજયન્ત, જયન્ત અપરાજિત દેવલોકના દેવોનું હોય છે. સર્વાર્થસિદ્ધના દેવલોકના દેવોનું પણ ઉત્કૃષ્ટ આયુ. તેત્રીસ સાગરોપમ હોય છે.

(૧) નીચેના દેવલોકનું ઉત્કૃષ્ટ આયુ. ઉપરના દેવલોકનું જઘન્ય આયુ. જાણવુ. એટલે ઉદાહરણ સ્વરૂપે પાંચમા દેવલોકનું ઉત્કૃષ્ટ આયુ દસ સાગરોપમ છે તો છટ્ઠા દેવલોકનું જઘન્ય આયુ. દસ સાગરોપમ હોય છે. આ રીતે સજ્જનો તમે ધારો... (૧૭

થી ૨૬ ગાથા.)

## દ્વાર - ૧૯ (પર્યાપ્તિ) ઢાળ - ૪

### દેશી એકત્રીશાની.

**થાવર પંચને રે, ચાર પર્યાપ્તિ આગલી,**
**વિગલેંદ્રિયને રે, ટાલો મન એક છેહલી;**
**શેષ સર્વને રે, ષટ્ પર્યાપ્તિ દ્વારે ભણિ,**
**દ્વાર વીશમુ રે, ભાખે હવે ત્રિભુવન ધણી. ।।૧।।**

(પર્યાપ્તિ છ હોય છે તેમાં) સ્થાવર પાંચને પહેલી ચાર પર્યાપ્તિ હોય છે. વિકલેન્દ્રિયને મન સિવાયની બધી પર્યાપ્તિ હોય છે. બાકીના બધાને છ પર્યાપ્તિ આ દ્વારમાં જણાવી છે.

ત્રિભુવનધણી હવે વીસમું દ્વાર જણાવે છે.

## દ્વાર- ૨૦ (આહાર)

### ત્રુટક

**મનુષ્ય તિરિ વિગલેંદ્રિ પણ એ દંડક ત્રીણ આહાર એ;**
**શેષને કવલ આહાર ટાલી દોય આહાર નિરધાર એ;**

ગર્ભજ મનુષ્ય, તિર્યંચ અને વિકલેન્દ્રિય આ પાંચ દંડકમા ત્રણ આહાર હોય છે. બાકીનાને કવલાહાર સિવાયના બે આહાર હોય છે એ નક્કી છે.

## દ્વાર - ૨૧ (ગતિ-આગતિ)

**તિરિ પંચેંદ્રિ મનુજમાંહિ નારકી જાએ સહિ;**
**આવે પણ એ બિહુમાંથી પાવે વેદના બહુતહીં. ।।૨।।**

પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યમાંથી જીવ નારકીમાં જઈ શકે છે અને નરકમાંથી આ બે ગતિમાં પણ જઈ શકે છે અને નરકમાં વેદના બહુ સહન કરે છે. ૧, ૨.

### ઢાળ

**વ્યંતર જ્યોતિષિરે, ભુવનપતિ વલી જાણીએ,**
**સોહમ ઈશાન રે, પાંચ દંડકમાંહિ આણીએ;**
**પૃથ્વી અપરે, વણ તિરિ પંચેંદ્રિય મનુ,**
**ઉપજે તિંહા રે, તિરિ પંચેંદ્રિ મનુજ નનુ. ।।૩।।**

વ્યંતર, જ્યોતિષ, ભુવનપતિ, સૌધર્મ અને ઈશાન એ પાંચ દંડકમાંથી જીવો પૃથ્વીકાય, અપ્‌કાય, વનસ્પતિકાય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં જાય છે. અને તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્ય આ દંડકોમાં ઉત્પન્ન થાય છે. ૩

### ત્રુટક

**ત્રીજાથી સહસાર જાવત ગત્યાગતિ મનુ તીરિ તણી,**
**નવમાંથી સર્વાર્થ સિદ્ધે મનુજની જિનવરે ભણી;**
**ચોવિશમાંહે મનુજ જાએ આવે તેઉ વાઉ વિણુ,**
**ચોવિશમાંહે ગત્યાગતિ કરે, તિરિ પંચેંદ્રિય ઘણું. ।।૪।।**

ત્રીજા દેવલોકથી આઠમા સહસ્ત્રાર દેવલોક સુધી પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્ય જાય છે અને ત્યાંથી પાછા પંચે. તિર્યંચ તથા મનુષ્યમાં આવી શકે છે. તેવી જ રીતે નવમાં દેવલોકથી સર્વાર્થસિદ્ધમાં માત્ર મનુષ્ય જઈ શકે છે અને મનુષ્યમાં જ ત્યાંના જીવો આવે છે. ચોવીસે દંડકમાં મનુષ્ય બધે જાય અને તેઉ, વાઉ, સિવાય બધેથી આવે. તથા ચોવીસે દંડકમાં તિર્યંચ પંચેન્દ્રિય ગતિ-આગતિ દ્વારા ઘણી જા-આવ કરે છે.

### ઢાળ

**ગતિ આગતિ રે, વિગલેંદ્રિને દશ દંડકે,**
**તિરિ પંચેંદ્રિ રે, થાવર વિગલ મનુજ જીકે;**
**ભૂ અપ્ વણને રે, એહીજ દશની ગતિ કહી,**
**ત્રેવીશમાં રે, નારક વિણુ આગતિ લહી. ।।૫।।**

વિકલેન્દ્રિયની ગતિ-આગતિ આ દશ દંડકમાં છે. જે આ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિય(૧), સ્થાવર(૬), વિકલેન્દ્રિય(૯), મનુષ્ય(૧૦) છે. પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાયના જીવો મરીને આ જ દશ દંડકોમાં જાય છે. પૃથ્વી, અપ, વનસ્પતિમાં નરક સિવાયના તેવીસ દંડકોમાંથી જીવો આવે (આગતિ) છે. ૪, ૫.

### ત્રુટક

**નવની ગતિ આગતિ દશની તેઉ વાઉને તદા,**
**થાવર વિગલ તિરિ પણેંદ્રિ મનુજ સહિ કરો જદા;**
**શ્રી વીરજિનવર તણા પદયુગપદ્મને અવલંબતા,**
**ગત્યાગતિ સવિ દૂર થાએ પામીએ સુખ શાશ્વતા. ।।૬।।**

તેઉ અને વાઉને ગતિ નવ દંડકમાં છે અને તેઉ વાઉમાં આગતિ દશ દંડકમાંથી થાય છે. તે આ પ્રમાણે છે :- સ્થાવર– પાંચ, વિકલેન્દ્રિય-૩, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય.

શ્રીવીરપ્રભુના કમળરૂપ પદયુગલના આલંબનથી ગતિ-આગતિ બધુ દૂર થાય અને શાશ્વત સુખને પામીએ. ૬.

## દ્વાર – ૨૨ (વેદ) ઢાળ – ૫

### ચોપાઈની દેશી.

**નરક થાવર વિગલ નપું વેદ, દેવને પું સ્ત્રિ વેદ મન વેદ[૧૭];**
**તિરિ પંચેંદ્રિ મનુજ ત્રણ જાણ, હવે ભુવનદ્વાર[૧૮] મન આણ. ।।૧।।**

નરક, સ્થાવર, વિકેલેન્દ્રિયને નપુસંક વેદ હોય છે અને દેવને પુરુષ તેમજ સ્ત્રી વેદ હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયને અને મનુષ્યને ત્રણ વેદ હોય છે એમ હે મન ! તું જાણ.

## દ્વાર – ૨૩ (ભુવન)

**સાત નરકના અનુક્રમે સુણી, ત્રીશ પચવીશ પન્નર દશ ત્રીણિ;**
**લાખ શબ્દ સયલે જોડીએ, છઠ્ઠીએ લખમાં પણ છોડીએ[૧૯]. ।।૨।।**

૧૭. જાણ. ૧૮. દ્વાર-૨૩, ૧૯. એક લાખમાં પાંચ ઓછા કરીએ.

સાતમીએ પણ નરકવાસ,
ચોરાસી લખ સર્વ નિવાસ;
ચોત્રીશ ચોયાલિશ, (૪૪),
અડત્રીસ, નવમી નિકાય વિના[૨૦] ચાલીશ. ॥૩॥

નવમીને પચાસ ઉદાર, લક્ષ શબ્દ સઘલે વિસ્તાર;
દક્ષિણ દીશે દશ ઈંદ્રના એહ, ચઉ કોડિ ષટ્ લખ સર્વ ગુણેહ. ॥૪॥

હવે ઉત્તર દશ ઈંદ્રના કહું, ઊણા પ્રત્યેક ચઉ લખ લહું;
સાત કોડિને બહોંતેર લાખ, સર્વ થઈ એ જિનવર ભાખ. ॥૫॥

એક લાખ એંશી સહસ જોજન, રત્નપ્રભા પિંડ ભાખે જિન;
સહસ જોજન ઉપરિ અધ[૨૧] ટાલ, વચમાં ભુવનપતિને માલ. ॥૬॥

સંખ્ય અસંખ્યાત જોજન માન, ભવન કહ્યા છે તેહને થાન;
લોકવ્યાપી સૂક્ષ્મ થાવરા, બાદર દેશે કહે જિનવરા. ॥૭॥

બાદર અગ્નિ મનુજ એ દોય, અઢી દ્વીપમાં કહીએ સોય;
ઉપરિ સહસ જોજનમાં થકી, ઉપરિ અધ શત જોજન મુકી. ॥૮॥

નગર અસંખ્યાતા તિહાં કહ્યાં, નાનાં ભરત જેવડા લહ્યાં;
મહાવિદેહ સમ મધ્ય જાણ, મોટાં જંબુદ્વીપ પ્રમાણ. ॥૯॥

સંભૂતલ પૃથ્વી મર્યાદ, સાતસેં, નેવું જોજન સંવાદ;
તારાથી દશ જોજન રવિ, એંશી જોજન તિહાંથી સસિ ભવિ. ॥૧૦॥

નક્ષત્ર બુધ જોજન ચાર ચાર, શુક્ર ગુરુ મંગલ શનિ ત્રણધાર;
જ્યોતિષીના છે અસંખ્ય વિમાન, હવે દેવલોકની સંખ્યા જાણ. ॥૧૧॥

બત્રીશ અડવીસ બાર અડ ચાર, લાખ શબ્દ જોડીએ ઉદાર;
પચાસ ચાલીસ ને છ હજાર, આનત પ્રાણતે ચઉશત ધાર. ॥૧૨॥

આરણ અચ્યુતે ત્રણશેં રહ્યા, એ માન વિમાન સંખ્યામાં લહ્યા;
પ્રથમ ત્રિકે એકસો અગ્યાર, બીજે એકસો સાત વિચાર. ॥૧૩॥

---

૨૦. છ નિકાયનાં ચાલીસ ચાલીસ લાખ. ૨૧. ઉપર ને નીચે.

**ત્રીજે સો ને ઉપરિ પંચ, અનુત્તરમાં પણ પુણ્યનો સંચ;**
**બાર જોજન ઊંચી સિદ્ધશિલા, પ્રાણ કહું હવે દશ માંહીલા. ।।૧૪।।**

હવે ભુવનદ્વાર જાણીએ. સાતે નરકમાં અનુક્રમે ત્રીસ, પચ્ચીસ, પંદર, દશ, ત્રણ લાખ, છઠ્ઠી નરકમાં લાખમાં પાંચ હજાર ઓછા એટલે નવ્વાણુ હજાર નવસો પંચાણુ (૯૯,૯૯૫) તથા સાતમી નરકમાં પાંચ નરકાવાસ છે. એમ બધા થઈને ચોર્યાસી લાખ નરકાવાસ થાય.

દક્ષિણ દિશાના દશ ઈંદ્રોના અનુક્રમે ચોત્રીશ, ચુમ્માલીસ, આડત્રીસ લાખ ચોથા ભવપતિનાં, નવમાં ભવનપતિના પચાસ લાખ અને તે સિવાયના ત્રીજા, પાંચમા, છટ્ઠા, સાતમાં, આઠમા, અને દસમાં એ છ ભવનપતિમાં ચાલીસ લાખ ભવનો છે. દક્ષિણના દશે ભવનપતિના કુલ ચાર ક્રોડ અને છ લાખ ભવનો થાય છે.

હવે ઉત્તર દિશાના દશે ભવનપતિના ઈંદ્રોના આવાસો કહું. દક્ષિણ દિશાના ભવનો કરતા ઉત્તર દિશાના દરેકમાં ચાર ચાર લાખ ઓછા ભવનો ગણતા કુલ ત્રણ ક્રોડ ને છાસઠ લાખ ભવનો થાય. બન્ને દિશાના થઇ કુલ ૭,૭૨,૦૦,૦૦૦ ભવનો થાય. એમ ભગવાને ભાખ્યુ છે. ૧, ૨, ૩, ૪, ૫.

રત્નપ્રભા નામની પૃથ્વી એક લાખ એંશી હજાર જોજન પ્રમાણ જાડાઇની છે તેવું જિનવરે ભાખ્યુ છે. તેમાં એક હજાર ઉપર અને એક હજાર નીચે છોડી તેની વચ્ચેના એક લાખ ઈઠ્યોતર હજાર (૧,૭૮,૦૦૦) યોજનમાં ભવનપતિદેવોના ભવનો આવેલા છે. આમાં તેમનાં સંખ્યાતા – અસંખ્યાતા યોજનના માપના ભવનો છે.

આ લોકમાં સૂક્ષ્મ અને સ્થાવર જીવો સર્વ સ્થાને વ્યાપેલા છે અને બાદર જીવો દેશથી રહેલા છે તેમ ભગવાને જણાવ્યું.

જ્યારે બાદર અગ્નિ અને મનુષ્ય અઢીદ્વીપમાં છે તેવુ કહ્યુ. (આમાં બાદર પૃથ્વીકાયથી નિર્મિત ૧,૭૮,૦૦૦ યોજનમાં છે...

હવે, ઉપરના એક હજાર યોજનમાં ૧૦૦-૧૦૦ યોજન ઉપર-નીચેના છોડી વચ્ચેના ૮૦૦ યોજનમાં વ્યંતરોના અસંખ્યાતા નગરો કહ્યા છે. તેમાં નાના નગરો ભરતક્ષેત્ર જેવા, મધ્ય નગરો મહાવિદેહ જેટલા અને મોટા નગરો જંબૂદ્વીપ પ્રમાણના છે. ૬, ૭, ૮, ૯.

સમભૂતલા પૃથ્વીથી સાતસો નેવુ યોજન ઉપર જતા તારાના વિમાનો આવે. તેનાથી દશ યોજન ઉપર જતા સૂર્યના વિમાનો આવે. સૂર્યના વિમાનથી એંશી યોજન ઉપર જતા ચંદ્રના, તે વિમાનથી ચાર યોજન ઉપર જતા નક્ષત્રના, તેનાથી ચાર યોજન ઉપર જતા બુધનું વિમાન, ત્યાંથી ત્રણ યોજન ઉપર જતા શુક્રનું વિમાન ત્યાંથી ત્રણ યોજન ઉપર જતા ગુરુનું વિમાન, ત્યાંથી ત્રણ યોજન ઉપર જતા મંગળનું વિમાન, ત્યાંથી ત્રણ યોજન ઉપર જતા શનિનું વિમાન છે. આમ જ્યોતિષના અસંખ્ય વિમાનો ૭૯૦ થી ૯૦૦ યોજનના પટ્ટામાં રહ્યા છે. હવે વૈમાનિક દેવલોકની સંખ્યા જાણો.

પહેલા દેવલોકના બત્રીસ લાખ, બીજામાં અટ્ઠાવીસ લાખ એમ ક્રમશઃ પાંચ અનુત્તર સુધીમાં અનુક્રમે બાર લાખ, આઠ લાખ, ચાર લાખ, પચાસ હજાર, ચાલીસ હજાર, છ હજાર, આનત-પ્રાણત દેવલોકના ચારસો, આરણ-અચ્યુતના ત્રણસો, પ્રથમ ગ્રૈવેયકત્રિકના એકસો અગ્યાર, દ્વિતિય ગ્રૈવેયકત્રિકના એકસો સાત, તૃતીય ગ્રૈવેયકત્રિકના સો અને છેલ્લે પાંચ અનુત્તરમાં પાંચ વિમાનો છે. આ અનુત્તરમાં જેનો વિશિષ્ટ પુણ્યનો ઉદય હોય તે ઉપને છે. તે અનુત્તરથી બાર જોજન ઊંચે સિદ્ધશિલા છે. ૧૦,૧૧,૧૨,૧૩,૧૪.

## દ્વાર - ૨૪ (પ્રાણ)

**ફરસ ઈંદ્રી તનુ બળ શ્વાસોશ્વાસ, આઉખું એ થાવર હોય તાસ;**
**રસ ઈંદ્રી ને વચન સહિત, બેઈંદ્રિયને ષટ્ એ રીત. ।।૧૫।।**

**નાક સહિત તેઈંદ્રિને સાત, ચૌરેંદ્રિને ચક્ષુ અવદાત;**
**મનને શ્રોત્ર ઈંદ્રિય એ યુત, શેષ દંડકને દશ એ ઉત્ત. ।।૧૬।।**

હવે દશ પ્રાણ વિશે કહું છું. સ્થાવરના જીવને સ્પર્શેન્દ્રિય, કાયબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય એ ચાર પ્રાણ હોય છે. આ ચાર ઉપરાંત રસનેન્દ્રિય અને વચન એમ છ પ્રાણ બેઈન્દ્રિયને હોય છે. આ છ સાથે ઘ્રાણેન્દ્રિય(નાક) એમ સાત પ્રાણ ચઉરિન્દ્રિયને હોય છે. ચક્ષુ, મન અને શ્રોત્રેન્દ્રિય સાથે ઉપરના સાત એમ કુલ દશ પ્રાણ બાકીના દંડકોને હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિયને મન સિવાયના ૯ જાણવા. ૧૫, ૧૬.

## દ્વાર - ૨૫ (સંપદા) ઢાળ - ૬

### રાગ - વેલાવલ.

**નવનિધાન ચૌદ રતન એ, ભાખ્યા ભગવંતે;**
**ચક્ર, છત્ર, દંડ, અસિ, વલિ કાંગણી, ચર્મ, મણિ;**
**તે નમિયે જિનરાયને. ।।૧।।**

**સાત એકેંદ્રિય રતન એ ગાથાપતિ સેનાપતિ;**
**પુરોહિત, વર્ધિક, અશ્વ, ગજ, સ્ત્રી સંપત્તિ....તે....।।૨।।**

નવનિધાન (ચક્રવર્તીની નવનિધિ નહીં પણ ઉત્તમ સમૃદ્ધિ સૂચક નવ પદવી) અને ચૌદ રત્નો એમ તેવીસ સંપદા હોય છે તેવું ભગવંતે ભાખ્યુ છે. તેમાં ચક્ર, છત્ર, દંડ, અસિ (ખડ્ગ), કાંકિણી, ચર્મ અને મણિ આ સાત રત્નો એકેન્દ્રિય છે અને ગાથાપતિ (ગૃહપતિ), સેનાપતિ, પુરોહિત, વાર્ધિક (વર્ધકી), અશ્વ, ગજ અને સ્ત્રી એ બીજા સાત રત્નો થઈ કુલ ચૌદ રત્નો પંચેન્દ્રિય

છે. આવું કહેનાર પરમાત્માને હું નમસ્કાર કરું છું. ૧, ૨.

**તિર્થંકર, ચક્રી, બળ, વાસુ, કેવલિ, સાધુ;**
**શ્રાદ્ધ, સમકિતિ, મંડલિક,**
**મલિ સવિ તેવીસ લાધુ...તે ।।૩।।**

આ ઉપરાંત તીર્થંકર, ચક્રી, બલદેવ, વાસુદેવ, કેવલિ, સાધુ, શ્રાદ્ધ, સમકિતિ અને મંડલિક એમ આ નવનિધાન અને ચૌદ રત્નો મળી કુલ ત્રેવીસની સંપદા (ઉત્તમપદ) છે. જે પુણ્યથી મળે છે. ૩

**પહેલી નરકનો નીકળ્યો, સોલ સંપદા પામે;**
**સાત એકેંદ્રિય ટાળીને, ગુણજ્યો ઈણે ઠામે. તે...।।૪।।**

**બીજીનો પંદર ચક્રી વિના, ત્રીજીનો તેર;**
**બલ વાસુદેવ એ ટાલજ્યો, ચોથીનો બાર તે... ।।૫।।**

**તિર્થંકર વિણુ પાંચમીનો, પામે અગીઆર;**
**કેવલી વિણુંદશ છઠ્ઠીનો, સાધુ વિણુ નિરધાર. તે... ।।૬।।**

**અશ્વ ગજ સમકિત ત્રણ, સાતમીનો જાણ;**
**ભવનપતિ વણ જોતિષી, એકવીશ લહે ઠાણ. તે.... ।।૭।।**

**તિર્થંકર વાસુદેવ વિના, ભૂ અપ્ વણ નર તિરિનો;**
**તિર્થંકર ચક્રિ બલ વાસુ, વિણુ ઓગણીશ કીનો. ...તે....।।૮।।**

**તેઉ વાઉનો નીકલ્યો, અશ્વ ગજ એ દોય;**
**સાત એકેંદ્રિ ઈમ નવ, પામે જીવ કોય. તે... ।।૯।।**

**વિગલ અઢાર સંપદ લહે, તિર્થંકર ચકરી બલ વાસુ;**
**કેવલી એ પાંચ ટાલજ્યો, સોહમ ઈશાને તે વીશુ. ....તે....।।૧૦।।**

**પહેલી નરક પરે જાણજ્યો, સોલ સંપદા ઈહાં;**
**ત્રીજાથી આઠમા લગે, નવમાંથી ચૌદ જિંહા. તે....।।૧૧।।**

**એકેંદ્રિ અશ્વ ગજ ટાલજ્યો, અનુત્તરના કહિએ;**
**આઠ નિધાન વાસુદેવ વિના, દ્વાર સંપદા લહિએ. તે...॥૧૨॥**

પહેલી નરકમાંથી નીકળેલો જીવ સોળ સંપદાને મેળવે છે. એમાં સાત એકેન્દ્રિય રત્નો સિવાયની બાકીની સોળ સંપદાને પામે છે. એટલે ૧લી નરકમાંથી નીકળી જીવ તીર્થંકર, ચક્રી વગેરે પદવી પણ પામી શકે છે આ રીતે દરેક અર્થો જાણવા.

બીજી નરકનો જીવ ચક્રી સિવાયની પંદર સંપદા પામે છે.

ત્રીજી નરકમાંથી નીકળેલો જીવ ઉપરોક્ત પંદર સંપદામાંથી બળદેવ, વાસુદેવને છોડીને તેર સંપદા મેળવી શકે છે. ચોથી નરકનો જીવ તીર્થંકર વગરની બાર સંપદા મેળવી શકે છે. પાંચમી નરકનો જીવ કેવલજ્ઞાન સિવાયની અગ્યાર સંપદા મેળવી શકે છે. છઠ્ઠી નરકનો જીવ સાધુ પદવી સિવાય દશ સંપદા પામે છે. સાતમી નરકનો જીવ અશ્વ, ગજ, અને સમકિતની જ એમ કુલ ૩ સંપદા મળેવી શકે છે. ભવનપતિ, વ્યંતર, અને જ્યોતિષના જીવો તીર્થંકર અને વાસુદેવ વગર એકવીસ સંપદાને મેળવી શકે છે. ૪ થી ૧૨

- પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય આ પાંચમાંથી આવેલા જીવો તીર્થંકર, ચક્રી, બલદેવ અને વાસુદેવપણાને છોડી બાકીની (ઓગણીસ) સંપદા પામી શકે છે.
- તેઉકાય-વાયુકાયમાંથી નીકળેલો જીવ માત્ર અશ્વરત્ન ગજરત્ન અને ૭ એકેન્દ્રિયરત્નો આ નવ જ સંપદા પામી શકે છે.
- તીર્થંકર, ચક્રી, બલદેવ, વાસુદેવ અને કેવળજ્ઞાન આ પાંચને છોડી બાકીની અઢાર સંપદા વિકલેન્દ્રિય પામી શકે છે.
- સૌધર્મ-ઇશાન દેવલોકના દેવો ત્રેવીસ સંપદા પામી શકે છે.
- ત્રીજાથી આઠમાં દેવલોકના દેવો પહેલી નરકની જેમ

સોળ સંપદા મેળવે છે. નવમાંથી નવગ્રૈવેયક સુધીના દેવો એકેન્દ્રિયના સાત, અશ્વ અને ગજરત્નને છોડી ચૌદ સંપદા મેળવે છે.

- જ્યારે અનુત્તરના દેવો બીજા ભવમાં વાસુદેવપણાને છોડી બીજા આઠ નિધાન પામી શકે છે આ સંપદા દ્વાર છે...

## દ્વાર - ૨૬ (ધર્મ)

**કરણીરૂપ ધર્મ મનુ તથા, તિરિ પંચેદ્રિ માંહિ;**
**બાવીશ દંડકે તે નહિ, ધર્મ દ્વાર એ ત્યાંહિ તે....।।૧૩।।**

કરણી રૂપ (કરવા યોગ્ય) ધર્મ મનુષ્ય તથા તિર્યંચ પંચેન્દ્રિયમાં હોય છે. બાકીના બાવીસ દંડકમાં ધર્મનું દ્વાર હોતુ નથી. ૧૩

## દ્વાર - ૨૭ (જીવયોનિ)[૨૨]

**ભુ, અપ્ તેઉ વાઉસત્, દશ લાખ પ્રત્યેક;**
**સાધારણ વણ મનુ ચૌદ, ચઉ ચઉ લખ તિરિ નરક. તે...।।૧૪।**

**લાખ લાખ દો દો વિગલેંદ્રિમાં, દેવને લખ ચાર;**
**ઈમ ચોરાશી લાખ જીવાયોનિમાં, નવ નવ અવતાર. તે... ।।૧૫।।**

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વાયુકાયની સાત-સાત લાખ, પ્રત્યેક વનસ્પતિકાયની દસ લાખ, સાધારણ વસ્પતિકાય અને મનુષ્યની ચૌદ લાખ, નારકી, દેવ અને તિર્યંચ પંચેન્દ્રિયની ચાર-ચાર લાખ અને વિકલેન્દ્રિય એટલે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય ને બે-બે લાખ યોનિ હોય છે.

આમ કુલ ૮૪ (ચોર્યાસી) લાખ યોનિમાં જીવ નવા નવા અવતાર (ભવ) ધારણ કરે છે. ૧૪, ૧૫.

---

૨૨. જીવાયોનિ કુલ ચોરાશી લાખ હોય છે.

## દ્વાર - ૨૮ (કુલકોટિ)

**પચવીશ છવીશ બાર સાત, ત્રણ સાત અડવીસ;**
**સાત આઠ નવ બાર લાખ, કુલ કોટિ જગીશ. તે... ॥૧૬॥**

**સાડી બાર, દશ, બાર, દશ, નવ લાખ કુલ કોડિ;**
**નારક દેવ અનુક્રમે, પાંચ થાવર જોડિ. તે.... ॥૧૭॥**

**બિ તિ ચૌરેંદ્રિ અનુક્રમે, મનુજ જલચર થલચર;**
**ખેચર ઉરપરિ ભુજપરિ, અનુક્રમે સવિ વિસ્તર. તે...॥૧૮॥**

નારકમાં પચ્ચીસ લાખ કોટિ, દેવમાં છવ્વીસ લાખ કોટિ, પાંચ થાવરની (પૃથ્વી), અપ, તેઉ, વાઉ, વન.) અનુક્રમે બાર લાખ કોટિ, સાત લાખ કોટિ, ત્રણ લાખ કોટિ સાત લાખ કોટિ અને અઠ્ઠાવીસ લાખ કોટિ કુલો હોય છે.

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, અને ચઉરિન્દ્રિયના અનુક્રમે સાત લાખ, આઠ લાખ, નવ લાખ કોટિ તથા મનુષ્યની બાર લાખ કોટિ કુલ હોય છે. જલચરની સાડા બાર લાખ કોટિ, ચતુષ્પદ (થલચર)ની દસ લાખ કોટિ, ખેચરની બાર લાખ કોટિ, ઉરપરિસર્પની દસ લાખ કોટી, ભુજપરિસર્પની નવ લાખ કોટિ કુલ હોય છે. આમ, કુલની પરિપૂર્ણ સંખ્યા એક અબજ, સત્તાણુ લાખ, પચાસ હજાર કોટી હોય છે. ૧૬, ૧૭, ૧૮

## દ્વાર - ૨૯ (અલ્પબહુત્વ)

**ગર્ભજ નર થોડા સર્વથી, ષડ્ ગુણ અસંખ્યાતા;**
**બાદર અગ્નિ વૈમાનિક, ભુવનપતિ આખ્યાતા. તે... ॥૧૯॥**

**નારક વ્યંતર જ્યોતિષિ, સંખ્ય ગુણ ચઉરિંદિ;**
**ત્રણ વિશેષાધિક લહો, પંચેંદ્રિ બિ તિંદિ. તે...॥૨૦॥**

**ત્રણ અસંખ્યાત ગુણ કરે, પૃથ્વી અપ્(વાયુ)કાય;**
**ચૌદમે બોલ વનસ્પતિ, અનંત ગુણ થાય. તે.... ॥૨૧॥**

**ઉત્તમ વિજય ગુરુ તણા, સાધુ કહેવાય;**
**ભાવનગરમાં વીરના, પદ્મવિજય ગુણ ગાય. તે... ॥૨૨॥**

પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય સૌથી ઓછા છે. ત્યારબાદ ૬ સ્થાનો-જેમાં પર્યાપ્તા બાદર અગ્નિકાય, વૈમાનિક, ભવનપતિ, નારક, વ્યંતર, જ્યોતિષના જીવો ક્રમશઃ અસંખ્ય-અસંખ્યગુણા હોય છે. તેનાથી ચઉરિન્દ્રિયના જીવોને સંખ્યાતગુણા, ત્યારપછી પંચે. તિર્યંચ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિયના જીવો ક્રમશઃ વિશેષાધિક વિશેષાધિક હોય છે. તેનાથી પૃથ્વી, અપ અને (વાઉકાયના) જીવો ક્રમશઃ અસંખ્યાત-અસંખ્યાતગુણ હોય છે. તેનાથી વનસ્પતિકાયના જીવો અનંતગુણા હોય છે.

ઉત્તમવિજય ગુરુના શિષ્ય પદ્મવિજયજીએ ભાવનગરમાં ચોવીશ દંડકના સ્વરૂપના માધ્યમથી પ્રભુ વીરના ગુણ ગાયા. ૧૯, ૨૦, ૨૧, ૨૨.

***ઈતિ શ્રી વીરજિન સ્તુતિગર્ભિત ચોવીશ દંડક સ્તવન.***

શ્રી વીરજિન સ્તુતિગર્ભિત ચોવીશ દંડક સ્તવન પૂરુ થયું.

# ચોવીશ દંડકનું સ્તવન.
# (ગતિ આગતિનું સ્વરૂપ.)

## ઢાળ - ૧

### આદર જીવ ક્ષમા ગુણ આદર, - એ દેશી..

**પુરે મનોરથ પાસ જિનેશ્વર, એહ કરું અરદાસજી;**
**તારણ તરણ બિરુદ તુજ સાંભળી, આવ્યો તાહરી પાસજી, પુરે...॥૧॥**

પાર્શ્વ જિનેશ્વર મારી વિનંતી છે કે મારા મનના મનોરથો પૂરા કરજો. તરણતારણ એવું તમારુ બિરુદ છે તેવું સાંભળીને હું તમારી પાસે આવ્યો છું. ૧

**એણે સંસાર સમુદ્ર અથાગે, ભમીયો ભવજલ માંહિજી;**
**ગીલગીલોયો[૧] જીમ આયો ગીડતો, સાહેબ હાથે સાહીજી. પુરે....॥૨॥**

આ અસાર સંસાર રૂપી સમુદ્રમાં ભવોભવ અથડાતો કૂટાતો એવો હું ગીલગીલીયો નામનો સર્પ જેવી રીતે ગળતો ગળતો આવે તેમ પ્રભુ તારી પાસે આવ્યો છું. ૨

**તું જ્ઞાની તોપણ તુજ આગળ, વીતક કહીએ બાતજી;**
**ચોવીશે દંડકે હું ફરીઓ, વર્ણવું એહ વિખ્યાતજી. પુરે.... ॥૩॥**

તું જ્ઞાની છે પણ તારી પાસે મારા દુઃખની વાતો હું કરું છુ. ચોવીશે દંડકમાં હું ઘણું ભમ્યો છું તે પ્રસિદ્ધ મારી દુઃખની કહાની હવે હું વર્ણવું છું.

**સાતે નરક તણો એક દંડક, અસુરાદિક દશ જાણજી;**
**પાંચ થાવર ને ત્રણ વિકલેંદ્રિય, ઓગણીશ ગણતાં આણજી. પુરે.... ॥૪॥**

---

૧. ગીલગીલીયો નામે સર્પ જેમ ગળતો ગળતો આવે તેમ.

**પંચેદ્રિય તિર્યંચ ને માનવ, એહ થયા એકવીશજી;**
**વ્યંતર જ્યોતિષી ને વૈમાનિક, એમ દંડક ચોવીશજી. પુરે...॥૫॥**

સાત નરકનો એક દંડક, દસ અસુરાદિક ભવનપતિના દશ દંડક, પાંચ સ્થાવરના પાંચ દંડક, વિકલેન્દ્રિયના ત્રણ, પંચે. તિર્યંચનો એક, માનવનો એક, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક દેવના ત્રણ થઈ કુલ ચોવીશ દંડક થયા. ૪, ૫.

**પંચેંદ્રિય તિર્યંચને માનવ, પર્યાપ્તા જે દોયજી;**
**એ સઘળા દેવ માહેં ઉપજે, એમ દેવ આગતિ દોયજી. પુરે....॥૬॥**

**અસંખ્યાત્ આયુષે નર તિરિ, નિશ્ચે દેવજ થાયજી;**
**નિજ આયુષે સમ કે ઓછે, પણ અધિકે નવ જાયજી. પુરે....॥૭॥**

પર્યાપ્તા પંચે. તિર્યંચ અને ગર્ભજ માનવ જીવો મરીને દેવલોકમાં જાય છે એમ દેવની બે આગતિ થઈ.

(યુગલિક) અસંખ્યાત આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય ચોક્કસ દેવ જ થાય છે. પોતાના આયુષ્ય જેટલા કે ઓછા આયુષ્યવાળા દેવ થાય, પણ વધારે આયુ. વાળા દેવ તેઓ ક્યારેય થતા નથી. ૬, ૭.

**ભુવનપતિને વ્યંતર માંહે, સંમૂર્છિમ તિર્યંચજી;**
**સ્વર્ગ આઠમે તાંઈ પુહચે, ગર્ભજ સુકૃત સંચજી. પુરે...॥૮॥**

ભુવનપતિ અને વ્યંતરમાં સંમૂર્ચ્છિમ તિર્યંચના જીવો મરીને જાય છે. જે ગર્ભજ જીવો સુકૃત કરીને મરે છે તેઓ આઠમા દેવલોક સુધી જાય છે ॥૮॥

**આયુ સંખ્યાતે જે ગર્ભજ, નર તિર્યંચ વિવેકજી;**
**બાદર પૃથ્વી ને વળી પાણી, વનસ્પતિ પ્રત્યેકજી, પુરે....॥૯॥**

**પર્યાપ્તા એણ પાંચે ઠામે, આવી ઉપજે દેવજી;**
**એણે પાંચે માંહી પણ આગે, અધિકાઈ કહું હેવજી. પુરે....॥૧૦॥**

સંખ્યાત આયુ. વાળા વિવેકી ગર્ભજ નર, તિર્યંચ, બાદર પૃથ્વી, પાણી અને પ્રત્યેક વનસ્પતિ. ॥૯॥

આવી રીતે આ પાંચ સ્થાનોમાં દેવના જીવ મરીને ઉત્પન્ન થાય છે. આ પાંચ દંડકની વિશેષતા હવે હું કહું છું ॥૧૦॥

**ત્રીજા સ્વર્ગ થકી માંડીને સુર, એકેંદ્રિય નવી થાયજી;**
**આઠમાંથી ઉપરલા સઘળા, માનવમાંહિ જાયજી. પુરે....॥૧૧॥**

ત્રીજા સ્વર્ગથી માંડીને દેવનો જીવ એકેન્દ્રિયનાં ઉપરોક્ત પાંચ દંડકમાં જતો નથી. આઠમા દેવલોકથી ઉપરના બધા દેવલોકના જીવો માત્ર મનુષ્યમાં જ (માત્ર ૧ દંડકમાં) જાય છે ॥૧૧॥

## ઢાળ - ૨

***આજ નહી જોરે દીસે નાહલો, એ દેશી......***

**નરક તણી ગતિ આગતિ એણી પેરે,**
**જીવ ભમે રે સંસાર;**
**દોય ગતિને દોય આગતિ જાણીએ,**
**વળી વેશેષ વિચાર. નરક....॥૧॥**

આ સંસારમાં જીવ નરકની ગતિ આગતિમાં ભમ્યા કરે છે. નરકની બે ગતિ અને બે આગતિ છે, હવે તેને વિશેષથી વિચારીએ ॥૧॥

**સંખ્યાતે આયુષ્ પર્યાપ્તા, પંચેદ્રિય તિર્યંચ;**
**તિમહીજ મનુષ્ય એહિજ નરકમે, જાએ પાપ પ્રપંચ. નરક....॥૨॥**

સંખ્યાત આયુષ્યવાળા પર્યાપ્ત પંચે. તિર્યંચ તેમજ મનુ. જેઓ ખૂબ પાપ કરે છે તેવા જીવો નરકમાં જ જાય છે ॥૨॥

**પ્રથમ નરક લગે જાએ અસંનીયો[૨], ગોહ નકુળ તીમ બીય;**
**ગ્રધ પ્રમુખ પંખી ત્રીજી લગે, સિંહ પ્રમુખ ચોથી જાય. નરક...॥૩॥**

---
૨. અસંજ્ઞી.

**પાંચમી નરકે સીમા સાપની, છઠી લગે સ્ત્રી જાય;**
**સાતમી નરકે માણસ માછલાં, ઉપજે ગર્ભજ આય. નરક....||૪||**

અસંજ્ઞી પંચેન્દ્રિય કે સંમૂચ્છિંમ પંચેન્દ્રિય જીવો પહેલી નરક સુધી જાય છે. બીજી નરકમાં ગર્ભજ ઘો, નોળીયો વગેરે જેવા ભુજપરિસર્પ જીવો બીજી નરકમાં જાય છે. ગીધ વગેરે પક્ષીઓ ત્રીજી નરકમાં જાય છે. સિંહ જેવા ચતુષ્પદ જીવો ચોથી નરક સુધી જાય છે. પાંચમી નરક સુધીની સાપ જેવા ગર્ભજ ઉરપરિસર્પ જીવોની સીમા હોય છે. છઠ્ઠી નરકમાં મનુષ્ય સ્ત્રી જાય છે, સાતમી નરકમાં ગર્ભજ જલચર અને ગર્ભજ મનુષ્ય જાય છે. આ રીતે નરકની આગતિ દેખાડી હવે ગતિ દેખાડે છે. ||૩||૪||

**નરક થકી આવે બીહુ દંડકે, તિર્યંચ કે નર થાય;**
**તે પણ ગર્ભજને પર્યાપ્તા, સંખ્યાતેજ સુહાય. નરક...||૫||**

નરકમાંથી નીકળેલા જીવો સંખ્યાતા વર્ષના આયુ.વાળા ગર્ભજ પર્યાપ્તા તિર્યંચ કે મનુષ્યના એમ બે દંડકમાં જ ઉત્પન્ન થાય છે ||૫||

**પ્રથમ નરક થકી ચવી ચક્રવર્તી હોય, બીજી હરી બળદેવ;**
**ત્રીજી લગે તીર્થંકર પદ લહે, ચોથી એ કેવલ હેવ. નરક....||૬||**

**પાંચમી નરકનો સર્વ વિરતિ લહે, છઠીએ દેશ વિરત;**
**સાતમી નરક થકી સમકીત લહે, ન હોવે અધીક નિમિત્ત. નરક....||૭||**

પ્રથમ નરકમાંથી ચ્યવેલો જીવ ચક્રવર્તી પદ મેળવી શકે, બીજી નરકમાંથી ચ્યવેલો જીવ વાસુદેવ કે બળદેવ પદવી, ત્રીજી નરકમાંથી નીકળેલો જીવ તીર્થંકર પદ મેળવી શકે છે. ચોથી નરકમાંથી આવેલો જીવ કેવળજ્ઞાન મેળવી શકે છે. પાંચમી નરકમાંથી ચ્યવેલો જીવ સર્વવિરતી અને છઠ્ઠી નરકમાંથી ચ્યવેલો જીવ દેશવિરતિ તેમજ સાતમી નરકમાંથી ચ્યવેલો જીવ સમકિત

મેળવી શકે છે. તેનાથી અધિક નિમિત્ત પ્રાપ્ત થતું નથી. ||૬||૭||

## *ઢાળ - ૩*

***કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યો રે, - એ દેશી...***

**માનવ ગતિ વિણ મુક્તિ હોવે નહિ રે, એહનો એહ અધિકાર;**
**આયુ સંખ્યાતે નર સહુ દંડકે રે, આવી લહે અવતાર. માનવ....||૧||**

માનવગતિ વગર મુક્તિ નથી મળતી એવો માનવગતિનો અહીં અધિકાર આવે છે. સંખ્યાત આયુષ્યવાળા મનુષ્ય મરીને ચોવીશે દંડકોમાં અવતાર પામે છે ||૧||

**તેઉ વાઉ દંડક બે તજી રે, બીજા તે બાવીશ;**
**તિહાંથી આવ્યા થાયે માનવી રે, સુખ દુઃખ પુન્ય ગરિષ્ટ. મા....||૨||**

તેઉકાય અને વાઉકાય સિવાયના બાવીસે દંડકોમાંથી મરીને જીવ સુખ, દુઃખ અને પુન્યથી ઉત્કૃષ્ટ એવો માનવ ભવ પ્રાપ્ત કરે છે. ||૨||

**નર તિર્યંચ અસંખ્યે આયુષે રે,**
**સાતમી નરકના તેમ;**
**તિહાંથી ચવીને મનુજ હોવે નહિ રે,**
**અરિહંતે ભાષ્યો(ભાખ્યો) એમ. મા....||૩||**

અસંખ્યાત વર્ષના આયુ. વાળા મનુષ્ય અને તિર્યંચ તેમજ સાતમી નરકના જીવ ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઈ શકે નહી એવું પરમાત્માએ કહ્યુ છે. ||૩||

**વાસુદેવ બલદેવ તથા વલી રે, ચક્રવર્તિ અરિહંત;**
**સ્વર્ગ નરક આયા તે હોવે રે, નર તિર્યંચ ન હોવંત. મા....||૪||**

સ્વર્ગ અને નરકમાંથી ચ્યવેલા જીવ જ વાસુદેવ, બળદેવ, ચક્રવર્તી અને અરિહંત થઇ શકે છે. મનુષ્ય અને તિર્યંચગતિમાંથી ચ્યવેલા જીવો આ ચાર પદવી પ્રાપ્ત કરતા નથી. ||૪||

**ચૌવિહ દેવ થકી ચવી ઉપજે રે, ચક્રવર્તિને બલદેવ;**
**વાસુદેવ તિર્થંકર તે હોવે રે, વૈમાનિકથી હેવ. માનવ....।।પ।।**

ચાર પ્રકારના દેવ નિકાયમાંથી ચ્યવેલા જીવો ચક્રવર્તી અને બળદેવ થઇ શકે છે. વૈમાનિકમાંથી જ ચ્યવેલા જીવો વાસુદેવ અને તીર્થંકર થાય છે. ।।પ।।

## ઢાળ - ૪

### હેમ ઘડો રત્ને જડ્યો રે, એ દેશી.....

**હવે તિર્યંચ તણી ગતિ, આગતિ કહીએ અશેષ,**
**જીવ ભમે એણી પરે, ભવમાંહિ કર્મ વિશેષ;**
**આયુ સંખ્યાતે જે, નર તિર્યંચ વિચાર,**
**તે સઘલા તિર્યંચ માહેં, લહે અવતાર. ।।૧।।**

હવે તિર્યંચની ગતિ-આગતિ સંપૂર્ણ કહીશુ. અલગ અલગ કર્મોના કારણે જીવ ભવમાં આ પ્રમાણે ભમે છે.

સંખ્યાત આયુ. વાળા જે મનુષ્ય અને તિર્યંચ છે તે બધા મરીને તિર્યંચગતિમાં અવતાર લઇ શકે છે ।।૧।।

**જિણે તિર્યંચ માંહે, આવે નારક દેવ,**
**તિણે કહ્યો પહેલે, તિણ કારણ ન કહું હેવ;**
**પંચેદ્રિય તિર્યંચ સંખ્યાતે, આયુષે જેહ,**
**તે મરી હવે ચઉગતિમાંહે, જાવે ઈહાં ન સંદેહ. ।।૨।।**

**થાવર પંચ ત્રણ વિગલેંદિ, આઠે કહાવે,**
**તિહાંથી આયુ સંખ્યાતે, નર તિર્યંચમાં આવે;**
**વિકલ ચવી લહે સર્વ વિરતિ તે પણ મોક્ષ ન પાવે,**
**તેઉ વાઉથી આયો, તેહને સમકિત નાવે. ।।૩।।**

જે દેવ અને નારક મરીને તિર્યંચગતિમાં આવે છે તેનું કારણ તે પહેલા ગુણસ્થાનકે હોય છે તે કારણ હવે વિશેષથી નહીં કહું.

સંખ્યાત આયુષ્ય વાળા જે પંચેન્દ્રિય તિર્યંચ છે તે મરીને શંકા વિના ચારેગતિમાં જઇ શકે છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય એ આઠ જીવો ચ્યવીને સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચમાં આવી શકે છે. વિકલેન્દ્રિયના જીવો ચ્યવીને સર્વવિરતિ પ્રાપ્ત કરી શકે છે પણ મોક્ષ પ્રાપ્ત કરતા નથી. તેઉ, વાઉમાંથી આવેલા જીવ સમકિત પણ પ્રાપ્ત કરી શકતા નથી. ॥૨॥૩॥

**નારક વર્જીને સઘલા એ, જીવ સંસારે,**
**પૃથ્વી આયુ વનસ્પતિ, માંહે લહે અવતાર;**
**એ ત્રણ ઈહાંથી ચવી, તે આવે દશ ઠામે,**
**થાવર વિગલ તીરિ નરમાંહે, ઉત્પતિ પામે. ॥૪॥**

નરકને છોડીને બધા જીવો પૃથ્વી, અપ, અને વનસ્પતિકાયમાં અવતાર પામે છે. પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાયના જીવો ત્યાંથી ચ્યવીને (પાંચ) સ્થાવર, વિકલેન્દ્રિય (ત્રણ), તિર્યંચ અને મનુષ્ય એ દશ સ્થાનમાં ઉત્પન્ન થાય છે ॥૪॥

**પૃથ્વીકાય આદે લઈ દશ દંડક એહ,**
**તેઉ વાઉ માહે, આવી ઉપજે તેહ;**
**મનુષ્ય વિના નવ માંહે, તેઉ વાઉ બે જાવે,**
**વિગલેંદ્રિય તે દશમાંહી, જાવે પાછા હી આવે. ॥૫॥**

પૃથ્વીકાય વગેરે દશ દંડકના જીવો તેઉ અને વાઉકાયમાં ઉત્પન્ન થઇ શકે છે અને મનુષ્ય વિના બાકીના નવ દંડકમાં તેઉ અને વાઉકાયના જીવો મરીને જઇ શકે છે. વિકલેન્દ્રિયના જીવો મરીને દશે દંડકમાં જઇ શકે છે અને દશે દંડકના જીવો મરીને વિકલેન્દ્રિયમાં પણ આવી શકે છે. ॥૫॥

**એમ અનાદિ તણો એ મિથ્યા જીવ એકંત,**
**વનસ્પતિ માંહે તિંહા, રહિઓ કાલ અનંત;**

**પૃથ્વી પાણી અગ્નિ અને ચોથો વલી વાય,**
**કાલચક્ર અસંખ્યાતા, ત્યાંઈ જીવ રહાય. ॥૬॥**

અનાદિ (જેની કોઇ ઉત્પત્તિ નથી એવા) કાળથી અને અનંતકાળ સુધી મિથ્યાત્વી જીવ વનસ્પતિમાં રહ્યો છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વાઉકાયમાં જીવ અસંખ્યાતા કાળચક્ર સુધી રહે છે ॥૬॥

**બેઈંદ્રિય તેઈંદ્રિયને, વલી ચૌરેંદ્રિય મઝાર,**
**સંખ્યાતા વરસા લગે, ભમીયો કર્મ પ્રકાર;**
**સાતઆઠ ભવ લગે, નર તિર્યંચમેં રહિયો,**
**હવે માનવ ભવ લહિને, સાધુનો વેષ મેં ગ્રહિયો. ॥૭॥**

બેઈ., તેઈ. અને ચઉરિન્દ્રિયમાં જીવ કર્મવશ સંખ્યાતા વર્ષ સુધી ભમી શકે છે. સળંગ સાત-આઠ ભવ સુધી મનુષ્ય અને તિર્યંચમાં હું રહ્યો હવે મનુષ્યભવ પ્રાપ્ત કરીને સાધુનો વેષ મેં ગ્રહણ કર્યો છે. ॥૭॥

**રાગ દ્વેષ છૂટે નહિ, કિમ થાયે છુટકબાર,**
**પિણ છે સાધ્ય મન માહરે, તુંહીજ એક આધાર;**
**તારણ તરણ મેં ત્રિકરણ, શુદ્ધે અરિહંત લાધો,**
**હવે સંસારતણા ભવમેં, ભમવો પુદ્‌ગલ અરધો. ॥૮॥**

રાગ-દ્વેષ જો છૂટશે નહીં તો કેવી રીતે મારો છૂટકારો થશે? પણ આ વખતે તું જ એક મારે માટે આધાર છે. મને ત્રિકરણ શુદ્ધ તારણતરણ એવા અરિહંત પરમાત્મા મળ્યા છે. માટે જ હવે સંસારરૂપી ભવમાં અર્ધપુદ્ગલ (પરાવર્ત) જ ભમવાનો રહ્યો છે તેવું મને લાગે છે. ॥૮॥

**તું મનોવાંછિત પૂરણ, આપદા ચૂરણ સ્વામી,**
**તાહરી સેવ લહિને મેં, હવે નવ નિધિ પામી;**
**અવરને કોઈ ઈચ્છું નહિ, ઈણ ભવ તુંહિજ દેવ,**
**શુદ્ધ મને એક તાહરી, હોજો ભવ ભવ સેવ. ॥૯॥**

તું મનવાંછિત પૂરનારો, મારી મુશ્કેલીઓનો નાશ કરનારો છે. તારી સેવા સ્વીકારીને મેં નવનિધિ મેળવી છે. મારે હવે બીજું કશુ જ નથી જોઈતુ. આ ભવે તું જ એક મારો દેવ છે. માટે હે પ્રભુ ! શુદ્ધ ભાવથી તાહરી સેવાને ભવોભવ કરનારો થાઉ એવા મને આશિષ દેજો. ॥૯॥

***કળશ***

**ઈમ સકલ સુખકર જેસલમેર મહિમા દિને દિને,**
**સંવત સત્તર ઓગણત્રીશે, દિવસ દિવાલી-તણે;**
**ગુરુ વિમલચંદ સમાન વાચક વિજય હર્ષ સુશિષ્ય એ,**
**શ્રી પાર્શ્વના ગુણ ઈમ ગાવે, ધર્મચંદ્ર સુજગીશ એ.**

આવી રીતે સત્તરસોને ઓગણત્રીસની (૧૭૨૯) સંવતમાં જેસલમેરમાં દિવાળીમાં સર્વને સુખ આપતા એવા પાર્શ્વ પ્રભુના ગુણ વિમલચંદ ગુરુની તુલ્ય વાચક (ઉપાધ્યાય) વિજયહર્ષના શિષ્ય ધર્મચંદ્રએ ગાયા.

***ઈતિ ચોવીશ દંડક સ્તવન.***

# જંબુદ્વીપ વર્ણન ગર્ભિત
# શ્રી સીમંધર જિન સ્તવન

**મારી વિનતડી અવધારો સાહિબા, સીમંધર મહારાજ**
**ત્રિભુવન સાહેબ અરજ સુણજ્યો, દરિશન દેજો આજ;**
**દરિશન દેજો મહેર કરી જો, અરજ સુણજો રાજ, મારી.....॥૧॥**

હે ત્રિભુવન સાહેબ ! સીમંધરસ્વામી મહારાજ ! મારી વિનંતી ને ધારી, મારી વાત સાંભળી આજ જ મને દર્શન આપજો. મારા પર કૃપા કરી મારી વિનંતી સાંભળી દર્શન આપજો. ॥૧॥

**આપ વસ્યા મહાવિદેહ ક્ષેત્રમાં, હું ઈણ ભરત મોઝાર;**
**આ મેળો કેમ હોશે સાહિબ, એહી સબળ વિચાર. મારી...॥૨॥**

આપ મહાવિદેહમાં વસો છો અને હું આ ભરતમાં... કેવી રીતે આપનો મેળો થશે એવો સબળ વિચાર આવે છે. ૨

**ભરત વિચાલે પરવત આડો, લાંબો છે વૈતાઢ્ય;**
**પચીશ જોજન તો ઊંચો છે, પચાસ યોજન વિસ્તાર. મારી....॥૩॥**

દક્ષિણ ભરત અને ઉત્તર ભરત ક્ષેત્ર વચ્ચે લાંબો અને પહોળો વૈતાઢ્ય પર્વત આવેલો છે. તે પચ્ચીસ યોજન ઊંચો અને પચાસ યોજન પહોળો પર્વત છે. ૩

**ગંગા સિંધુ દોનું નદિયાં, આડી છે કિરતાર;**
**સહસ અઠાવીશ બીજી નદિયાં, એ બેહુનો પરિવાર. મારી....॥૪॥**

ગંગા સિંધુ બે નદીઓ ભરતક્ષેત્રની (વૈતાઢ્યની) વચ્ચેથી વહી રહી છે. આ બંન્ને નદીઓના પરિવારમાં બીજી અઠ્ઠાવીસ હજાર નદીઓ છે. ૪

**ઈણ આગળ વળી પરવત આડો, ચુલ હેમવંતનામ;**
**એક સહસ વલી બાવન યોજન, બાર કળા અભિરામ. મારી....॥૫॥**

ભરતક્ષેત્ર પછી લઘુહિમવંત નામનો પર્વત આડો આવેલો છે તેનું ક્ષેત્ર (વિસ્તાર) એક હજાર બાવન (૧૦૫૨ યો. ૧૨ ક.) યોજન અને બાર કળા છે. ૫

**ક્ષેત્ર હેમવંત વલી પ્રભુ આડો, જુગલીયાં કેરો વાસ;**
**એકવીસ સહસ વલી પાંચ યોજન, પાંચ કલા સુવીલાસ. મારી....॥૬॥**

લઘુહિમવંત પર્વત પછી હિમવંતક્ષેત્ર છે ત્યાં યુગલિકો વસે છે, તેનું પ્રમાણ બે હજાર એકસો પાંચ યોજન અને પાંચ કળા (૨૧૦૫ યો. ૫ ક.) છે. ૬

**રોહિતા ને વલી રોહિતાંશા, નદીઓ એમાં અસરાલ;**
**છપ્પન સહસ વલી બીજી નદીઓ, આવું કેમ કૃપાલ. મારી....॥૭॥**

હિમવંતક્ષેત્રમાં રોહિતા અને રોહિતાંશા નદીઓ વહી રહી છે. તે બંન્ને નદીઓના પરિવારમાં છપ્પન હજાર બીજી નદીઓનો વિસ્તાર છે. હે કૃપાલુ ! આટલા બધા આડસોની વચ્ચે હું કેવી રીતે આપની પાસે આવું ? ૭

**મહા હેમ વલી પરવત આડો, મોટો અતિ વિસ્તાર;**
**ચાર સહસ દોયસેં, દશ જોજન, દશ કળા વિસ્તાર. મારી....॥૮॥**

મોટા વિસ્તારવાળો મહાહિમવંત પર્વત હિમવંતક્ષેત્ર પછી આવે છે. તેનો વિસ્તાર ચાર હાજર બસો દસ યોજન અને દશ કળાનો (૪૨૧૦ યો. ૧૦ ક.) છે. ૮

**આઠ સહસ શત ચાર અનોપમ, એકવીશ જોજન તામ;**
**એક કલા વલી રૂપ પ્રમાણ, ખેત્ર હરિવર્ષ નામ. મારી...॥૯॥**

ત્યારપછી આઠ હજાર ચારસો એકવીશ યોજન અને એક

કળાના ૮૪૨૧ યો. ૧ક. માપવાળું હરિવર્ષ ક્ષેત્ર છે. ૯

**હરીકાંતા ને હરિસલિલા, નદીયો છે પ્રત્યક્ષ;**
**બીજી નદીયો આડી છે પ્રભુ, સહસ બાર એક લક્ષ. મારી....||૧૦||**

હરિકાંતા અને હરિસલિલા આ (હરિવર્ષ) ક્ષેત્રની મુખ્ય નદીઓ છે, બીજી એક લાખ બાર હજાર નાની નદીઓ તેના પરિવારની છે. ૧૦

**પરવત નિષધ છે વલી આડો, યોજન બહુ વિસ્તાર;**
**સોલસહસ સત આઠ બેંતાલીશ, દોય કલા મનોહાર. મારી....||૧૧||**

ત્યારબાદ આડે નિષધ પર્વત સોળ હજાર આઠસો બેંતાલીશ યોજન અને બે કળાના ૧૬૮૪૨ યો. ૨ ક. વિસ્તારવાળો છે. ૧૧

**ક્ષેત્ર છે વળી યુગલિયાં કેરો,**
**દેવકુરુ ઈણ નામ;**
**અગિયાર સહસ આઠસેં બેંતાલીશ,**
**બે કલા પોણો સુણ સ્વામ(મી). મારી....||૧૨||**

ત્યાર પછીના દેવકુરુ ક્ષેત્રમાં યુગલીકો વસે છે અગીયાર હજાર આઠસો બેંતાલીસ યોજન અને પોણા બે કલા (૧૧૮૪૨ યો. ૨ ક.) તેનું માપ સાંભળો. ૧૨

**સીતા નામે નદી વડેરી, સબ નદીયોમાં સરદાર;**
**પાંચ લાખ વલી બીજી નદીયો, અને બત્રીશ હજાર. મારી....||૧૩||**

બધી નદીઓમાં મુખ્ય સીતા નામની મોટી નદી છે, તેના પરિવારમાં પાંચ લાખ બત્રીસ હજારને આડત્રીસ નદીઓ છે. ૧૩

**લાખ યોજનનો મેરુ પર્વત, નામ સુદર્શન સાર;**
**ગજદંતા વલી મારગ વિચમેં, આવું કેમ મહારાજ. મારી....||૧૪||**

એક લાખ યોજનનો મેરૂપર્વત છે તે સુદર્શન નામે ઓળખાય છે. નિષધ અન નિલવંત પર્વતની વચ્ચેથી મેરુપર્વત તરફ ગજદંત

પર્વત પણ નીકળે છે. આટલા પર્વતો-ક્ષેત્રો-નદીઓ વચ્ચે હોવાથી હે મહારાજ ! હું કેવી રીતે આવું ? ૧૪

**તેત્રીશ સહસ બશેં નવ યોજન, ઉપર છ કલા લાંબી;**
**પાંચશે યોજન પહોળા ગજદંતા, ચારશેં પાંચશેં ઊંચા. મારી....।।૧૫।।**

તેત્રીસ હજાર બસો નવ યોજન ઉપર છ કલા (૩૩૨૦૯ યો. ૬ ક.) લાંબા અને પાંચસો યોજન પહોળા તથા (આદિમાં) ચારસો યોજન (અંતમાં) પાંચસો યોજન ઊંચા તે ગજદંત પર્વતો હોય છે. ૧૫

**વનગિરી ને પરવત બહોળા, નદીયાં ઓઘટ ઘાટ;**
**કિણવિધ આવું સુગુણ સાહીબા, મારગ વિષમો વાટ. મારી....।।૧૬।।**

વળી વચ્ચે અનેક વનગિરિ, વનમાં રહેલા ભૂમિકૂટો અને પર્વતો મોટા છે તથા નદીઓ પણ વિશાળ છે, માટે સાહિબ હું આવા વિષમ માર્ગમાંથી કેવી રીતે તારી પાસે આવુ ? ૧૬

**કંચનગિરિ વખારા પર્વત, શત જોજન ઊંચા કહેવાય;**
**બસેં કંચનગિરિ પંચશત ઊંચા, કેમ ઉલંઘ્યા જાય. મારી....।।૧૭।।**

મહાવિદેહમાં રહેલા ૨૦૦ (બસો) કંચનગિરિ પર્વત છે સો-સો યોજન ઊંચા છે. વક્ષસ્કાર પર્વત પાંચસો યોજન ઊંચા છે. તો આ બધાને હું કેવી રીતે ઓળંગી શકુ ? ૧૭

**ભદ્રશાળ વન પૂરવ પશ્ચિમ, બાવીસ સહસ કહેવાય;**
**બશેં પચાસ દક્ષિણ ઉત્તર, આવુ કેણે ઉપાય. મારી....।।૧૮।।**

હે પ્રભુ ! દેવકુરુમાં વચ્ચે પૂર્વ-પશ્ચિમ ૨૨૦૦૦ યોજન અને ઉત્તર-દક્ષિણ ૨૫૦ યોજન મોટું ભદ્રશાળવન છે, હે પ્રભુ ! હું તેની વચ્ચેથી કેવી રીતે આવું ? ૧૮

**કિહાં મુજ દક્ષિણ ભરતક્ષેત્રને, કીહાં પુષ્કલાવતી જિનરાજ;**
**એ મેલો કેમ હોશે સાહિબ, તારણ તરણ જહાજ મારી....।।૧૯।।**

ક્યા મારું દક્ષિણ ભરતક્ષેત્ર અને ક્યાં પુષ્કલાવતી નગરી... હે તરણ તારણ જહાજ પ્રભુ ! આપનો મેળાપ કેવી રીતે થશે ? ૧૯

**નિશદિન મારે તુંહી આલંબન, વસિયો હૃદય મોજાર;**
**ભવદુઃખભંજન તુંહી નિરંજન, કરુણારસ ભંડાર. મારી....।।૨૦।।**

હે ભવદુઃખભંજન, કરુણારસના ભંડાર, નિરંજન નિરાકાર, પ્રભુ તું મારા હૃદયમાં વસેલો છું. મારે તો રોજ તું જ આલંબનરૂપ છે. ૨૦

**મનવાંછિત સુખ સંપદા પૂરો, પૂરો મનની આશા;**
**ખરતર હર્ષ ગુરુ સુપસાયે, સરુપચંદ ગુણગાયા. મારી....।।૨૧।।**

મનવાંછિત સુખસંપદાને પૂરનારા, મારા મનની આશાને પૂરનારા (પરમાત્માની) ખરતરગચ્છીય ગુરુ હર્ષની પરંપરાના આશીર્વાદથી સ્વરૂપચંદે ગુણ ગાયા... ૨૧

**અગરચંદ કીસરી જિનવરજી, તારો દીનદયાલ;**
**નિત્ય નિત્ય વંદના હોજો મારી, એહી જ છે અરદાસ. મારી...।।૨૨।।**

અગરચંદકીસરીની દિનદયાળ જિનવરજી આપને નિત્ય નિત્ય વંદના હોજો. મારી એક જ અરદાસ છે આપ મને તારો... ૨૨

**સંવત અઢારશેં એકવીશે, પોષ વદી શુભ માસ;**
**બીજ દિન બુધવાર અનોપમ જિનપદ વંદન ભાષ. મારી....।।૨૩।।**

સંવત ૧૮૨૧ના પોષ વદના શુભ માસે બીજના (પો.વ.૨ના) બુધવારે અનુપમ જિનપદની સ્તવના મેં કરી... ૨૩

***ઈતિ શ્રી સીમંધર જિન સ્તવન.***

# અથ સિદ્ધદંડિકા સ્તવન

## દુહા

**શ્રી રિસહેસર પાય નમી, પામી સુગુરુ પસાય;**
**સિદ્ધ તણા ગુણ ગાયવા, મુજ મન હર્ષ ન માય ।।૧।।**

શ્રી ઋષભદેવસ્વામીના પગે નમીને, સુગુરુની કૃપા મેળવીને સિદ્ધ ભગવાનના ગુણોને ગાવા મારા મનમાં હર્ષ સમાતો નથી. ૧

**તીર્થમાંહિ જિમ સિદ્ધગિરિ, દેવમાંહિ અરિહંત;**
**પદમાં શિવપદ મોટકું, ઋષભનો વંશ કહંત ।।૨।।**

**જેહના વંશમાં પાટવી, બહુલા મોક્ષમાં જાય;**
**અથવા અનુત્તર પદ લહે, એકભવી તે કહાય ।।૩।।**

તીર્થમાં જેમ સિદ્ધિગિરિ, દેવમાં જેમ અરિહંત પ્રભુ, પદમાં જેમ શિવપદ મોટુ છે તેમ વંશમાં ઋષભનો વંશ મોટો છે. આવા જેના (ઋષભદેવના) વંશમાં ઘણા રાજાઓ મોક્ષે ગયા છે, અથવા (જે એકભવી કહેવાયા તેવા) અનુત્તરમાં ગયા છે. ૨, ૩.

## ઢાળ - ૧

### ભાઈ હવે માલ પહેરાવો - રાગ...

**શ્રી ઋષભજી કેવલ પામ્યા, સુરનર આવી શિર નામ્યા;**
**ભિન્ન મુહૂર્તે શિવપદ લહીઓ, મુરદેવાએ મારગ વહીઓ ।।૪।।**

શ્રી ઋષભદેવ પરમાત્મા કેવલજ્ઞાન પામ્યા ત્યારે ઈંદ્રો, સુરેન્દ્રો તેમને નમન કરે છે. તેના પછી ભિન્ન મુહૂર્તમાં મરુદેવામાતા મોક્ષે પધારે છે અને મોક્ષમાર્ગનો માર્ગ શરૂ થયો. ૪

**આદિત્યજસા પ્રમુખ જે રાય, તે ઋષભવંશી કહેવાય;**
**ચૌદ લાખ ત્રિખંડના સ્વામી, પામ્યા શિવ તસ નમું શિરનામી ।।૫।।**

ઋષભદેવ પ્રભુના વંશના ત્રણ ખંડના અધિપતિ રાજવી આદિત્યયશા વગેરે ચૌદ લાખ રાજવીઓ નિરંતર મોક્ષમાં ગયા તેમને વંદન મારા. ૫

**પછે પાટ જે એક ઉપન્ન સરવારથ સિદ્ધ નિષ્પન્ન;**
**ચૌદ લાખ પાટ શિવ જાય, પછે સરવારથ સુર થાય ॥૬॥**

પછી પાટે જે થયા તે એક રાજા સર્વાર્થસિદ્ધ (અનુત્તર)માં ગયા. પછી ચૌદ લાખ રાજાઓ નિરંતર મોક્ષમાં ગયા. પછી એક રાજા પાછા અનુત્તરમાં ગયા. ૬

**ચૌદ લખને અંતરે એમ, તિહાં લગે સુર કરજો પ્રેમ;**
**તે એકેકા અસંખ્યાતા થાય, પછે ચૌદ લાખ શિવ જાય. ॥૭॥**

આમ ચૌદ લાખ રાજવીઓ મોક્ષે જાય પછી એક રાજા અનુત્તરમાં જાય. આવું અસંખ્યવાર થાય પછી પાછા ચૌદલાખ રાજા મોક્ષમાં ગયા. ૭

**પછે પાટ બે સરવારથે, પછે ચૌદ લાખ શિવ જ છે;**
**ઈમ તે બે બે અસંખ્યાતા, ઈમ ત્રણ ત્રણ વ્યાખ્યાતા ॥૮॥**

આમ, પછી ફરી જ્યારે ચૌદલાખ રાજવીઓ મોક્ષે ગયા ત્યાર પછી બે રાજવીઓ અનુત્તરમાં ગયા, ત્યારપછી ચૌદ લાખ રાજવીઓ મોક્ષે ગયા પછી પાછા બે રાજાઓ અનુત્તરવાસી દેવ થયા. આમ, અસંખ્યવાર ૧૪ લાખના આંતરે બે-બે રાજાઓ દેવમાં જાય પછી ૩-૩ રાજાઓ અસંખ્યવાર દેવમાં જાય. ૮

**ચ્યાર ચ્યાર અસંખ્યાતા કહીએ, ઈમ જાવ પચાસે લહીએ;**
**નિજ રત્નત્રયીના ભોગી થયા રૂપાતીત અયોગી ॥૯॥**

આવી રીતે ત્રણ ત્રણ રાજાઓ ચૌદ લાખ રાજાઓના મોક્ષગમન પછી અનુત્તરમાં, ગયા. ત્યારપછી અસંખ્યવાર એમ ચાર-ચાર રાજાઓ ચૌદલાખ રાજાઓના મોક્ષગમન પછી

અનુત્તરમાં ગયા. આમ ક્રમશઃ ચૌદ લાખ રાજવીઓ મોક્ષે પધાર્યા પછી ક્રમશઃ પાંચ, છ થી લઇ પચાસ રાજાઓ અસંખ્યવાર ચૌદલાખના મોક્ષગમનના આંતરે અનુત્તરમાં ગયા. આમ તેઓ બધા રત્નત્રયીને ભોગવીને રૂપાતીત અયોગી બની ગયા. **જુઓ પરિશિષ્ટ ૪/૧.** ૯

## *ઢાળ - ૨*

***॥ વિવાહલાની ॥ ઈમ પંચ વિદેહે, એ દેશી...***

**સરવારથ સિદ્ધે, ચૌદ લાખ હવે પાટ;**
**પછે શિવ એક જાય, નહીં ત્રીજી જિહાં વાટ ।।૧૦।।**

ત્યારપછી સર્વાર્થસિદ્ધમાં ચૌદ લાખ રાજાઓ સળંગ ગયા પછી એક રાજા મોક્ષમાં ગયા. આ બે સિવાય ત્રીજો કોઈ માર્ગ પ્રભુ ઋષભની પાટે રહેલા રાજાઓનો થયો નથી. ૧૦

**ઈમ શિવ એકેકા, અસંખ્યાતા થાય;**
**પછે ચૌદ લાખ સુર બે શિવમાંહી જાય ।।૧૧।।**

આવી રીતે ચૌદ લાખ સર્વાર્થસિદ્ધમાં અને એક મોક્ષમાં અસંખ્ય વાર થાય છે. પછી ચૌદ લાખ રાજાઓ અનુત્તરદેવલોકમાં દેવ થાય પછી બે રાજાઓ મોક્ષમાં ગયા. ૧૧

**ઈમ બે બે કરતાં થાય અસંખ્યાતા તેહ;**
**ઈત્યાદિક જાવત, હોય પચાસ શિવ જેહ ।।૧૨।।**

આવી રીતે બે-બે મોક્ષમાં અસંખ્યવાર થયા પછી અનુક્રમે (૩-૪-૫) પચાસ રાજાઓ મોક્ષમાં અનુક્રમે અસંખ્યવાર ગયા. ૧૨

**ઈમ પચાસ પચાસ, થાય અસંખ્યની રાસ;**
**લોકાલોક ભાસકરું, કેવલજ્ઞાન વિલાસ ।।૧૩।।**

લોકાલોકના પ્રકાશને જણાવનારું સુંદર એવું કેવલજ્ઞાન મેળવી આવી રીતે પચાસ-પચાસ રાજાઓ અસંખ્યવાર મોક્ષમાં ગયા.

૧૩ - **જુઓ પરિશિષ્ટ ૪/૨**

**હવે પાટ લાખ હોય, મોક્ષ તથા સુર થાય;**
**ઈમ ત્રિણ ચાર લાખ, ઉભય સરીખા થાય ।।૧૪।।**

હવે બે લાખ રાજાઓ મોક્ષમાં ગયા અને બે લાખ રાજાઓ અનુત્તરવાસી દેવો થયા. આવી રીતે અસંખ્ય વાર થયા પછી ત્રણ લાખ રાજાઓ મોક્ષમાં ગયા ત્યારે ત્રણ લાખ રાજાઓ અનુત્તરમાં ગયા. પછી ચાર રાજાઓ લાખ મોક્ષમાં અને ચાર લાખ રાજાઓ દેવલોકમાં. ૧૪

**ઈમ લાખ અસંખ્યાતા, સુર નિર્વાણે અસંખ્યા;**
**સુર શબ્દે જાણો, અનુત્તર સુરમેં ભાખ્યા ।।૧૫।।**

આવી રીતે અનુક્રમે એક-એક લાખ વધતા વધતા અસંખ્યવાર અસંખ્ય લાખ રાજાઓ મોક્ષમાં અને અનુત્તરમાં ગયા. દેવલોક એટલે અનુત્તરવાસી એકાવતાર જ ગણવાનો. ૧૫ **જુઓ પરિશિષ્ટ ૪/3**

## *ઢાલ - ૩*

***ભરતનૃપ ભાવશું એ - એ દેશી.....***

**એક શિવે દોય દેવતાએ, ત્રણ શિવ ચાર સુર થાય;**
**ઉત્તમ વંશ એહનો, પણ શિવ ષટ્ સુર જાય ।।**
**નમો સિદ્ધ ભાવશું એ....।।૧૬।।**

એક રાજા મોક્ષમાં ગયા ત્યારબાદ બે રાજાઓ અનુત્તર દેવલોકમાં દેવ થયા. પછી ત્રણ મોક્ષે ગયા પછી ચાર દેવલોકમાં ગયા. ત્યાર પછી પાંચ મોક્ષમાં અને છ રાજાઓ અસંખ્યવાર દેવલોકમાં ગયા.

આમ આ ઋષભનો વંશ એ ઉત્તમ વંશ છે. સિદ્ધ થયેલા તે બધાને મારા ભાવથી નમન. ૧૬

**એક વધતે ઈમ કીજીઈ એ, મોક્ષ સર્વારથ દેવ;**
**થાયે બે અસંખ્યાતા એ, તિહાં લગે કરો નિતમેવ. નમો..॥૧૭॥**

આવી રીતે મોક્ષમાં અને દેવલોકમાં પધારનારા પૂજ્યોની સંખ્યા વધતી જાય છે. અસંખ્યવાર અસંખ્યાતા રાજવીઓ મોક્ષમાં અને અસંખ્યાતા રાજવીઓ દેવલોકમાં ગયા ત્યાં સુધી આ પરંપરા સમજવી. **જુઓ પરિશિષ્ટ ૪/૪. ૧૭**

**હવે એક શિવ ત્રણ દેવતાએ, પણ શિવ સગ સુર તામ;**
**કરો બે બે વાધતા એ જાવ અસંખ્ય દોય ઠામ. નમો...॥૧૮॥**

હવે પછી એક રાજા મોક્ષમાં ગયા પછી ત્રણ રાજા દેવતા થયા. આવું અસંખ્યવાર સમજવું.

ત્યાર પછી બે-બે સંખ્યા વધતા પાંચ રાજા મોક્ષમાં ગયા. અને સાત રાજા દેવલોકમાં અસંખ્યવાર પધાર્યા. આવી રીતે બે-બેની વૃધ્ધિથી અસંખ્ય રાજાઓ અસંખ્યવાર બંન્ને ઠેકાણે જાય તેમ જાણવુ. **જુઓ પરિશિષ્ટ ૪/૫. ૧૮**

**પછે એક સુર ચાર દેવતા, એ સાત શિવે દશ દેવ;**
**કરો ત્રણ વાધતા એ, અસંખ્ય હોય દોય હેવ, નમો....॥૧૯॥**

પછી એક-રાજા મોક્ષે ગયા. પછી ચાર રાજાઓ અનુત્તરમાં ગયા. આવું અસંખ્યવાર થાય પછી સાત રાજાઓ મોક્ષમાં ગયા. ત્યાર બાદ દશ રાજાઓ અનુત્તરમાં સુર થયા. આવું પણ અસંખ્યવાર થાય... આવી રીતે ત્રણ-ત્રણની સંખ્યામાં વધતા રાજાઓ શિવપદ-અનુત્તર સુરમાં અસંખ્યવાર પધારે. આવી રીતે જ્યારે અસંખ્ય રાજાઓ મોક્ષમાં ગયા અને અસંખ્ય રાજાઓ અનુત્તરમાં જાય ત્યાં સુધી ૩-૩ની વૃદ્ધિ સમજવી. ૧૯ **જુઓ પરિશિષ્ટ ૪/૬**

**હવે વિષમોત્તર શ્રેણિ છે એ, સુણો સરુપ તુમે તાસ;**
**માંડી એક પાટલો એ, થાપના કરીએ ખાસ. નમો....॥૨૦॥**

**હેઠલ ઉપર જાણીએ એ ત્રગડા ઓગણત્રીસ સાર;**
**અનુક્રમે માંડીએ, એ નથી ખેપ આદી ઠામ.[૧] નમો....॥૨૧॥**

**દુગ[૨] પણ[૫] નવ[૯] તેર[૧૩] સત્તર[૧૭] સાંએ,**
**બાવીશ[૨૨] ષટ્[૬] અડ[૮] બાર;[૧૨]**
**ચઉદ[૧૪] અટ્ઠાવીશ[૨૮] વલીએ,**
**છવીશ[૨૬] પચવીસ[૨૫] સાર. નમો....॥૨૨॥**

**એકાદશ[૧૧] ત્રેવીશ[૨૩] વલીએ, સડતાલીશ[૪૭] સીત્તેર;[૭૦]**
**સીત્તોતેર[૭૭] ઈગ[૧] દુગ[૨] એ, સત્યાશી[૮૭] ઈકોતેર.[૭૧] નમો....॥૨૩॥**

**છાસઠ[૬૬] ઓગણોતેર[૬૯] ભલાએ,**
**ચોવીશ[૨૪] છેતાલીશ;[૪૬]**
**વળી શત[૧૦૦] મૂકોએ એ**
**તિમ વળી ભેલો છવીશ.[૨૬] નમો....॥૨૪॥**

**ઈમ ભેલ્યાથી એકાંતરે એ, મોક્ષ સર્વારથ જાય;**
**અનુક્રમે લીજીએ એ, નિજ ગુણ ભોક્તા થાય. નમો....॥૨૫॥**

હવે વિષમોત્તર શ્રેણિનું સ્વરૂપ તમે સાંભળો. વિષમોત્તરદંડિકાને જાણવા માટે એક વસ્તુ પર તેની નોંધ કરીએ તો ખ્યાલ આવશે.

ઊભી બે લાઈનમાં થઈને ત્રણ નો આંકડો ઓગણત્રીસ વખત લખો. પહેલા ૩ છોડીને દરેકમાં ઓગણત્રીસ ત્રણની બાજુમાં અનુક્રમે જણાવેલ અટ્ઠાવીસ આંક મેળવવા તે આ મુજબ છે :- બે, પાંચ, નવ, તેર, સત્તર, બાવીસ, છ, આઠ, બાર, ચૌદ, અટ્ઠાવીસ, છવ્વીસ, પચ્ચીસ, એકાદશ(૧૧), ત્રેવીસ, સુડતાલીસ,

૧. ઠામ- ઓગણત્રીસ ત્રગડામાં પહેલા ત્રગડા નીચે કાંઈ ભેળવવું નહીં, બાકીના અટ્ઠાવીસ ત્રગડામાં નીચે બતાવેલા ૨૮ આંક ભેળવવા.

સીત્તેર, સીત્યોતેર, એક બે, સત્યાશી, ઈકોતરે, છાસઠ, (બાસઠ) અગણ્યોસીત્તેર, ચોવીસ, છેંતાલીસ, સો, અને છવ્વીસ રકમ ઉમેરવાથી જે જવાબ મળે તેટલા રાજાઓ આંતરે આંતરે મોક્ષમાં અને અનુત્તરમાં ગયા. આમ અનુક્રમે આત્માના પોતાના ગુણને ભોગવનારા થયા. ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫.

## ઢાળ - ૪

### રાગ - ઈગતીશાનો.....

**ઈમ કરતાં રે, [2]ત્રણ શિવેં પાંચ દેવતા,**
**અડ સિદ્ધેરે, બાર વિમાનને સેવતા;**
**ઈમ યાવતરે, શત ઉત્તર ત્રણ સુર થયા,**
**ઓગણત્રીસ રે, પાટ ઉત્તમ શિવમાં ગયા ॥૨૬॥**

આવી રીતે ત્રણ રાજા મોક્ષમાં અને પાંચ રાજાઓ દેવતા, આઠ સિદ્ધમાં, બાર વિમાનમાં (દેવતામાં), એમ અનુક્રમે સો ઉપર ત્રણ (૧૦૩) દેવતા થયા. ઓગણત્રીસ પાટના રાજાઓ શિવપદને પામ્યા. **જુઓ પરિશિષ્ટ - ૪/૭** ૨૬

### ત્રુટક

**ગયા શિવમાં એમ માંડો, ઓગણત્રીશ ઉરધ અધે;**
**અંક ભેળો પૂર્વની પરે, દેવ શિવ મારગ સધે. ॥૨૭॥**

**ઈમ જાણો રે, અંક અંત આવે હવે,**
**તેહ દંડિકારે, આગળમાં આદિ ઠવે;**
**પહેલે અંકે રે, પહેલી દંડિકાએ સિદ્ધ કરો,**
**બીજી દંડિકારે, પ્રથમ અંક સુરમાં ધરો ॥૨૮॥**

જે શિવમાં ગયા છે તેમાં એગણત્રીસ વખતની સંખ્યામાં તેની

---

૨. ત્રણ - ઉપર પ્રમાણે ત્રગડા નીચે આંક મેલવવાથી જે આંક આવે તેમાં એક આંક શિવ ગયાનો ને બીજો આંક દેવ થયાનો સમજવો. અનુક્રમે તે પ્રમાણે ગણવું.

નીચેની દરેક સંખ્યામાં અનુક્રમે આગળની સંખ્યા ઉમેરતા દેવતા અને શિવ માર્ગની સંખ્યા મળે. આમ કરતા જ્યારે તે દંડિકામાં આગળની સંખ્યા ઉમેરતા અંત આવે ત્યારે પહેલો અંક (આંકડો) પહેલી દંડિકાના જીવો સિદ્ધ પદને અને બીજી દંડિકાના પહેલો અંક સુરલોકને પામ્યા. ત્રીજી દંડિકાની પહેલી સંખ્યા મોક્ષમાં ગયેલા અને ચોથી દંડિકાની પહેલી સંખ્યા ૨૭, ૨૮.

**ત્રુટક**

**ધરો સુરમાં એહ અનુક્રમ, ધારો ગુરુ પાસે સહી;**
**અજીતસ્વામી તાત જાવત, ઉપજે તિહાં લગે કહી ॥૨૯॥**

**અસંખ્યાતિ રે, કોડિ લાખ ઈમ દંડિકા,**
**સિદ્ધને વલીરે, સર્વારથ અખંડિકા;**
**ઈમ પ્રકરણ રે, સિદ્ધદંડિકામાં કહ્યું,**
**નંદિસૂત્રની રે, વૃત્તિમાંહિ પણ ઈમ લહ્યું. ॥૩૦॥**

અનુત્તરમાં ગયેલાની છે આમ ઓગણત્રીસ દંડિકા સુધી જાણવુ. પૂર્વેની સિદ્ધદંડિકાની અંતિમ સંખ્યા એ પછીની સિદ્ધદંડિકાની પ્રથમ સંખ્યા છે. ઊભી બે લાઈનમાં મળી ૨૯ વાર બનાવેલ ૦, ૨ વગેરે સંખ્યા ઉમેરવી.

સુર અને શિવની સંખ્યાને અનુક્રમે ગુરુ પાસે ધારવી, અજિતનાથસ્વામી ભગવાનના પિતા જિતશત્રુ રાજા ઉત્પન્ન થયા ત્યાં સુધી ઉત્તરોત્તર બે વગેરે વિષમ સંખ્યાની વૃદ્ધિવાળા આવા અસંખ્યાત ક્રોડ લાખ રાજાઓ સર્વાર્થસિદ્ધમાં, અસંખ્ય ક્રોડલાખ રાજાઓ સિદ્ધમાં ગયા છે.

આ વાત સિદ્ધદંડિકામાં કહી છે. નંદિસૂત્રની વૃત્તિમાં પણ આવું જણાવ્યુ છે. ૨૯,૩૦

### ત્રુટક

**ઈમ લહ્યું વૃત્તિમાં ગુરુ પાસે, પામી અર્થ ને ભાખીયો;**
**સ્વપરને પરકાશ હેતે, સ્તવન કરી ચિત્ત રાખીયો ॥૩૧॥**

ગુરુ પાસેથી વૃત્તિમાંથી આ મેળવીને તેના અર્થને જાણ્યો. અને અહીં ભાખ્યો. પોતાના અને બીજાને જ્ઞાનનો પ્રકાશ મળે તે માટે તેની સ્તવનમાં રચના કરી ચિત્તમાં મેં ધાર્યુ છે. ૩૧

**શાશ્વત સુખ રે, જ્ઞાન દર્શનમાંહિ રમે,**
**ફરી ભવમાં રે, સિદ્ધ થયા તે નવિ ભમે;**
**જેહનું સુખરે, મુખથી કહીયે કેટલું,**
**ઉપમા વિણરે, શું કહીએ દાખ્યું એટલું ॥૩૨॥**

જ્ઞાન દર્શનમાં રમતા શાશ્વત સુખ મેળવે છે, સિદ્ધ થાય તે જીવો ક્યારે ભવમાં ભમતા નથી. આવા સિદ્ધનું સુખ મુખથી કેટલુ કહેવાય? મુક્તિનું સુખ એટલુ છે કે જેની ઉપમા કરી શકાય એવી નથી. માટે સતત તે મેળવવા પ્રયત્ન કરો. ૩૨

### ત્રુટક

**એટલું અજર અમર નિરમમ, જાસ જ્યોતિ પરગટ થઈ;**
**સિદ્ધ પરમ સમૃધ્ધિ પામ્યા, ભવ ઉપાધિ દૂરે ગઈ ॥૩૩॥**

અજર, અમર, નિર્મમ (નિર્મળ) એવી જેની જ્યોતિ પ્રગટ થઇ છે એવા સિદ્ધના જીવો પરમ સમૃદ્ધિ પામ્યા અને ફરી જન્મ મરણ સ્વરૂપી ભવોની ઉપાધિ દૂર થઈ ગઈ. ૩૩

### ઢાલ - ૫

### રાગ - ધન્યાશ્રી, ચુણીઓ રે એ દેશી...

**ગાયા ગાયા રે, મેં સિદ્ધ સ્વરૂપી ગાયા**
**સિદ્ધ તણાં ગુણ સ્તવના કરતાં, આણંદ અંગ ન માયો;**
**નવિ દેહે નવિ ગેહે જેહે, ત્રણ ભુવન પથરાયા રે મેં....॥૩૪॥**

**સિદ્ધતણી સ્તવના કરતાં માનું, આપ હી સિદ્ધ સુખ પાયા;**
**સમકિતવંતની સરધામાં એ, મુનિવર પણ જસધ્યાયા રે મેં....॥૩૫॥**

**કેવલજ્ઞાની ક્ષણ ક્ષણ નિરખે, તે સુખ મુજ મન ભાયા;**
**દ્યો સુખ મુજને તે પરમાતમ, પુદ્ગલાતીત ઠરાયા રે. મેં....॥૩૬॥**

**ક્ષમાવિજય જિનરાજ પસાયે, ગુરુ ઉત્તમ સુખદાયા;**
**સંવત સત અષ્ટાદશ ચૌદે, હર્ષ કલ્લોલ ભરાયા રે મેં....॥૩૭॥**

**વિજયધર્મસૂરીશ્વર રાજ્યે, સુરત ચોમાસુ ઠાયા;**
**શિષ્ય ઉત્તમ ગુરુ કેરો ગાવે, પદ્મવિજય જિનરાયા રે મેં....॥૩૮॥**

સિદ્ધના ગુણની સ્તવના કરતા મારો આનંદ મારા અંગમાં સમાતો નથી. દેહમાં કે ઘરમાં તે મારો આનંદ સમાતો નથી. અને તે ત્રણ ભવનમાં પથરાયો છે. સિદ્ધની સ્તવના કરતા જાણે મે સિદ્ધનું સુખ મેળવ્યુ છે તેવું લાગે છે. સમકિતવંતની શ્રદ્ધામાં સિદ્ધ ભગવંતો છે અને મુનિ ભગવંતો પણ સિદ્ધ ભગવંતોનું ધ્યાન કરે છે. કેવળજ્ઞાની ક્ષણે ક્ષણે જે સુખને જુએ છે તે સિદ્ધનું સુખ મને ગમી ગયુ છે. હે પરમાત્મા પુદ્ગલના સુખથી રહિત એવુ આ સિદ્ધનું સુખ મને આપો.

ક્ષમાવિજયજી એ પાર્શ્વજિનના પ્રભાવે અને વિજય ધર્મસૂરિશ્વરજીના સુખદાયી ઉત્તમવિજયજીના શિષ્ય પદ્મવિજયજીએ સંવત અઢારસો ચૌદ (૧૮૧૪)માં સુરત ચોમાસુ હતા ત્યારે હર્ષપૂર્વક આ સ્તવન ગાયુ. ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮.

***ઈતિ શ્રી સિદ્ધદંડિકા સ્તવન સંપૂર્ણ.***

# શ્રી ચાર ધ્યાનના સ્વરૂપની સજ્ઝાય

## ચોપાઈ

**સકલ જિનેશ્વર પાય પ્રણમેવી, સમરી માતા શારદદેવી;**
**ધ્યાન તણો હું કહું વિચાર, શ્રી જિનવચન તણે અનુસાર. ।।૧।।**

બધા જિનેશ્વર પરમાત્માને પ્રણામ કરીને, માતા શારદાને યાદ કરીને પરમાત્માના કહ્યા પ્રમાણે ધ્યાન વિષે હું કહુ છું. ।।૧।।

**જીવ તણો જે થીર પરિણામ, કહીએ ધ્યાનજ તેહનુ નામ;**
**તેહ તણાં છે ચાર પ્રકાર, દોય અશુભ દોય શુભ મન ધાર ।।૨।।**

જીવની સ્થિરતાનો જે પરિણામ છે તેનુ નામ જ ધ્યાન છે. ધ્યાનના ચાર પ્રકાર છે. બે અશુભ અને બે શુભ. ।।૨।।

**આર્તધ્યાન ને રૌદ્રધ્યાન, ધર્મધ્યાન વલી શુક્લધ્યાન;**
**દુર્ગતિ દાયક પહેલાં દોય, સદ્ગતિ હેતુ અવર દો હોય. ।।૩।।**

આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન... આમાં પહેલા બે ધ્યાન દુર્ગતિ લાવનાર અને બીજા બે સદ્ગતિ આપનાર છે. ।।૩।।

## આર્તધ્યાન

**આર્તધ્યાનના ચાર પ્રકાર, તેહમાં પેલો(પહેલો) એહ વિચાર;**
**અપ્રિય વિષયતણો સંયોગ, મનચિંતે ઈમ તાસ વિયોગ. ।।૪।।**

**એહ કુરુપ કાં દિસે દૈવ, વિરસ ભખે એ કોણ સદૈવ;**
**[1]ફાસ કઠોર કવણ એ ખમે, અશુભ નાદ એ કોને ગમે. ।।૫।।**

**દુઃખ દુર્ગંધ કરે બહુ એહ, કદા એહનો હોશે છેહ;**
**એમ અપ્રિય જોગે ચિંતવે, એહનો યોગ મ હોજો હવે. ।।૬।।**

---

૧. ફાસ - સ્પર્શ.

આર્તધ્યાનના ચાર પ્રકાર છે. તેમાં પ્રથમ છે :- અપ્રિય, અનિષ્ટ વિષયના સંયોગોમાં મનમાં તેના વિયોગના નીચે મુજબ વિચાર કરવા તે...

આ કુરૂપ કેવું દેખાય છે ? રસ વગરનું કાયમ કેવી રીતે ખાવું ? ખરાબ કઠોર સ્પર્શ કોણ સહન કરે ? આ અશુભ અવાજ કેવી રીતે સહન થાય ? દુર્ગંધ સહન થાય એવી નથી એનાથી બહુ દુઃખ થાય છે. ક્યારે આ બધુ દૂર થશે ? આમ અપ્રિય વિષય, સંયોગો વિષે વિચારે છે કે ક્યારેય આવા દુઃખો ફરી આવે નહી. ।।૪, ૫, ૬।।

**એ પહેલો આરતિનો ભંગ[૨], બીજે વંછે વિષય પ્રસંગ;**
**સુખકારી રુપાદિક જેહ, તેહ ઉપર બહુ ધરે સનેહ. ।।૭।।**

**ધન પરિજન ભોજન વર નાર, પ્રમુખસાર ધ્યાએ સંસાર;**
**જે દેખે રુપાદિકવંત, તેહની લાલચ કરે અનંત. ।।૮।।**

**તેહનું ધ્યાન ધરે તે નિસદિસ, તે મુજ કાં ન દીયે જગદીશ;**
**તે ન મીલે તો પામે ચીસ, ઘણું નિસંશે[૩] ધુણે શીશ. ।।૯।।**

ઉપરોક્ત કહ્યો તે આર્તધ્યાનનો પહેલો ભેદ-પ્રકાર હતો. હવે બીજો ભેદ :- વિષય વાસનાનો, રૂપ આદિ સુખ આપે છે તેમ માની તેના પર બહુ પ્રેમ સ્નેહ રાખે. ધન, પરિવાર, ભોજન, શ્રેષ્ઠ પત્ની એ બધાથી સંસારને સારભૂત માને છે. જે સારી રૂપાળી વસ્તુ દેખે તેના પ્રત્યે લાલચ પ્રબળ બને છે. મનમાં સતત તેનું જ ધ્યાન ધરે છે. વિચારે છે કે ભગવાને મને કેમ ન આપ્યુ ? તે ન મળે ત્યાં સુધી બહુ દુઃખી થાય છે. નિઃસાસા નાંખે છે. માથુ ધૂણાવે છે. ।।૭, ૮, ૯।।

**જે જે પામે મનોહર ભોગ, નિત્ય ધ્યાય તેહનો અવિયોગ;**
**અણ પામ્યાનો આણે ખેદ, એહ બીજો આરતિનો ભદે. ।।૧૦।।**

૨. ભંગ - ભેદ. ૩. નિસંશે - નિસાસા મૂકે.

આમ, જે જે સારી વસ્તુઓનો ભોગ મેળવે છે તે-તે ભોગ સામગ્રીનો ક્યારેય વિયોગ ન થાય એવું વિચારે છે. ન મળે તો તેનો ખેદ ધારણ કરીને દુઃખી થાય છે. આ આર્તધ્યાનનો બીજો ભેદ છે. ॥૧૦॥

**ત્રીજે રોગાદિક આપદા, આવે તવ ઈમ ચિંતે સદા;**
**એ દુઃખદાઈ જે માહરું, કવણ ઉપાય કરી સંહરું. ॥૧૧॥**

ત્રીજો આર્તધ્યાનનો પ્રકાર, રોગ વગેરે મુશ્કેલીઓ આવે ત્યારે કાયમ એમ જ વિચારે છે કે આ મારુ દુઃખ કેવા ઉપાયો કરી દૂર કરું. ॥૧૧॥

**કાસ શ્વાસ જ્વર શીશ કફ શૂલ, ખયન નયન પીડા પ્રતિકૂલ;**
**વાય પ્રમુખ સવી રોગ સમૂલ, જાઓ વાઉલથી જેમ તુલ[૪]. ॥૧૨॥**

**ઔષધ વૈદ્ય અને સ્વર સુરી, મંત્ર જંત્રની સેવા કરી;**
**જોગી જંગમ સેવું સંત, રોગાદિકનો આણું અંત. ॥૧૩॥**

જેવી રીતે પવનથી તણખલુ ઊડી જાય તેવી રીતે ઉધરસ, શ્વાસ, તાવ, કફ, માથામાં પીડા, ખણજ, આંખમાં પીડા, વાયુ વગેરેના બધા રોગો જતા રહો.

ઔષધ, વૈદ્ય, સ્વર વિજ્ઞાન, દેવી, જોગી, સંત બધાની સેવા કરી, મંત્ર જંત્ર (જાપ-તંત્ર)નો આરાધી મારા રોગો-દુઃખો મુશ્કેલીઓનો અંત લાવું આ બધું વિચારવું તે આર્તધ્યાનનો ત્રીજો ભેદ છે. ॥૧૨, ૧૩॥

**એણી પરે ત્રીજુ આરત ધ્યાન, ચોથુ ધ્યાએ પાપ નિદાન;**
**ધર્મ તણો જો હોય પ્રભાવ, તો મુજ હોજો એહવા ભાવ. ॥૧૪॥**

**રાજ ઋદ્ધિ રમણી સંયોગ, વાંછે સુરનર ખેચર ભોગ;**
**વાસુદેવ નરવઈ ચક્રવઈ, પદવી પામું ઈમ ચિંતવઈ. ॥૧૫॥**

---

૪. તુલ - પવનથી આકડાનું તુલ ઉડી જાય તેમ.

**એહવા બહુ પરે કરે નિયાણ, રયણ તજી લહે કાચ અજાણ;**
**ભોગાદિક હેતે શ્રી ધર્મ, છંડે મંડે ઘણાં કુકર્મ. ।।૧૬।।**

આવી રીતે ત્રીજુ આર્તધ્યાન જાણ્યુ. આર્તધ્યાનનો ચોથો ભેદ :- પાપનું નિયાણુ કરવુ તે. ધર્મના પ્રભાવથી મને રાજ, ઋદ્ધિ, રમણીનો સંયોગ થાય, દેવ, વિદ્યાધર મનુષ્યના ભોગો મળે. ધર્મના પ્રભાવથી વાસુદેવ, રાજા, ચક્રીની પદવી મળે એવું વિચારવું તે ચોથો ભેદ છે.

આવી રીતે બહુ નિયાણા કરીને રત્નોને ત્યજી અજાણતાથી કાચના ટુકડા ભેગા કરે છે. ભોગો ભોગવવાના હેતુથી ધર્મ કરવાથી ઠંડા કલેજે ઘણા કુકર્મો બાંધી બેસે છે. ।।૧૪, ૧૫, ૧૬।।

**એ ચારે આરતિના ભેદ, એહના લક્ષણ પણ છે વેદ;**
**આણે શોક કરે આક્રંદ, રુદન કરે વલી વલિવે ભેદ. ।।૧૭।।**

**એહ દુર્ધ્યાન, કરંતા દેહ, દુર્બલ હોય નહિ સંદેહ;**
**ઈણ ધ્યાને નાસે સંવેગ, મનમાં થાએ અતિ ઉદ્વેગ. ।।૧૮।।**

આ ચારે આર્તધ્યાનના ભેદ છે. હવે તેના લક્ષણ શોક, આક્રંદ, રુદન અને વલોપાત. આ પ્રમાણે છે. દુર્ધ્યાનથી શરીર દુર્બળ થયા વગર રહેતુ નથી. વળી તેનાથી સંવેગ (સમકીત) દૂર થાય છે અને મનમાં અતિ ઉદ્વેગ રહે છે. ।।૧૭, ૧૮।।

**ઈણ ધ્યાને વાધે આરતિ, જીવન પામે સુખ અધરતી[૫];**
**નાસે બુદ્ધિવંતની બુદ્ધિ, ઈણે દુર્ધ્યાને ન હોયેં શુદ્ધિ. ।।૧૯।।**

આવા દુર્ધ્યાનથી આર્તધ્યાન વધે છે. અડધા રતિભાર પણ સુખ જીવનમાં પામતા નથી. વળી આવા દુર્ધ્યાનથી બુદ્ધિશાળીઓની બુદ્ધિ નાશ પામે છે અને મનની નિર્મળતા પણ ટકતી નથી. ।।૧૯।।

---

૫. અધરતી - અડધી રતી ભાર.

**ઈણ દુર્ધ્યાને ઢલકેં કુંભ, વિવિધ રોગની હોય આરંભ;**
**ઈમ ઈહલોક દોષ અનેક, એહથી થાયે સુણ સુવિવેક. ॥૨૦॥**

આ દુર્ધ્યાનથી જીવની ઉર્જાનો કુંભ ઢોળાય છે ત્યારે વિવિધ રોગોની હારમાળાની શરૂઆત થાય છે. આમ, હે સુવિવેકી જીવ ! તું સાંભળ કે, દુર્ધ્યાનથી આ લોકમાં ઘણા દોષો ઉદ્ભવે છે. ॥૨૦॥

**પરભવ એહથી તિરિયા[૬], ગતિ થઈ ગીરોલી જેમ સંયતિ;**
**સુંદર શેઠ અને મણીઆર, લહ્યા ગોહ દેડક અવતાર. ॥૨૧॥**

આર્તધ્યાનથી પરભવમાં શ્રમણી ભગવંત તિર્યંચગતિમાં ગરોળી બન્યા. સુંદર શેઠ ગોહ(ઘો) અને નંદ મણિયાર દેડકાનો અવતાર પામ્યા. ॥૨૧॥

**ઈહ પરભવ એહથી બહુ દોષ, જાણી આણી મન સંતોષ;**
**સંપદ આપદ ઉપર ગુણી, રાગ રોષ મન નાણે મુણી. ॥૨૨॥**

આર્તધ્યાનને લીધે આભવ અને પરભવના દોષો જાણી મનમાં સંતોષ રાખી ગુણી એવો સાધુ સુખ-દુઃખ ઉપર (સંપત્તિ કે આપત્તિમાં) મનમાં રાગ દ્વેષને રાખતો નથી. ॥૨૨॥

**જેહ પૂરવ પુન્ય વિછોહ,તે સંપદ ઉપર શો મોહ;**
**જેથી પૂરવ પાપ વિછેદ, તે આપદ આવ્યે શો ખેદ. ॥૨૩॥**

હે જીવ ! પૂર્વના પુન્યનો નાશ કરનારી સંપત્તિ (અનુકૂળતા) જતી રહે ત્યારે તેના પર મોહ કેમ કરવો ? વળી પૂર્વના પાપનો નાશ કરનારી મુશ્કેલીઓ ઉદયમાં આવે ત્યારે ખેદ કેમ પામવો ? ॥૨૩॥

**દેખી જગ બહુ વસ્તુ ઉદાર, કાં તુ ચિંતા કરે અપાર;**
**ચિન્તાએ વ્યાપે સંતાપ, ન હોય ચિંતિત હોયે પાપ. ॥૨૪॥**

---

૬. તિરિયા - તિર્યંચ.

સંસારની આ બધી આકર્ષક વસ્તુઓ જોઈ તું શા માટે વધારે પડતી ચિંતા કરે છે ? ચિંતાથી સંતાપ (દુઃખ) વધે છે. જો વધુ ચિંતા કરીશ તો પાપ જ વધે છે પણ ચિંતિત (વીચારેલું) કંઇ બનતું નથી. ॥૨૪॥

**તે માટે મન સત્ય પ્રધાન, ધારે વારી આરત ધ્યાન;**
**ભાવ કહે જિનવાણી મુદા, સેવો જીમ પામો સંપદા. ॥૨૫॥**

તે માટે આર્તધ્યાનને છોડી મનને સચ્ચાઈ તરફ વાળ. ભગવાનની વાણીને આનંદથી સેવો જેથી સંપત્તિ પામો તેવું ભાવવિજયજી કહે છે. ॥૨૫॥

## રૌદ્ર ધ્યાન

### ઢાળ. એકવીસાની દેશી....

**બીજાનારે, ચાર પ્રકાર કહું હવે,**
**તિહાં પહેલોરે, જીવતણો વધ ચિંતવે;**
**અપરાધીરે, નીર અપરાધી જે જીવડા,**
**તસ હણવારે, કરે મનોરથ એવડા. ॥૧॥**

હવે બીજા રૌદ્ર ધ્યાનના ચાર પ્રકાર કહુ છુ. તેમાં પહેલો ભેદ :- જીવનો વધ કરવાનું વિચારે તે. અપરાધી કે અપરાધી ન હોય તેવા જીવોને મારવાની ઈચ્છા કરવી તે પ્રથમ ભેદ છે. ॥૧॥

### ત્રુટક

**એવડા વીર પિશાચ સાધી, મંત્ર જંત્રાદિક કરી,**
**વિષ શસ્ત્ર ઝાલે પ્રજાલે, પાસ જે જાલે ધરી;**
**સાંઢ શિઆલ, કૂતરાદિક, જીવ જોડી દેહને,**
**હું હણું છેદન ભેદનાદિક, કરી વેદના તેહને. ॥૨॥**

બાવન વીર અને પિશાચને મંત્ર જંત્ર વગેરે કરી સાધી હું જીવોને વેદના આપું. શસ્ત્રો વિષથી ભરું તેથી જેને વાગે તે મરી

જાય પાશ વગેરેમાં ધારણ કરી હું જીવોને વેદના આપું... સાંઢ, કૂતરા, શિયાળ વગેરે મુકી જીવોને વેદના આપી તેઓને હું છેદું - ભેદું તેવી ભાવના ભાવે... ।।૨।।

**ઢાલ**

**વધ બંધનરે, મારણ ડારણ બહુ પરે,**
**એમ ધ્યાએરે, તંદુલ મત્સ્યતણી પરે;**
**એ પહેલો રે, હિંસારુદ્ર કહું હવે,**
**ભેદ બીજેરે, મૃષારુદ્ર એમ ચિંતવે. ।।૩।।**

તંદુલ મત્સ્યની બીજા જીવોના જેમ બંધન, વધ, ડરાવવા, મારવાનું ધ્યાન કરવું. એ પહેલું હિંસારુદ્ર (હિંસા વિષયક રૌદ્રધ્યાન) છે. હવે બીજા મૃષારૂદ્રનો (જૂઠ વિષયક રૌદ્રધ્યાનનો) વિચાર કહું છું. ।।૩।।

**ત્રૂટક**

**ચિંતવે ખોટા જેહ મોટા, તેહ બહુ પરે ભાખિયે,**
**કેળવી માયા બહુ ઉપાયા, મર્મ પરના દાખિએ;**
**કીજીએ ચાડી મન રંજાડી, આળ પરને દીજીએ,**
**નિજ દોષ ઢાંકી કહી વાંકી[૭] પ્રાણ પરના લીજીયે. ।।૪।**

(બીજા અંગે) ખોટા વિચારો કરીને લોકો સામે હું કહું... બધા આગળ વિવિધ પ્રકારે માયા કરી બીજાના મર્મને લોકો સામે હું મુકું... ખોટી ચાડી ચુગલી કરી બીજા પર (ગુન્હો) આળ નાંખી દઉં અને પોતાનો દોષ ઢાંકી વાંકી (કટાક્ષવાળી) ભાષા બોલી બીજાના પ્રાણ લઇ લઉં આવા વિચારો કરવા તે જૂઠ વિષયક રૌદ્રધ્યાન છે. ।।૪।।

૭. વાંકી ભાષા બોલીને.

### ઢાલ.

**ભેદ ત્રીજે રે, સબલ ક્રોધ લોભે કરી,**
**મન ધ્યાએ રે, લેઉં પરધન અપહરી;**
**મેલું ધાડુંરે, પાડું મારગ અતિ ઘણાં,**
**ઘર ફાડું રે, તાડું અધિપતિ ધનતણાં. ।।૫।।**

ત્રીજા રૌદ્રધ્યાનના ભેદ :- લોભથી પ્રબળ તથા ક્રોધથી વિચારે કે બીજાનું ધન અપહરી લઉં. રસ્તાઓ પર આવતા જતા લોકો પર ધાડ પાડું, ઘરમાંથી ચોરી કરું કે ધનપતિઓના ઘરોમાં ધાડ પાડું. ।।૫।।

### ત્રુટક.

**ધનતણા અધિપતિ બંદી ઝાલું હણું તેહને બહુપરે,**
**માયા ઉપાસી દેઉ ફાંસી, કૃપા શી તે ઉપરે;**
**ઈમ બહુ પ્રપંચે વિત્ત સંચ્યું, લોક વચું અતિ ઘણાં,**
**ઈમ રૌદ્ર તિજે કરે મુરખ, મનોરથ ચોરી તણાં. ।।૬।।**

ધન માટે ધનવાનોને બંદી બનાવી તેઓને હણવાનું કરું... કોઇપણ પ્રકારની દયા વગર (ગુન્હો સાબિત કરી) માયા કરી ફાંસી અપાવું. આ રીતે લોકોને ખૂબ ઠગી ઘણું ધન ભેગું કરું. આવા ચોરીના ખોટા મનોરથો મૂર્ખાઓ ત્રીજા રૌદ્ર ધ્યાનમાં કરે છે. ।।૬।।

### ઢાલ.

**ભેદ ચોથે રે, પંચ વિષય કારણ તણી,**
**ધન ધરણી[૮] રે, ધરણીની[૯] રક્ષા ભણી;**
**ઈમ ધ્યાયે રે, એ સવી જતને રાખશું,**
**જે હરશે રે, તેહને બહુ દુઃખ દાખશું. ।।૭।।**

પાંચ વિષયો (ઈંદ્રિયો)ના કારણોની રક્ષા માટે, ધન, સ્ત્રી, પૃથ્વીની રક્ષા માટે એવુ વિચારે છે કે બધાનું ધ્યાન સારી રીતે

૮. ધરણી રે - સ્ત્રી. ૯. ધરણીની - પૃથ્વી.

રાખશુ પણ જે હેરાન કરશે તેને લુંટવાનો પ્રયત્ન કરશે તેને બહુ દુઃખ આપશું આવું ચોથા રૌદ્રધ્યાનમાં ધ્યાવે. ॥૭॥

### ત્રુટક

**દાખશું દુઃખ મરણાંત તેહને, ઈસી આશા મન ધરે,**
**સર્વની શંકા કરે એહવી, રખે કોઈ મુજ ધન હરે;**
**જબ કિંપિ[૧૦] જાયે સંતને પિણ, ચોર કરી તવ ચિંતવે,**
**એ કહ્યું રક્ષા રૌદ્ર ચોથું સાંભલો લક્ષણ હવે. ॥૮॥**

મરણાંત સુધીનું દુઃખ આપવું તેવી આશા મનમાં રાખે. બધા પ્રત્યે એવી શંકા રાખે કે મારું ધન આ લોકો બધુ ચોરી લેશે. (જ્યારે કંઇપણ ચોરાય ત્યારે સંતને પણ ચોર તરીકે ચિંતવે) આ રક્ષા નામનું ચોથું રૌદ્રધ્યાન છે. હવે રૌદ્રધ્યાનના લક્ષણો સાંભળો. ॥૮॥

### ઢાલ

**હિંસાદિક રે, ચારમાંહિ કો એકને,**
**પાતિકને રે, સેવે છંડે વિવેકને;**
**એ પહેલું રે, લક્ષણ બીજું એણી પરે,**
**તે સઘળારે, પાપ સદા બહુ આદરે. ॥૯॥**

હિંસાદિક ચારમાંથી કોઈએક રૌદ્રધ્યાનથી પાપનું સેવન કરે છે અને વિવેકને છોડે છે. આ પહેલું લક્ષણ છે બધા પાપો ઘણી માત્રામાં કરે તે બીજું લક્ષણ છે. ॥૯॥

### ત્રુટક

**આદરે કુમતિ બુદ્ધિ બહુ પરે, વલી ધનાદિક કારણે,**
**હિંસાદિ પાપ કરે અનાણિ, એહ ત્રીજુ જિન ભણે;**
**ચોથું વધાદિક પાપ કરતો, જાવજીવ ન ઓસરે,**
**પરલોક સમે પણ મનમે ચિંતે, કાલીક સુરિયાની પરે. ॥૧૦॥**

૧૦. કિંપી - કાંઈપણ.

દુર્મતિવાળો જીવ બુદ્ધિનો ઘણો દુરુપયોગ કરે છે. વળી ધનાદિકના કારણે હિંસાદિ પાપ કરે તેવું ત્રીજા લક્ષણ અંગે પરમાત્મા કહે છે. ચોથું લક્ષણ વધ આદિના પાપ કરે પણ જીવે ત્યાં સુધીમાં તેનો પશ્ચાતાપ ન કરે, કાલસૌરિક કસાઇની જેમ મનમાં પરલોકની ચિંતા પણ ન કરે. ॥૧૦॥

**ઢાલ**

**એહ લક્ષણ રે, રૌદ્રતણાં જિનજી કહે,**
**ઈણ ધ્યાને રે, ઈહ લોકે પણ દુઃખ લહે;**
**ઈણે ધ્યાને રે, દ્રોહ અવરનો ચિંતવી,**
**પાતિકની રે, રાશી કમાવે નવ નવી. ॥૧૧॥**

ભગવાને રૌદ્રધ્યાનના આ લક્ષણો કહ્યા છે. આ ધ્યાનથી આ લોકમાં દુઃખ ભોગવે છે. આ ધ્યાનથી બીજાનો દ્રોહ (વિશ્વાસઘાત) કરવાનુ વિચારી પાપોની નવી નવી રાશી બાંધે છે. ॥૧૧॥

**ત્રુટક**

**નવનવી આપદ લહે આપે, દ્રોહ પામે જીવડો;**
**લલિતાંગશું જેમ દ્રોહ કરતો, તાસ દાસ જાડોંવડોં.[૧૧]**

**દ્રોહી સુદરશનતણો જોગી, સર્પથી પરભવ ગયો;**
**જગબાહુ ઉપરે દ્રોહ બુદ્ધિ, દુઃખી મણીરથ નૃપ થયો ॥૧૨॥**

નવી નવી મુશ્કેલી આવવાથી જીવદુઃખ પામે છે. લલિતાંગ ની જેમ દુઃખ પામતો મોટો મૂરખ કોઈ નહી. સુદર્શન જેવા ઉપર દ્રોહ કરવાથી જોગી પરભવમાં સાપ થયા. મણીરથરાજા યુગબાહુ ઉપર દ્રોહ બુદ્ધિથી દુઃખી થયા. ॥૧૨॥

---

૧૧. મોટો મૂર્ખ-દુર્જન.

### ઢાલ

**ઈણ ધ્યાને રે, પરભવ હોય નિરિયાગતિ[૧૨],**
**કુંડરીકોરે, કુરડ ઉકુરડ જતી;**
**બંભદત્તોરે, ચક્રી સુભૂમ વસુ નૃપો,**
**તેમ મંડિકરે, લોહખુરો ચૌરાધિપો. ॥૧૩॥**

### ત્રુટક

**ચૌરાધિપો તીમ નંદ મમ્મણ, શેઠ પમુહા બહુ જણા,**
**ચાર પ્રકારે રૌદ્ર કરીને, નરકે પહોતા અતી ઘણા;**
**તેહ ભણી રૌદ્ર ધ્યાન છંડો, ભવિક શુદ્ધ મતિ આદરો,**
**કહે ભાવ સુમતા ભાવ ભાવી સુખે સિદ્ધ વધુ વરો. ॥૧૪॥**

આ ધ્યાનથી પરભવમાં નરકગતિ પ્રાપ્ત થાય છે. કંડરીક મુનિ, કુરડ-ઉકુરડ મુનિ, બ્રહ્મદત્ત તથા સુભૂમ ચક્રી, વસુ રાજા, મંડિક, ચોરોનો અધિપતિ લોહખુરો, નંદ, મમ્મણશેઠ વગેરે ઘણા બધા આવા ચાર પ્રકારના રૌદ્રધ્યાન કરી નરકે ગયા તેથી રૌદ્ર ધ્યાન છોડો અને શુદ્ધ મતિ પામો, સમતાભાવ ભાવીને સુખેથી સિદ્ધિવધુને પામો એવું સજ્ઝાયના રચયિતા પૂજ્ય ભાવવિજયજી મ.સા. કહે છે. ॥૧૩, ૧૪॥

## ધર્મ ધ્યાન

### દુહા

**સિદ્ધિલતા વન જલધરુ, સુખ સંતાન નિધાન;**
**ત્રીજું ધ્યાન કહું હવે નામે તે ધર્મ ધ્યાન. ॥૧॥**

કલ્પવૃક્ષના વન માટે મેઘ સમાન, સુખની પરંપરાનાં નિધાન સમાન ત્રીજા ધર્મધ્યાન નામના ધ્યાન વિષે હવે હું કહીશ. ॥૧॥

---

૧૨. નરકગતિ.

**સર્વ જીવ નિજ જીવ સમ, ચિંતવતો ગુણવંત;**
**સમતા રસમાં ઝીલતો, થીર સંવેગ ધરંત. ।।૨।।**

સર્વ જીવોને પોતાના જીવ સમાન ગણતો ગુણવંત જીવ સમતારસમાં રમતો, સ્થિર એવા સંવેગને ધરતો. ।।૨।।

**ધીરપણે સહતો સદા, પરિસહને ઉપસર્ગ;**
**રાગાદિક સર્વ જીપતો, અંતરંગ રિપુ વર્ગ. ।।૩।।**

પરિસહ અને ઉપસર્ગને સદાય ધીરજપૂર્વક સહન કરતો, રાગાદિક સર્વ આંતરિક શત્રુઓને જીતતો. ।।૩।।

**નિર્મલ સંયમ પાળતો, પરિહરતો સવિ દોષ;**
**આશા પરની છાંડતો, મન ધરતો સંતોષ. ।।૪।।**

સર્વ દોષોને ત્યજતો, નિર્મળ ચારિત્ર પાળતો, મનમાં સંતોષ ધરતો, બીજાની આશા છોડતો. ।।૪।।

**સુખ સઘળાં સંસારનાં, ચિંતવતો દુઃખરુપ;**
**એહ ધ્યાનને ધ્યાયવા, જોગ કહ્યો મુનિ ભૂપ. ।।૫।।**

સંસારના સઘળા સુખોને દુઃખરૂપ ચિંતવતો શ્રેષ્ઠ મુનિ જ આ ધ્યાનને ધ્યાવવા માટે યોગ્ય કહ્યા છે. ।।૫।।

## *ઢાળ - ૩*

*કર્પુર હોયે અતિ ઉજલો રે. - રાગ...*

**ચાર ભેદ તેહના કહ્યાંજી, તિહા એ પહેલો જાણ;**
**ચિત્ત વિવેકી ચિંતવેજી, શ્રી જિન આણ પ્રમાણ,**
**ચતુર નર, સેવો શ્રી જિનવાણ.**
**કામિત પુરણ સુરલતાજી, શિવ સુખ કેરી ખાણ, ચતુર. ।।૧।।**

ધર્મધ્યાનના ચાર ભેદ કહ્યા છે. વિવેકી પુરુષ પ્રભુની આજ્ઞા જ પ્રમાણ છે. એવું ચિંતન કરે તે પહેલો ભેદ જાણો. ઈચ્છિતને

પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન છે અને મોક્ષ સુખની ખાણ છે, એવી જિનવાણીને હે ચતુર જીવો તમે હૃદયમાં ધારો. ॥૧॥

**મૂળ થકી જેણે કર્યો જી, રાગાદિક રિપુ અંત;**
**તે જિન નવિ બોલે મૃષાજી, જેહનું જ્ઞાન અનંત. (ચતુર) ॥૨॥**

મૂળમાંથી જેણે રાગાદિક શત્રુઓનો નાશ કર્યો છે, વળી જેમનું જ્ઞાન અનંત છે. એવા જિનેશ્વર પરમાત્મા ક્યારેય મૃષાવાદ(ખોટુ) બોલતા નથી. ॥૨॥

**ભાવ અગોચર કેવલીજી, જે ભાખે જિનભાણ;**
**તે છદ્મસ્થ હું કિહાંજી, સમજુ સયલ અજાણ. ચતુર. ॥૩॥**

કેવળજ્ઞાની જિનેશ્વર ભગવંતે આ વિશ્વના અગોચર ભાવ કહ્યા છે. તે બધી રીતે અજાણ એવો હું છદ્મસ્થ કેવી રીતે સમજી શકુ. ॥૩॥

**તે માટે જિનના કહ્યાજી, જે જે ભાવ અનેક;**
**તે સઘલાં હું સદ્દહુંજી, આણી હૃદય વિવેક. ચતુર. ॥૪॥**

તે માટે જિનેશ્વર પ્રભુના કહ્યા પ્રમાણે દરેક ભાવો પ્રત્યે હૃદયમાં વિવેકધારી શ્રદ્ધા રાખુ છું. ॥૪॥

**કુમતિ કદાગ્રહ આદરીજી, શ્રી જિન આણ ઉદાર;**
**ઉત્થાપું કદીયે નહીંજી, કામિત ફલ મંદાર. ચતુર. ॥૫॥**

કુમતિ કદાગ્રહ આદરીને હું જિનેશ્વર પરમાત્માની આજ્ઞાને ક્યારેય ઉત્થાપીશ નહીં કારણ કે પ્રભુની આજ્ઞા ઈચ્છિત ફળ આપવામાં કલ્પવૃક્ષ સમાન છે. ॥૫॥

**ઈમ જિન આણ તણો કરેજી, જેહ વિચય નિરધાર;**
**તે આણા વિચયાભિધોંજી, એહનો પ્રથમ પ્રકાર. ચતુર. ॥૬॥**

આમ પ્રભુની આજ્ઞાનો વિચાર કરી જે નિશ્ચયપૂર્વક સ્વીકાર

કરે તે આજ્ઞાવિચય નામનું પ્રથમ ધર્મધ્યાન છે. ॥૬॥

**ઈણે ધ્યાને હોય નિર્મલુંજી, સમકિત શિવ સુખ મૂળ;**
**હવે અપાય વિચયાભિધજી, બીજું સુણ અનુકૂલ. ચતુર. ॥૭॥**

મોક્ષરૂપી સુખનું મૂળ સમકિત આ આજ્ઞાવિચય ધ્યાનથી નિર્મળ થાય છે. હવે અપાય વિચય નામના બીજા અનુકૂળ એવા ધર્મધ્યાનને તું સાંભળ. ॥૭॥

**રાગ દ્વેષ વિકથા તથાજી, ગારવ વિષય કષાય;**
**આશ્રવ નિંદાદિક તણાજી, એહના ધ્યાય અપાય. ચતુર. ॥૮॥**

રાગદ્વેષ, વિકથા, ગારવ, વિષય તથા કષાય, નિંદા વિગેરેથી થતા આશ્રવના અપાયોને વિચારવા એ બીજું ધર્મધ્યાન છે. ॥૮॥

**રાગાદિક સેવ્યા કરેજી, ઈહ ભવ અધિક સંતાપ;**
**પરભવ નરકાદિક દીએજી, જીહાં બહુ વેદન વ્યાપ. ચતુર. ॥૯॥**

રાગાદિક ભાવોને પોષવાથી આ ભવમાં ખૂબ દુઃખ આપે છે. પરભવમાં જ્યાં બહુ દુઃખ વ્યાપેલુ છે એવી નરક વગેરેની પ્રાપ્તિ  કરાવે છે. ॥૯॥

**ઈણ ધ્યાને જાણી કરીજી, રાગાદિક રિપુ રુપ;**
**તેહનો પરિચય પરિહરેજી, જે દાખે દુઃખ કૂપ. ચતુર. ॥૧૦॥**

જે દુઃખના કૂવા છે તેવા રાગાદિક શત્રુઓને ધ્યાનથી ઓળખી તેનો પરિચય ઓછો કરે. ॥૧૦॥

**ત્રીજે ધ્યાયે કર્મનાંજી, શુભ ને અશુભ વિપાક;**
**શુભથી સદ્ગતિ પામીએજી, જીહાં સુખનો પરિપાક. ચતુર. ॥૧૧॥**

ત્રીજા ધ્યાનમાં કર્મના શુભ અને અશુભ ફળોની વિચારણા છે. શુભકર્મથી સદ્ગતિ મળે છે. જ્યાં સુખનો અનુભવ છે. ॥૧૧॥

**ઉત્તમ કુલ સુખ સંપદાજી, નર સુર ખેચર ભોગ;**
**મન વાંછિત સવી સંપજેજી, જો હોય પુન્ય સંજોગ. ચતુર. ॥૧૨॥**

જો પુન્યનો સંજોગ (ઉદયમાં) હોય તો મનવાંછિત (મનમાં ઈચ્છેલું) ઉત્તમ કુળ, સુખ, સંપત્તિ, મનુષ્ય, દેવ, વિદ્યાધર મનુષ્યના ભોગ ભોગવવા મળે છે. ॥૧૨॥

**હરીબલ ચક્રીપણું લહેજી, રૂપ મનોહર અંગ;**
**કીર્તિ મહિમા ગુણ ઘણાજી, પુન્યે નવ નવ રંગ. ચતુર. ॥૧૩॥**

આ ઉપરાંત હરિ(વાસુદેવ)બલદેવ, ચક્રવર્તીપણું પુણ્યથી મેળવે છે. રૂપ, સુંદર શરીર, કીર્તિ, મહિમા જેવા અનેક ગુણો પુન્યના નવા નવા ઉદયથી પ્રાપ્ત કરે છે. ॥૧૩॥

**પાપ વિપાકે આપદાજી, અપયશ સોગ કુરોગ;**
**તિરિ નરકાદિક દુરગતિજી, પામે ઈષ્ટ વિજોગ. ચતુર....॥૧૪॥**

પાપના ફળ સ્વરૂપે મુશ્કેલી, અપયશ, શોક, ખરાબ રોગો, તિર્યંચ, નરક વગેરે દુર્ગતિ અને ઈષ્ટનો વિયોગ પામે છે. ॥૧૪॥

**છેદન ભેદન વેદનાજી, વધ બંધન ધન હાણી;**
**રૂપ જાતિ મતિ હીનતાજી, દુરિત તણા ફલ જાણી. ચતુર.॥૧૫॥**

છેદન, ભેદન, વેદના, વધ, બંધન દુરિતના ફળ છે. ધન, રૂપ, જાતિ, બુદ્ધિ આ બધાનો ઘટાડો પણ પાપનું ફળ છે. ॥૧૫॥

**જે આપદ નારક લગેજી, તે સવિ પાપ પસાય;**
**જે સંપદ જિનપદ લગેજી, તે સવી પુન્યે થાય. ચતુર...॥૧૬॥**

નારક સુધીની તમામ આપત્તિ પાપને કારણે મળે છે અને તીર્થંકર પદવી સુધીની તમામ સંપત્તિ પુણ્યના પ્રભાવે મળે છે. ॥૧૬॥

**ઈણે ધ્યાને કરી જાણતોજી, દુરિત દુરંત વિપાક;**
**પાપ હેતુ સઘળા તજેજી, જેમ વિષફલ કિંપાક. ચતુર....॥૧૭॥**

જેવી રીતે અજાણ્યા ઝેરીં ફળોને છોડીએ તેમ. અત્યંત કૂટ ફળવાળા તમામ દુરિતોને-પાપોને વિપાકવિચય ધ્યાનથી જાણતો સંપૂર્ણપણે છોડી દે. ||૧૭||

**માંગે ઉદ્યમ ધર્મનોજી, છાંડે અપયશ ખેદ;**
**વિપાક વિચયાભિધ કહ્યોજી, એણીપરે ત્રીજો ભેદ. ચતુર.||૧૮||**

આમ અપયશના દુઃખને છોડે અને ધર્મનો ઉદ્યમ સેવે . આ રીતે વિપાકવિચય નામનો ત્રીજો ભેદ કહ્યો. ||૧૮||

**હવે સંઠાણવિચય સુણોજી, ચોથો સાર પ્રકાર;**
**ઈહાં જીનભાષિત ચિંતવેજી, લોકાદિક આકાર. ચતુર....||૧૯||**

હવે સંસ્થાન વિચય ચોથો પ્રકાર સાંભળો, અહીં ભગવાને જણાવેલ ચૌદરાજલોકનું સ્વરૂપ વિચારે. ||૧૯||

**નર ઊભો પોહળે પગેજી, દોય કર દઈ કટીદેશ;**
**તે સરિખું ચારે દિશેજી, લોકાકાશ નિવેશ. ચતુર...||૨૦||**

મનુષ્ય બે પગ પહોળા કરી, બે હાથ કમ્મરમાં રાખી ઉભો રહે તેવી રીતનો ચારે દિશામાં લોકાકાશ રહેલો છે. ||૨૦||

**ઈમ હેઠી સાતે મહીજી, તેમ બહુ નરકાવાસ;**
**ભૂવન ભૂવનપતિ તણાજી, વ્યંતર નગર સુવાસ. ચતુર...||૨૧||**

એમાં નીચે સાત પૃથ્વીમાં ઘણા નરકાવાસ, ભવનપતિના ભવનો, વ્યંતરોના નગરો હોય છે. ||૨૧||

**દ્વીપ ઉદધિ વલી ગ્રહગણાજી, સુરમંદિર નિર્વાણ;**
**જીવાજીવાદિક તણાજી, ચિંતવીએ સંઠાણ. ચતુર...||૨૨||**

દ્વીપ, સમુદ્ર, જ્યોતિષ દેવોના વિમાનો, વૈમાનિક દેવોના વિમાનો અને મોક્ષ (સિદ્ધશિલા) વગેરેમાં વસનારા તમામ જીવો તથા તમામ અજીવો (ધર્માસ્તિકાય વગેરે પાંચ) સંસ્થાનો વિચારીએ. ||૨૨||

**લોક પ્રમુખના જે કહ્યાજી, સંઠાણાદિક ભાવ;**
**તે ચિંતવતા જીવનોજી, સ્થીર થાયે શુભ ભાવ. ચતુર....॥૨૩॥**

આ રીતે ચૌદ રાજલોક વગેરેના સંસ્થાન વગેરે ભાવોને વિચારતા જીવના શુભભાવો સ્થિર થાય છે. ॥૨૩॥

**એણીપરે ધર્મધ્યાનનાજી, કહીએ ચાર પ્રકાર;**
**ભાવ કહે નિત્ય ભાવજોજી, ભવિયણ ગુણ ભંડાર. ચતુર.॥૨૪॥**

આ રીતે ગુણના ભંડાર સમા ધર્મધ્યાનના ચાર પ્રકારો ભવિજનોને નિત્ય ભાવવા તેવું પૂજ્ય ભાવવિજયજી મ.સા. કહે છે. ॥૨૪॥

## ઢાળ - ૪

***અધરસ મનોહર હીરજીરે, વર્ચાજિન વસીયો રામો - રાગ...***

**એહનાં લક્ષણ ચાર કહું હવે, તેહમાં પહેલો એહો;**
**જિન આગમ ઉપર રુચિ સબળી, સદ્દહણા બહુ નેહો.**
**ભવિયા ભાવીએ રે, ધર્મધ્યાન ઉદારો. ।**
**જેહથી દૂરગતિ દૂર પલાયે,**
**લહિએ ભવનો પારો. ભવિયા....॥૧॥**

કારણકે તેનાથી દુર્ગતિ દૂર થાય છે અને ભવનો અંત થાય છે. ॥૧॥

હવે ધર્મધ્યાનના ચાર લક્ષણો કહું છું. તેમાં પહેલું લક્ષણ જિનાગમ પર શ્રદ્ધા, તીવ્ર રુચિ, ખૂબ સ્નેહ હોય. માટે હે ભવિકજન ! ધર્મધ્યાનને ભાવ. ॥૧॥

**અર્થ સૂત્રનો અતિ વિસ્તારે,**
**તેહની રુચિ એ બીજું;**
**ગુરુ ઉપદેશ ઉપર રુચિ રુઅડી,**
**તસ લક્ષણ એ ત્રીજું. ભવિ...॥૨॥**

સૂત્ર-અર્થના ઉંડાણની, વિસ્તૃત બોધની રુચિએ બીજું લક્ષણ છે. તથા ગુરુના ઉપદેશ ઉપર સારી રુચિ એ ત્રીજુ લક્ષણ છે. ॥૨॥

**જાતિસ્મરણ પ્રમુખ વિશેષે, જિન ભાષિત સદ્હીએ;**
**પર ઉપદેશ વિના એ ચોથું, એહનું લક્ષણ કહીએ. ભવિ....॥૩॥**

બીજાના ઉપદેશ (તર્ક) વગર ભગવાને કહેલ જાતિસ્મરણ વગેરે શ્રદ્ધાગમ્ય પદાર્થો વિષે શ્રદ્ધા રાખવી એ ધર્મધ્યાનનું ચોથુ લક્ષણ છે. ॥૩॥

**લક્ષણપણે જિણહિયે રમતું. ધર્મધ્યાન મન સેજે;**
**વાદલમાંહિ રહ્યો પણ રવિ જીમ, ઉદીત જણાયે તેજે. ભવિ....॥૪॥**

વાદળમાં રહેલો રવિ (સૂર્ય) પણ જેવી રીતે તેજથી ઉગેલો જણાય છે. તેવી રીતે લક્ષણોથી પણ જેના હૈયામાં ધર્મધ્યાન હોય છે. તેનો આત્મા શુભભાવોમાં રમે છે. ॥૪॥

**હવે ચારે આલંબન કહીએ, જે મુનિજનને કામે;**
**તિહાં પહેલું તે ભણે ભણાવે, કર્મ નિર્જરા કામે. ભવિ....॥૫॥**

હવે મુનિજન માટે ઉપયોગી ધર્મધ્યાન ચાર આલંબન કહું છું. તેમાં પહેલું આલંબન પોતાના કર્મની નિર્જરાની ઇચ્છાથી (પ્રભુ પ્રરુપિત શ્રુતજ્ઞાનને) ભણે અને ભણાવે. ॥૫॥

**બીજું જે સદ્ગુરુને પૂછી, શંકા દોષ નિવારે;**
**વલીવલી સુત્ર ગણે એ ત્રીજું, ચોથુ અર્થ વિચારે. ભવિ....॥૬॥**

ધર્મધ્યાનનું બીજું આલંબન સદ્ગુરુને પૂછી પોતાની શંકાના દોષોને નિવારે. વારંવાર સૂત્ર ભણે એ ત્રીજું આલંબન છે અને સૂત્રોના અર્થને વિચારવા એ ચોથુ આલંબન છે. ॥૬॥

**આલંબનથી સુખે ચડીએ, ધર્મધ્યાન વર ધામે;**
**ચાર ભાવના તે હવે કહીએ, જેહથી સમરસ જામે. ભિવિ....॥૭॥**

ઉત્તરોત્તર ચાર આલંબનથી ધર્મધ્યાનમાં સુખેથી આગળ વધી શકાય છે. હવે ધર્મધ્યાનથી ચાર ભાવના કહું છું તેથી આત્મામાં સમતા સ્થિર થાય છે. ॥૭॥

**હું કેહનો નહિ, કો નહિ માહરું, મમતા કરવી ગેહેલી;**
**જીવ એકીલો જાયે અંતે, એહ ભાવના પહેલી. ભવિ....॥૮॥**

હું કોઈનો નથી કે કોઈ મારું નથી. અન્ય પ્રત્યેની ઘેલી મમતા શા માટે ? કારણ કે જીવ એકલો જ જવાનો છે. એવા પ્રકારની વિચારણા પહેલી ભાવના છે. ॥૮॥

**તન ધન જીવિત યૌવન પરિજન, ક્ષીણમાં જાયેછિજી;**
**અસ્થિર એહની કહો કોણ આશા, એહ ભાવના બીજી. ભવિ....॥૯॥**

તન(શરીર), ધન, યૌવન, પરિવાર વિગેરે ક્ષણમાં (ટુંક સમયમાં) જતુ રહેવાનું છે. અસ્થિર એવા તેની આશા કેવી રીતે રખાય ? એ પ્રકારની વિચારણા બીજી ભાવના છે. ॥૯॥

**જન્મ જરા મરણામય[૧૩] બહુ ભય, જગ સહુને સંતાવે;**
**ધર્મ વિના કોઈ શરણ ન દિશે, ત્રીજી એ ઈમ ભાવે. ભવિ....॥૧૦॥**

જન્મ, ઘડપણ, મરણ, રોગનો ભય વગેરે સંસારમાં લોકોને બહુ સતાવે છે. ધર્મ જ શરણરૂપ છે, તેના વિના કોઇનું શરણ દેખાતું નથી એવું ભાવવું એ ત્રીજી ભાવના છે. ॥૧૦॥

**પુત્ર-પિતા તેમ નારી-માતા, વૈરી-ભાઈ થાયે;**
**એક જીવને ભવમાં ભમતાં, એમ ચોથી એ ધ્યાએ. ભવિ....॥૧૧॥**

એક જીવને સંસારમાં ભમતાં પુત્ર એ પિતા, પત્ની એ માતા, દુશ્મન એ ભાઇ થાય છે. આવી વિચારણા ચોથી ભાવના જાણવી. ॥૧૧॥

---

૧૩. મરણામય - મરણ-મૃત્યુ ને આમય - રોગ.

**અથવા મૈત્રી આદિક મુનિજન, ભાવના ભાવે ચારે;**
**ધર્મ ધ્યાનનો જેહથી થાએ, અધિક અધિક વિસ્તારે. ભવિ...॥૧૨॥**

અથવા મુનિ ભગવંતો જો મૈત્રાદિક ચાર ભાવના ભાવે તો ધર્મધ્યાનમાં સારી રીતે આગળ વધી શકે છે. ॥૧૨॥

**સર્વ જીવનું હિત ચિંતવવું, તે મૈત્રીમતિ ભાષી;**
**દુઃખીયાનાં દુઃખ ટાલું એહવી, મનસા કરુણા દાખી. ભવિ...॥૧૩॥**

સર્વ જીવોનું હિત વિચારવું એ મૈત્રી ભાવના, સર્વ દુઃખીજનોના દુઃખ ટાળવા, દૂર કરવાની ભાવના મનમાં લાવવી તે કરૂણા ભાવના છે. ॥૧૩॥

**ગુણ ગુણવંતતણા દેખીને, જે મન હર્ષિત થાએ;**
**અથવા પરસુખ નિરખી હરખે, તેહ પ્રમોદ કહેવાએ. ભવિ....॥૧૪॥**

ગુણી લોકોના ગુણોને જોઈ જેના મનમાં હર્ષ આવે કે બીજાના સુખને જોઈ ખુશ થાય તે પ્રમોદ ભાવના કહેવાય. ॥૧૪॥

**દેખી દોષ ઘણા દુર્જનના, તે ઉવેખે નાણી;**
**રાગ રોષ તે ઉપર નાણે, એહ ઉપેક્ષા જાણી. ભવિ....॥૧૫॥**

દુર્જનના દોષોને જોઈ તેની ઉપેક્ષા કરે તો પણ તેના પર રાગ રોષ ન કરે તે ઉપેક્ષા ભાવના કહેવાય. ॥૧૫॥

**ઈમ શુભ મતિ અમૃત રસ સિંચો, ધર્મધ્યાન તરુ વાધે;**
**કહે મુનિ ઈહ પરલોકે, મન વાંછિત ફલ સાધે ભવિ....॥૧૬॥**

આવી રીતે શુભ ભાવનાથી અમૃતરસનું સિંચન કરો, જેથી ધર્મધ્યાન રૂપી વૃક્ષ વિકસે અને આભવ, પરભવમાં મન વાંછિત ફળ પ્રાપ્ત થાય એવું પૂજ્ય મુનિ ભાવવિજયજી મ. સા. કહે છે. ॥૧૬॥

## ઢાલ - ૫

**રાગ-ગોડી. માઈ ધન્ય સુપન એ, ધન્ય જીવિત તારું માય - એ રાગ..**

**શ્રી ધર્મ ધ્યાનનનાં, ભેદ અવર છે ચાર;**
**પિંડસ્થાદિક હવે, કહીએ તાસ વિચાર. ।।૧।।**

શ્રી ધર્મ ધ્યાનના બીજા ચાર ભેદ છે. તે પિંડસ્થાદિક અન્ય ૪ ભેદ વિષેનો વિચાર કહું છું. ।।૧।।

**પિંડસ્થ પદસ્થ, રુપસ્થ તેમ જાણી;**
**તામેં વલી ચોથું, રુપાતિત વખાણી. ।।૨।।**

પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને ચોથી રૂપાતિત એ ચાર અવસ્થા વિષે હવે કહીશ. ।।૨।।

**જેમ નિજ તનુ માંહિ, નાડી હૃદયે અરવિંદ.;**
**આદિક વર ઠામે, ધ્યાએ શ્રી જિનચંદ. ।।૩।।**

**અનુક્રમે અભ્યાસે, નિજ જીવને જિનરુપ;**
**તન્મય થઈ ધ્યાએ, એ પિંડસ્થ સ્વરૂપ. ।।૪।।**

જેવી રીતે પોતાના શરીરમાં હૃદયરૂપી નાડી કમળમાં જિનેશ્વર પરમાત્માનું ધ્યાન કરવુ જોઈએ. અનુક્રમે અભ્યાસથી જિનસ્વરૂપી પોતાના જીવને જિનેશ્વર સ્વરૂપી (જિનમય) ધ્યાવે તે પિંડસ્થ અવસ્થા જાણવી. ।।૩, ૪।।

**નવકારાદિક વર, મંત્ર તણા પદ સાર;**
**તેમ આગમનાં પદ, અવલંબી સુખકાર. ।।૫।।**

આ જ રીતે નવકાર આદિ મુખ્ય તથા શ્રેષ્ઠ મંત્રો તથા આગમના પદોની સુખકારી... એવા આલંબનથી અથવા ।।૫।।

**અથવા જિન મુનિવર, થુઈ ઉપર બહુ વાર;**
**જેહ મન થીર સ્થાપે, લહે પદસ્થ ઉદાર. ।।૬।।**

જિનેશ્વર પરમાત્મા તથા મુનિભગવંતના ગુણો ઉપર ઘણા લાંબા સમય સુધી મનને (અહોભાવપૂર્વક) સ્થાપે તે પદસ્થ ધ્યાન કહેવાય છે. ॥૬॥

**સમોસરણે બેઠા, શોભે અતિશય વૃંદે;**
**સુર અસુર નરેશ્વર, ચરણકમલ જસ વંદે. ॥૭॥**

**જસ આગળ વાજે, દુંદુભિ નવનવે છંદે;**
**છત્રત્રય ઉપર, તરુ અશોક જસ નંદે. ॥૮॥**

**ચામર ભામંડલ, સિંહાસન જસ સોહે;**
**જસ ફૂલ પગરને, ગંધે મધુકર મોહે. ॥૯॥**

**જસ દિવ્ય નાદ સુણી, રીઝે સઘલા પ્રાણી;**
**તે જિન નિત્ય ધ્યાએ, રુપસ્થ મતિ આણી. ॥૧૦॥**

અતિશયોથી યુક્ત સમોસરણમાં બેઠેલા પરમાત્માના દેવો-દાનવો-રાજાઓના પણ અધિપતિઓ ચરણકમલને વંદન કરે છે.

વળી જેમની આગળ નવા-નવા છંદોમાં (રાગમાં) દેવદુંદુભિ વાગે છે, ઉપર રહેલા ત્રણ છત્ર તથા અશોક વૃક્ષ જેમનું અભિવાદન કરે છે, ચામર-ભામંડલ-સિંહાસન જ્યાં શોભે છે, જેમના અતિશયથી થતી પુષ્પવૃષ્ટિના સમુહની સુગંધ પણ ભમરાઓને મોહે છે, જેમનો દિવ્યનાદ (દેશના) સાંભળી બધા જીવો પ્રસન્નતા (શાતા) પામે છે તેવી રીતે જિનેશ્વર પરમાત્માનું ધરાતું ધ્યાન તે રુપસ્થ ધ્યાન છે. ॥૭-૮-૯-૧૦॥

**વલી ન મિલે જેહમાં, રાગદ્વેષ વિકાર;**
**શુભ લક્ષણ લક્ષિત, કાન્ત શાંત આકાર. ॥૧૧॥**

**તેહ જિનની પ્રતિમા, દેખી તન્મય થાયે;**
**જિનના ગુણ ધ્યાઈએ, તેહ રુપસ્થ કહાયે. ॥૧૨॥**

વળી જેનામાં (નયનમાં) રાગદ્વેષના વિકારો ન દેખાય,

શુભ લક્ષણોથી શોભતા, શાંત-પ્રશાંત-તેજસ્વી આકારવાળા તે પરમાત્માની પ્રતિમા જોઈ એકાગ્રતાપૂર્વક તેવા જિનના ગુણોનું ધ્યાન કરવું તે રૂપસ્થ ધ્યાન છે. ||૧૧, ૧૨||

**જસ આઠ કર્મનો, લેપ લગાર ન હોય;**
**જસ પરમાતમ ઈતિ, નામ કહે સહુ કોય. ||૧૩||**

**જેહ ચિદાનંદમય, રુપ રહિત જે સિદ્ધ;**
**રુપાતીત તેહ, ચિદાનંદમય કીધ. ||૧૪||**

આઠ કર્મના ભાર રહિત (લેપ રહિત) જે હોય જેને સહુ કોઈ પરમેશ્વર કહે છે,

જે ચિદાનંદમય તથા રૂપ (રસ, ગંધ વગેરે) વગરના હોય તે સિદ્ધ ભગવંતનું ચિદાનંદમય સ્વરૂપ રુપાતિત ધ્યાન કહ્યું છે. ||૧૩, ૧૪||

**અરિહંત તણું એમ, કરતો ધ્યાન સદૈવ;**
**અભ્યાસ વિશેષેં, તન્મય થાયે જીવ. ||૧૫||**

**તવ કર્મ તણો સવિ, અશુભ ટલે અનુભાવ;**
**જિનવર પરે તેહનો, દીપે પ્રબલ પ્રભાવ. ||૧૬||**

આવી રીતે અરિહંતનું સદાય જે ધ્યાન કરે છે તેવા જીવો વારંવાર થતાં તેના અભ્યાસથી અરિહંત પરમાત્મામય બને છે. ત્યારે તેના કર્મોમાંથી અશુભ રસવાળા કર્મો નાશ પામે છે. અને જિનેશ્વર પરમાત્મા જેવો તેમનો પ્રભાવ પ્રબળ થાય છે. ||૧૫, ૧૬||

**જેમ લોહ કનક હોય, પામી રસ સંબંધ;**
**વલી કુસુમ સંબંધે, તૈલ જેમ થાયે સુગંધ. ||૧૭||**

**તેમ પરમ પુરુષનું, કરતા ધ્યાન અભેદે;**
**તેહના ગુણ પામે, ભવીયણ કુમતિ વિછેદે. ||૧૮||**

જેવી રીતે લોઢામાં સોનાનો રસ ભળે તો તે સોનુ બને, વળી ફૂલના સંબંધથી જેમ તેલપણ સુગંધી થાય તેવી રીતે પરમ પુરુષનું ધ્યાન એકચિત્તે કરાય તો તેમનામાં (પરમાત્મામાં) રહેલા ગુણો ખોટી બુદ્ધિને કાઢી ધ્યાતાને ગુણમય બનાવે છે. ||૧૭, ૧૮||

### ઉક્તં ચ

**આત્મા મનિષીભિરયં ત્વદભેદબુધ્યા,**
**ધ્યાતો જિનેન્દ્ર ભવતીહ ભવત્ પ્રભાવાત્;**
**પાનિયમપ્યમૃતમિત્યનુચિન્ત્યમાનં,**
**કિં નામ નો વિષવિકારમપાકરોતિ ||**

બુદ્ધિશાળીઓ વડે તમારા અભેદની-તમારામયપણાની બુદ્ધિથી ધ્યવાતો આ આત્મા આપના ધ્યાનથી જિન સ્વરૂપી બને છે. જેમ અમૃતની બુદ્ધિથી શ્રદ્ધાયેલુ-ધ્યવાયેલું પાણી પણ વિષના વિકારને (અસરને) શું દૂર કરતું નથી...

### ચાલુ રાગ

**આણા વિચયાદિક, પિંડસ્થાદિક ઝાણ[૧૪];**
**એમ અહનિશ કરતા, પામે કોડી કલ્યાણ. ||૧૯||**

આજ્ઞાવિચયા વગેરે તથા પિંડસ્થ વગેરે અવસ્થાનું ધ્યાન આવી રીતે હંમેશા કરતા ક્રોડો કલ્યાણ (મંગળ)ને જીવ મેળવે છે. ||૧૯||

**અણિમાદિ સિદ્ધિ, લબ્ધિ અનેક પ્રકાર;**
**ઈહલોકે એહથી, લહીએ જ્ઞાન અપાર. ||૨૦||**

આ ધર્મધ્યાનથી અણિમા વગેરે સિદ્ધિઓ તથા અનેક પ્રકારની લબ્ધિઓની, અનેક સિદ્ધિઓ તથા આલોકમાં ઘણુ જ્ઞાન પ્રાપ્ત થાય છે. ||૨૦||

---

૧૪. ઝાણ - ધ્યાન.

**પરભવ વૈમાનિક, ઈંદ્ર તથા અહમિંદ્ર;**
**સુરવર તે થાયે, તનુ રુચિ જેમ રવિ ચંદ્ર. ।।૨૧।।**

પરભવમાં વૈમાનિક દેવલોકમાં તેવા ઈંદ્ર કે અહંઈન્દ્ર દેવ જેમના શરીરની કાંતિ (તેજ) સૂર્ય-ચંદ્ર જેવી હોય. ।।૨૧।।

**તિહાંથી ચવિયા વલી, ઉત્તમ નરભવ પામી;**
**શુભ ધર્મ આરાધી, થાયે શિવપુર સ્વામી. ।।૨૨।।**

ત્યાંથી ચ્યવીને ઉત્તમ નરભવ પામીને શુભ (શુદ્ધ) ધર્મ આરાધી મોક્ષસુખને પામે છે. ।।૨૨।।

**એ ધર્મધ્યાનથી, સંત અનંત મુણિંદ;**
**ઈહ ભવ ને પરભવે, પામ્યા પરમ આણંદ. ।।૨૩।।**

આ ધર્મધ્યાનથી અનંતા સંતો તથા મુનિવરો આ ભવ અને પરભવમાં પરમ આનંદ પામે છે. ।।૨૩।।

**ઈહ ધ્યાન કરતા, અનુક્રમે શુક્લધ્યાન;**
**ભવિયણને આવે, કેવલનાણ નિદાન. ।।૨૪।।**

આ ધ્યાન અનુક્રમે કરતાં ભવિક જીવો શુક્લધ્યાન પામે છે જે કેવલજ્ઞાનનું કારણ છે. ।।૨૪।।

**એહ ધર્મધ્યાનનો, મહિમા જેહ અપાર;**
**તે કહેતાં પંડિત, કહો કોણ પામે પાર. ।।૨૫।।**

આ ધ્યાનનો મહિમા અપરંપાર છે. કોઈ પંડિત પણ તેના મહિમાને વર્ણવતા પાર પામી શકતા નથી. ।।૨૫।।

**મુનિ ભાવ પયંપે, એકમના થઈ સંત;**
**ઈહ ધ્યાન આરાધે, સાધે સુખ અનંત. ।।૨૬।।**

મુનિ ભાવવિજયજી કહે છે કે જે સંતો એક મને (સ્થિર મને) આ ધ્યાનને આરાધે છે તે અનંત સુખ મેળવે છે. ।।૨૬।।

## શુક્લધ્યાન

### દુહા

**શુક્લધ્યાન કહું હવે, જિન ભાષિત અનુસાર;**
**તેહ વિના નવિ પામીએ, પંચમી ગતિ સુખકાર. ॥૧॥**

જિનેશ્વર પરમાત્માના જણાવ્યા પ્રમાણે હવે હું શુક્લધ્યાન વિષે કહું છું. તેના વગર પંચમી ગતિનું સુખ મળતુ નથી. ॥૧॥

**પહેલે સંઘયણે જિકે, પૂરવ ધર શ્રુતવંત;**
**શુક્લ ધ્યાનની યોગ્યતા, તેહને કહે અરિહંત. ॥૨॥**

પહેલા સંઘયણવાળા પૂર્વધર મહાત્મા જ શુક્લધ્યાનની યોગ્યતા પામી શકે છે તેવું અરિહંત પરમાત્માએ કહ્યુ છે. ॥૨॥

**વિષય કષાયે આકુલા, સત્વ રહિત ચલચિત્ત;**
**શુક્લધ્યાનને ધ્યાયવા, તે જડ જાણો મિત્ત. ॥૩॥**

વિષય-કષાયથી આકુળ, સત્ત્વથી રહિત, ચિત્તથી ચંચળ એવા જીવો શુક્લધ્યાનને ધ્યાવવા યોગ્ય નથી. ॥૩॥

**હમણાના જડ જીવડા, એહનું તત્ત્વ સુગુઢ;**
**સુપરે સમજે પણ નહિ, તો કીહાં ધ્યાયે મૂઢ. ॥૪॥**

અત્યારના જડ એવા જીવો શુક્લધ્યાનના ગૂઢ એવા તત્ત્વને સારી રીતે સમજી શકે નહિ તો તે મૂઢ જીવો કેવી રીતે તેનું ધ્યાન કરી શકે ? ॥૪॥

**તોહે વૃદ્ધ પરંપરા, વચન તણે આધાર;**
**આલંબી કિંચિત કહું, એહના ચાર પ્રકાર. ॥૫॥**

આગમની પરંપરા તથા પરમાત્માના વચનના આધારે એના ચાર પ્રકારો વિષે હું કંઈક કહું છું. ॥૫॥

## ઢાલ - ૬

### રાગ - આશાવરી.

**શુક્લધ્યાન સદા જો સેવો, તો સીઝે સવિ કામો રે;**
**તેહમાં પ્રથમ પૃથક્ વિતર્ક, સપ્રવિચાર ઈતિ નામો રે. શુક્લ....।।૧।।**

શુક્લધ્યાન જે સેવે(કરે) છે તેના બધા કર્મો નાશ પામે છે. તે ધ્યાનમાં પહેલુ પૃથક્ વિતર્કસપ્રવિચાર નામનું ધ્યાન છે. ।।૧।।

**તિહાં જીવાદિક એક દ્રવ્યના, જિન ભાષિત સુવિચાર રે;**
**ઉત્પત્તિ સ્થિતિ નાશાદિક જગ, જે પર્યાય અપારરે. શુ....।।૨।।**

**તેહ પૃથક્ત્વ વિવિધ પ્રકારે, ધ્યાયે બહુ વિસ્તારે રે;**
**પૂરવ ગત શ્રુતને અનુસારે, બહુવિધ નય આધારેરે. શુ....।।૩।।**

તેમાં ભગવાને કહેલા જીવાદિક એક દ્રવ્યના ઉત્પતિ, સ્થિતિ અને નાશના જે સેંકડો પર્યાયો તેનું પૃથકત્વ એટલે ઘણા પ્રકારે, પૂર્વગત શ્રુતને આધારે અને ઘણા નયના આધારે ખૂબ વિસ્તારપૂર્વક ધ્યાન કરે તે પ્રથમભેદ. ।।૩।।

**તિહાં શ્રુતથી એક અર્થ ગ્રહીને, તેહના શબ્દ વિચારે રે;**
**શબ્દ થકી વલી અર્થ વિચારે. મુનિવર મન સંચારેરે. શુ....।।૪।।**

વળી આ શુક્લધ્યાનના પ્રથમ પ્રકારમાં મુનિ પૂર્વગત શ્રુતમાંથી એક અર્થનું ગ્રહણ કરી તેના શબ્દનો વિચાર કરે છે. પછી શબ્દ થકી અર્થની વિચારણા કરે છે. આ પ્રમાણે મનમાં ઉંડાણથી વિચારોને પરાવર્ત (બદલવાનું) કરે છે. ।।૪।।

**મન યોગાદિક યોગ થકી પણ, વિચરે અવર સુયોગે રે;**
**જેમ સંચારે તેમ વલી ચાલે, નિજમન શ્રુત આભોગે રે. શુ....।।૫।।**

મનોયોગ વગેરે પેટાભેદોમાંથી એકાદનો યોગ પૂર્ણ થયે છતે બીજા પેટાભેદનો યોગ... આમ એક પછી બીજો સુયોગ પણ સતત નિર્માણ થાય છે. ।।૫।।

**ઈમ કરતો મુનિ એહ ધ્યાનનું, નામ કરે સોય સાચું રે;**
**ઈણ ધ્યાને કરી, મુનિ મન થાયે, સમરસ રંગે જાચું રે. શુ....।।૬।।**

આ રીતે ધ્યાન કરતા મુનિ ધ્યાનના આ પાયાનું (ભેદનું) નામ સાર્થક કરે છે. આ ધ્યાનના પ્રભાવે મુનિનું મન સમતારસમાં લીન બને છે. ।।૬।।

**પર્યાયાદિક ભાવના ભાવતાં, એણીપરે બહું અભ્યાસે રે;**
**જ્ઞાન પ્રકાશ ઘણું ઘણું દીપે, દૂરમતિ દૂર પણાસે રે. શુ....।।૭।।**

આ પ્રમાણે ઘણા અભ્યાસથી પર્યાય વગેરેની ભાવના ભાવતા આત્મામાં જ્ઞાન પ્રકાશ ઘણો દેદિપ્યમાન(ઝળહળતો) બને છે અને દુર્મતિ દૂર થાય છે. ।।૭।।

**હવે બીજુ એકત્વ વિતર્ક, અપ્રવિચાર કહેવાય રે;**
**તિહાં રૂપી દ્રવ્યનો એકજ, ચિત્તે ચિંતે પર્યાય રે. શુ....।।૮।।**

હવે બીજું એકત્વવિતર્કઅપ્રવિચાર નામનું શુક્લધ્યાન કહેવાય છે. જેમાં રૂપી દ્રવ્યનો એક જ પર્યાય ચિત્તમાં વિચારે છે. ।।૮।।

**શબ્દ અર્થ યોગાદિકનો ઈહાં, પરાવર્ત નવી હોય રે;**
**શ્રુત આરાધે એક પ્રકારે, મનથીર થાયે સોય રે. ।।૯।।**

અહીં (આ બીજા ભેદમાં) શબ્દ, અર્થ અને યોગ વગેરેનું પરાવર્તન હોતુ નથી અહીં સ્થિર મનથી એક પ્રકારે જ શ્રુતની આરાધના થાય છે. ।।૯।।

**સકલ કલ્પનાજાલ નિવારી, કરતો એહનો અભ્યાસ રે;**
**વાયુ રહિત ઠામે જેમ દીપક, મન નવિ ડોલે તાસ રે. શુ...।।૧૦।।**

આ ધ્યાનમાં બધી જ કલ્પના (સંકલ્પ-વિકલ્પોની) જાળ દૂર કરવાનો અભ્યાસ થાય છે. પવનથી રહિત સ્થાનમાં જેમ દિપકજ્યોત સ્થિર થાય છે તેમ આ ધ્યાનના ભેદથી તેમનું મન સ્થિર થાય છે. ।।૧૦।।

**અંગે વ્યાપ્યું વિષ જેમ મંત્રે, ગારુડી ડંકે આણે રે કંઠે ?**
**તેમ જગ વ્યાપક મન એક ઠામે, આણે મુનિ એ ધ્યાને રે. શુ....॥૧૧॥**

જેમ કોઈકના શરીરમાં વ્યાપેલું વિષ ગારૂડીક મંત્રથી ડંખના ભાગમાં જેમ સ્થિર કરે છે તેમ આ ધ્યાનમાં મુનિ જગમાં વ્યાપક (ભટકતા) એવા મનને એક જ પર્યાય પર સ્થિર કરે છે. ॥૧૧॥

**બહુ ઈંધણથી અલગો કીધો, આણ્યો થોડા માંહી રે;**
**તત્ક્ષણ અગ્નિ શમે જેમ આપે, વિણ નિરાદિ ઉપાહી[૧૫] રે. શુ....॥૧૨॥**

**એમ સંકલ્પ અવાર નિવારી, આણે મન એકાંતે રે;**
**અનુક્રમે અતિ સુખમાં લય પામી, આપે પામી શાંતિ રે. શુ.....॥૧૩॥**

જેમ અગ્નિમાંથી મોટાભાગનાં ઈંધણથી દૂર કરી માત્ર થોડાક ઇંધણવાળો અગ્નિ જેમ પાણી વગેરે સાધન વગર જ શાંત થાય છે.

તેમ અનેક સંકલ્પોને દૂર કરી મનને એકાંતમાં સ્થિર કરતો (મુનિ) અનુક્રમે અત્યંત સમુખમય બનતો શાંતિનો અનુભવ કરે છે. ॥૧૨-૧૩॥

**એહ ધ્યાન મહીમાએ નાસે, ચાર કર્મ ઘન ઘાતી રે;**
**કેવલનાણ લહે તે નિર્મલ, મુનિવર અપ્રતિપાતી રે. શુ.....॥૧૪॥**

આ ધ્યાનના મહિમાથી ચાર ઘાતી કર્મનો ક્ષય કરી મુનિવર અપ્રતિપાતી નિર્મળ એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. ॥૧૪॥

**પુરવધરને એહ કહ્યા તે, પ્રાયિક જાણો ઝાણો[૧૬] રે;**
**નહિં તો અવર સાધુ ને સાધવી, કિમ પામે નિર્વાણો રે. શુક્લ....॥૧૫॥**

શુક્લધ્યાનના પહેલા બે પાયા પૂર્વધરને હોય આ વચન પ્રાયિક (મોટાભાગે) જાણવું. જો આવું ન હોય તો અન્ય સાધુ સાધ્વીજીને નિર્વાણ કેવી રીતે પ્રાપ્ત થાય ? ॥૧૫॥

૧૫. ઉપાહી - જળ વિગેરેની ઉપાધી કર્યા વિના. ૧૬. ઝાણોરે - ધ્યાન.

**નાણી મુનિવર જાણી ધ્યાવે, એહ ધ્યાન સુખ કામી રે;**
**કોઈક અણજાણતો પિણ પામે, જેમ મરુદેવા પામી રે. શુ...॥૧૬॥**

અનંતસુખના કાંક્ષી જ્ઞાની મુનિવર આ ધ્યાનને પ્રયત્નપૂર્વક એના પ્રભાવથી પરિચિતપણે ધ્યાવે છે અને કોઈક મરૂદેવા માતાની જેમ સહજ રીતે પણ આ ધ્યાનના પ્રભાવે અનંત સુખને પ્રાપ્ત કરે છે. ॥૧૬॥

**જેમ સંયમ જાણી લીચે બહુ જન, જાણ્યા વિણ પણ પાવે રે;**
**જીવ તણે અતિ શુભ પરિણામે, તથા ધ્યાન પણ આવે રે. શુ....॥૧૭॥**

જેમ સંયમને ઘણા લોકો પ્રયત્નપૂર્વક "આવું સંયમ છે" તેમ જાણી ગ્રહે છે તો કોઇક જીવ અતિ શુભ પરિણામના પ્રભાવે સહજ રીતે સંયમ ગ્રહે છે તેમ જીવના અતિશુભ પરિણામથી પણ આ ધ્યાન તેઓને આવે છે. ॥૧૭॥

**એ તો આગમને અનુસારે, અભ્યાસે જે આવે રે;**
**તાસ સ્વરૂપ કહ્યું શુભ ભાવે, ભાવે તે સુખ પાવે રે. શુક્લ....॥૧૮॥**

આ ધ્યાન આગમના અનુસાર અને અભ્યાસના પરિણામે થાય છે તેનું આ સ્વરૂપ શુભ ભાવથી મેં (ભાવવિજયજીએ) કહ્યું છે. તેના કારણે ઇચ્છિત સુખને હું પ્રાપ્ત કરું છું. ॥૧૮॥

## ઢાળ - ૭

### રાગ - ભવીચાં, સિધ્ધચક્ર પદ વંદો.

**જે છદ્મસ્થ યતિને આવે, તેહ કહ્યા એ દોય;**
**હવે દોય કહીએ તે અંતે, જે કેવલીને હોય રે, મુનિવર !**
**શુક્લધ્યાન આરાધો, જેમ કામિત ફલ સાધો રે. મુનિ....॥૧॥**

છદ્મસ્થ યતિને જે આવે તે શુક્લધ્યાનના બે ભેદ કહ્યા હવે અંતે કેવલીને જે હોય તે ધ્યાનના બે ભેદને કહું છું. હે મુનિવર! આરાધો શુક્લધ્યાને જેનાથી ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય છે. તેવા

શુક્લધ્યાનને આરાધો. ॥૧॥

**મુગતિ સુગતિ અવસર જબ રુંધે, મન વચ કાયા જોગ;**
**ભાવ સૂક્ષ્મ તનુ યોગે થાયે, ત્રીજા ભેદનો યોગ રે. મુનિ....॥૨॥**

મુક્તિ સ્વરૂપી સુગતિને પ્રાપ્ત કરતી વખતે જ્યારે કેવલી મન (બાદર સૂક્ષ્મ), વચન (બાદર સૂક્ષ્મ), કાયાના યોગને (બાદર) રૂંધે ત્યારે સૂક્ષ્મ કાયયોગના ભાવથી શુક્લધ્યાનના આ ત્રીજા ભેદનો યોગ થાય છે. ॥૨॥

**સુક્ષ્મ કિરિયા હોયે તેહમાં, ન ચલે શુભ પરિણામ;**
**તે માટે તસ સુક્ષ્મ કિરિયા, અનિયટ્ટી તે નામરે. મુનિ....॥૩॥**

આ ધ્યાનમાં માત્ર સૂક્ષ્મક્રિયાનો યોગ હોય છે. તેથી કરીને શુભ પરિણામ ચંચળ બનતા નથી તેથી આ ધ્યાનનું નામ સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી છે. ॥૩॥

**તેરસમે ગુણઠાણે અંતે, એહ ધ્યાન મુનિ ભાવે;**
**ચઉદમે ગુણઠાણે જબ પહુચે, તવ તસ ચોથું આવે રે. મુનિ...॥૪॥**

તેરમાં ગુણઠાણાના અંતે આ ધ્યાન (કેવળજ્ઞાની) મુનિને હોય છે. ચૌદમા ગુણસ્થાને જ્યારે મુનિ (કેવલી) પહોંચે ત્યારે તેને ચોથું ધ્યાન આવે છે. ॥૪॥

**સૂક્ષ્મ પણ કિરિયા નહિ એહમાં, નહિ એહનો પ્રતિપાતી;**
**સમુચ્છિન્ન કિરિયા અપ્રતિપાતિ, તેહ ભણી એહ વિખ્યાતિ રે. મુનિ....॥૫॥**

આ ધ્યાનમાં સૂક્ષ્મ ક્રિયા પણ હોતી નથી અહીંથી પ્રતિપાતી (પડવાનું) પણ હોતું નથી. સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી નામથી આ ધ્યાન પ્રસિદ્ધ બન્યું છે. ॥૫॥

**અવર સાધુ ને જે મનથિરતા, તે કહ્યું ધ્યાન પ્રધાન;**
**યોગનિરોધ જે તનુથિરતા, જિનને તેહીજ ધ્યાન રે. મુનિ....॥૬॥**

(કેવલી સિવાય અન્ય) સાધુને મનની જે સ્થિરતા હોય તે જ ધ્યાન કહ્યું છે જ્યારે યોગ નિરોધમાં કાયાની જે સ્થિરતા છે આવું આ ધ્યાન જિનેશ્વરને હોય છે. ॥૬॥

**એહ ધ્યાનને અંતે મુનિવર, કર્મ શેષ સવિ વારી;**
**છંડી દેહ જાએ લોકાંતે, થાયે શિવસુખ ધારી રે. મુનિ....॥૭॥**

આ ધ્યાનના અંતે મુનિવર સવિ કર્મોને ખપાવે છે અને દેહને છોડી અંતે લોકાંતે જાય છે અને શિવસુખને પામે છે. ॥૭॥

**કેવલ નાણી કેવલ દર્શી, તેહ સદા ગતમોહ;**
**જન્મ જરા મરણાદિક નહિ તસ, નહિ તસ દુઃખ સંદોહ રે. મુનિ....॥૮॥**

શિવસુખને મેળવેલા તે જીવો કેવળજ્ઞાની, કેવળદર્શી અને હંમેશા મોહથી રહિત હોય છે. વળી તેઓને જન્મ, જરા અને મરણ હોતા નથી તેમજ કોઈ પણ દુઃખો હોતા નથી. ॥૮॥

**જિનજીએ પણ જગમાં જેહનું,**
**કો ન કહ્યું ઉપમાન;**
**તેહ અનંત સુખ સિદ્ધિ લહે તિંહા,**
**નિરુપાધિક અસમાનરે. મુનિ....॥૯॥**

જિનેશ્વર પ્રભુએ પણ જેની જગતમાં ઉપમા ન મલે તેવું સુખ તેનું કહ્યું છે આ અનંતસુખ, નિરૂપાધિક સુખ તથા બીજાથી ચડીયાતુ સુખ સિદ્ધશીલામાં પ્રાપ્ત કરે છે. ॥૯॥

**અલખ નિરંજન પરમ જ્યોતિ વલી, પરમ પુરુષ જગદિશ;**
**એહવા નામે જપે તસ ભાવે, ભાવ મુનિ નિશદિશ રે. મુનિ....॥૧૦॥**

અલખ, નિરંજન, પરમજ્યોતિસ્વરૂપ, પરમ પુરુષ, જગદીશ એવા નામે સિદ્ધભગવંતોને ભાવથી લોકો જપે છે (યાદ કરે છે) એવું ભાવવિજયજી મુનિ કહે છે. ॥૧૦॥

## ઢાળ - ૮

### રાગ- પરજ-મુજ મતિ તુજ ગુણે એમ જિનરાજ...

**શુક્લધ્યાન તણા સંક્ષેપે, એમ કહ્યા ચાર પ્રકાર;**
**એહ ધ્યાનકેરાં હવે લક્ષણ, ચાર કહું સુવિચાર. ।।૧।।**

**ગુણવંતા મુનિવર, સેવીયે નિત્ય શુભ ધ્યાન;**
**કર્મ રોગ હરવાને જગમાં, જે છે અમૃતસમાન. ગુણ... ।।૨।।**

એ પ્રમાણે શુક્લધ્યાનના ચાર પાયા સંક્ષેપથી કહ્યા. હવે એ ધ્યાનના ચાર લક્ષણ કહુ છું. હે ! ગુણવંતા મુનિવર આ શુભ ધ્યાનને તમે નિત્ય સેવો. કર્મરોગને દૂર કરવા જગતમાં આ ધ્યાન અમૃત સમાન છે. ॥૧-૨॥

**દેવાદિક ઉપસર્ગ કરે તવ, નવિ બીહે ગુણ ગેહ;**
**પીડા પણ મન નાણે તેહની, પહેલું લક્ષણ એહ. ગુણ...।।૩।।**

દેવ વગેરે ઉપસર્ગ કરે ત્યારે આવા મુનિવર બીલકુલ ડરતા નથી. તેની પીડા પણ મનમાં રાખતા નથી. આ શુક્લધ્યાનનું પહેલું લક્ષણ છે. ॥૩॥

**દેવાદિક માયાથી અથવા, સુક્ષ્મ ભાવ સંદેહ;**
**તાસ સંમોહ ઉપાઈ ન શકે, બીજું લક્ષણ એહ. ગુણ...।।૪।।**

દેવ વગેરે માયાથી અથવા સૂક્ષ્મ ભાવના સંદેહથી (સંશયથી) તેમને કોઈ સંમોહિત કરી શકતા નથી. આ તેનું બીજું લક્ષણ છે. ॥૪॥

**તનુ અલગો જીવ ચિંતવે, જીવથી સચલ સંયોગ;**
**શુક્લ તણું એ લક્ષણ ત્રીજું, દુર હરે સવિ સોગ. ગુણ...।।૫।।**

આ ધ્યાનમાં મુનિ શરીરથી અલગ એવા જીવ અને જીવથી અલગ સંયોગને વિચારે છે. બધા શોકને દૂર કરનારું શુક્લધ્યાનનું આ ત્રીજું લક્ષણ છે. ॥૫॥

**અતિ નિરાગપણે કરીને કરે, ઉપધિ શરીરની સાર;**
**ચોથું એહ કહ્યું જે ન કરે, મમતા તાસ લગાર. ગુણ....।।૬।।**

અત્યંત વિરાગી બની ઉપધિ અને શરીરની સંભાળ કરે છે જેનાથી તે જીવને મમતા બિલકુલ રહેતી નથી એવું આ ચોથુ લક્ષણ કહ્યું. ।।૬।।

**લક્ષણ ચાર કહ્યાં એમ એહનાં, હવે આલંબન ચાર;**
**તેહ કહું હવે જીણે ધ્યાને, ચઢતો હોય આધાર. ગુણ...।।૭।।**

આમ શુક્લધ્યાનના ચાર લક્ષણ કહ્યા. હવે ચાર આલંબન કહે છે. જેના આધારે જીવ આ ધ્યાન ઉપર ચઢે છે. ।।૭।।

**કોપાટોપ નિવારક ઉપશમ, પ્રથમ આલંબન હોય;**
**માનમથન સુકુમાલપણું જે, મનતણું બીજું સોય. ગુણ...।।૮।।**

ક્રોધના આવેશને દૂર કરનાર ઉપશમ એ પ્રથમ આલંબન છે. માનને હણનાર મનનું સુકુમાલપણું (નમ્રતા) જે શુક્લધ્યાનનું બીજું આલંબન છે. ।।૮।।

**દંભ વિદારણ સરલપણું જે, તે ત્રીજું ગતદોષ;**
**લોહ ઝોહ સંક્ષોહ વિડારણ, ચોથું જાણ સંતોષ. ગુણ....।।૯।।**

દંભને દૂર કરનારું સરળપણું તે ત્રીજું આલંબન છે અને લોભ રૂપી તૃષ્ણાની ચંચળતાને દૂર કરનારું એ ચોથું આલંબન સંતોષ છે. ।।૯।।

**આલંબન એમ કહ્યા શુક્લનાં સયલ દુરિત વનદાવ;**
**ભાવ કહે હવે કહું એહની, ભાવના ભવજલ નાવ. ગુણ...।।૧૦।।**

આમ સકળ પાપરૂપી દાવાનળને દૂર કરનારા શુક્લધ્યાનના ચાર આલંબન કહ્યા. હવે ભવસમુદ્રમાં નાવ સમા શુક્લધ્યાનની ભાવનાને ભાવવિજયજી કહે છે. ।।૧૦।।

## ઢાળ - ૯

### રાગ- કર્પૂર હોવે અતિ ઉજલોરે.

**આદિ નહિ સંસારનીરે, છેડો પણ નવી હોય,**
**કર્મે પ્રેર્યો જીવડોરે, તિહાં બહુરડવડે સોય;**
**સોભાગી, ભાવો ભાવ વિશાલ....**
**જે ઓલખે શુભ ધ્યાનને રે,**
**જેમ જનની નિજ બાલ સોભાગી....॥૧॥**

સંસારની જ્યાં શરૂઆત નથી કે અંત નથી એવા સંસારમાં જીવ કર્મના બંધન થી રઝળપાટ, રખડપટ્ટી કરે છે, માટે હે સૌભાગ્ય-શાળી જીવો ! શ્રેષ્ઠ ભાવના ભાવો. ॥૧॥

જેવી રીતે માતા પોતાના બાળકને સારી રીતે ઓળખે છે. તેવી રીતે શુભ ધ્યાનને ઓળખી તેને ધ્યાવો. ॥૨॥

**ભમતો એહ સંસારમાં રે, જીવ અનંતી વાર;**
**નર તિરિ નારક દેવતા રે, પામ્યો બહુ અવતાર. સોભાગી....॥૨॥**

આ સંસારમાં અનંતીવાર ભમતા-ભમતા જીવે નરક તિર્યંચ, મનુષ્ય, દેવતા એ ચારે ગતિમાં અનેકવાર જન્મ મરણના ફેરા કર્યા છે. ॥૨॥

**જાતિ યોનિ જગ તે નથી રે, તે નવિ લોકપ્રદેશ;**
**જીહા મુજ જીવે નવી લહ્યો રે, જન્મ વિનાશ કિલેશ. શોભા....॥૩॥**

કોઇ એવી જાતિ કે યોનિ આ સંસારમાં બાકી નથી વળી કોઈ લોકપ્રદેશ બાકી નહી હોય જ્યાં મારા જીવે જન્મ-મરણનાં દુઃખ સહન કર્યા ન હોય. ॥૩॥

**એમ ભમતો પણ જીવડો રે, મુઢ ન પામે ખેદ;**
**ધર્મ ન સાધે નિર્મલો રે, જે કરે કર્મ વિછેદ. સોભાગી...॥૪॥**

આટઆટલું ભમવા છતાં પણ મૂઢ એવો આ જીવ જરાપણ

નિર્વેદ પામતો નથી. જે કર્મનો નાશ કરે છે એવો નિર્મળ ધર્મ કરતો નથી. ॥૪॥

**એમ અનિત્યભાવ ભાવના રે, પ્રથમ કહે અરિહંત;**
**હવે પરિણામની ભાવના રે, બીજી સુણ ગુણવંત. સોભાગી...॥૫॥**

આમ અનિત્યભાવની પહેલી ભાવના અરિહંત પરમાત્માએ કહી. હવે અશરણભાવના પરિણામની પરિવર્તનશીલ પદાર્થોની બીજી ભાવના હે ગુણવંત ! તું સાંભળ. ॥૫॥

**પલટાયે સવિ દ્રવ્યનાં રે, જગ બહુવિધ પરિણામ;**
**તે સુરવર પણ થિર નહિ રે, જે લવસત્તમ નામ. સોભાગી.....॥૬॥**

જગતમાં દરેક દ્રવ્યના પરિણામો બહુ ઝડપથી બદલાતા રહે છે. લવસત્તમ નામના દેવો (અનુત્તરવાસી દેવો) પણ સ્થિર થઈ શકતા નથી. ॥૬॥

**તો બીજા સુર નરતણાં રે, સુખ સંપત્તિ પરિવાર;**
**થિર કરી જે મન ચિંતવે રે, તેહની બુધ્ધિ અસાર. સોભાગી....॥૭॥**

તો પછી અન્ય દેવો કે મનુષ્યોના જે સુખ-સંપત્તિ તથા પરિવારને સ્થિર (કાયમી) માને છે તેવું માનનારી તેની બુદ્ધિ અસાર છે. ॥૭॥

**એ કહી બીજી ભાવના રે, ત્રીજી એ સુવિચાર;**
**એમ સંસાર અસારતા રે, ચિત્ત ચિંતે અણગાર.સોભાગી....॥૮॥**

આ બીજી ભાવના કહી. આવી રીતે સંસાર અસાર છે એવું મુનિ ચિંતવે તે ત્રીજી ભાવના છે. જે નીચે મુજબ છે. ॥૯॥

**ઋધ્ધિવંત પણ સુર ચવી રે, તિરિગતિમાં જાય;**
**જલ થલ ખેચરપણું લહે રે, એકેંદ્રી પણ થાય.સોભાગી.....॥૯॥**

ઋદ્ધિવંત એવો દેવ પણ ચ્યવીને તિર્યંચગતિમાં જાય છે.

વળી તે જલચર, સ્થલચર, ખેચરમાં તેમ જ એકેન્દ્રયમાં પણ જાય છે. ||૯||

**હરી[૧૭] સઘળા કેઈ ચક્કવઈ રે, બીજા પણ બહુ ભૂપ;**
**સુખ સંપદ ઈહાં ભોગવી રે, પામે દુરગતિ કૂપ. સોભાગી.....||૧૦||**

બધા વાસુદેવ, કોઇક ચક્રવર્તી, બીજા પણ ઘણા રાજાઓ અહીં સુખ-સંપત્તિ ભોગવીને દુર્ગતિના કૂવામાં પડે છે. ||૧૦||

**યૌવન રુપ કલાદિકે રે, જે હોય બહુ મદવંત;**
**તે હોય પરભવે કીડલા રે, જઈ અશુચી વસંત.સોભાગી....||૧૧||**

જે જીવને પોતાના રૂપ, યૌવન કલા પ્રત્યે ગર્વ કે અભિમાન હોય તે બીજા ભવમાં અશુચિમાં કીડા રૂપે જન્મે છે. ||૧૧||

**એમ સંસારે વિટંબના રે, ઈહ પરભવ બહુવાર;**
**પામે બહુ પરે જીવડો રે, તે ભવ કેમ હોય સાર.સોભાગી...||૧૨||**

આ રીતે સંસારમાં જીવ આ ભવ અને પરભવમાં ઘણીવાર અને ઘણો ત્રાસ ભોગવે છે. તો આવો સંસાર કેમ સારભૂત થાય ? ||૧૨||

**એમ ત્રીજીએ ભાવીએ રે, ચોથીએ સુણ મિત્ત;**
**દોષ ઘણા આશ્રવ તણા રે, ભાવો ભૂવન(ભાવના?) પ્રતિત.સો. ||૧૩||**

આ પ્રમાણે ત્રીજી ભાવનાનું ચિંતન કરવું જોઈએ. આ સંસારમાં આશ્રવ (કર્મબંધ) એ ઘણા દુઃખોનું કારણ બને છે જે પ્રત્યક્ષ છે તેવી ચોથી ભાવનાને હે મિત્ર ! તું સાંભળ. ||૧૩||

**કર્મ બંધાયે જેહથી રે, તે આશ્રવ કહેવાય;**
**મિથ્યામતિ અવિરતિ વલી રે, યોગ પ્રમાદ કષાય.સોભાગી....||૧૪||**

જેનાથી કર્મ બંધાય છે તેને આશ્રવ કહેવાય છે. તેમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ આવે છે. ||૧૪||

---

૧૭. હરી - વાસુદેવ બધા.

**કર્મ એહથી ઉપજે રે, કર્મ હોય ભવ પોષ;**
**ભવ ભમતા દુઃખ અતિ ઘણાં રે, ઈમ આશ્રવ બહુ દોષ.સોભાગી...॥૧૫॥**

ઉપરોક્ત આશ્રવથી કર્મ બંધાય છે, વળી તે કર્મ સંસારને (આશ્રવને) વધારનારા છે. આવી રીતે ભવમાં ભમતાં-ભમતાં ઘણા દુઃખ જીવ પામે છે. આમ, આશ્રવના દોષ ઘણા છે. ॥૧૫॥

**એમ શુભ ભાવના ભાવતા રે, નાસે દુરમતિ દ્વંદ;**
**શુક્લધ્યાન દીપે ઘણું રે, અશુભ ટલે પ્રતિબંધ.સોભાગી....॥૧૬॥**

આવી રીતે આ બધી શુભભાવના ભાવતા દુર્મતિના યુદ્ધ દૂર થાય છે અને શુક્લધ્યાન ઘણું ઉજ્જવળ બને છે. અશુભ કર્મોના અનુબંધ અટકી જાય છે. ॥૧૬॥

**ભાવના વર ઔષધ રસે રે, વાસ્યું વારોવાર;**
**શુક્લધ્યાન દીપે ઘણું રે, ટાલે કર્મ વિકાર. સોભાગી....॥૧૭॥**

ભાવનાથી વારંવાર વાસિત થવાય છે કારણ કે આ શુભ ભાવનાઓ ઔષધિરૂપ છે. તેથી શુક્લધ્યાન ઘણું ઉજ્જવળ બને છે અને કર્મોના વિકારોને દૂર કરે છે. ॥૧૭॥

